राष्ट्रीय विरासत संस्था श्री ग्रामदक्षिणामूर्ति ट्रस्ट द्वारा प्रकाशित

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## विज्ञान सर्वत्र पूज्यते : उत्सव

## વિજ્ઞાન પ્રચાર-પ્રસાર સપ્તાહ

ઉદ્‌ઘાટક : કુલપતિશ્રી મહીપતસિંહજી ચાવડા અને કુલનાયકશ્રી રાજેન્દ્રભાઇ ખીમાણી



સ્થળ: સારસ્વત ભવન, લોકભારતી    તારીખ: ૨૨-૦૨-૨૦૨૨, મંગળવાર

"લોકભારતી પોતે જ એક લોકવિજ્ઞાન કેન્દ્ર તરીકે કાર્યરત રહ્યું છે."

વર્ષ: ૭૫    અંક : ૦૮    ૧૫ માર્ચ, ૨૦૨૨

## વિજ્ઞાન પ્રચાર-પ્રસાર સપ્તાહ : ઉદ્ઘાટન



વિજ્ઞાનનગરી-ભાવનગર ખાતે શુભારંભ



પંડિત સુખલાલજી લોકવિદ્યાલય- માઈધાર ખાતે શુભારંભ

## વિજ્ઞાન પ્રચાર-પ્રસાર સપ્તાહની પ્રવૃત્તિઓ




ખગોળ વિજ્ઞાનનો સ્લાઈડ-શો અને રાત્રી આકાશદર્શન સમગ્ર સપ્તાહનું આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું.







# કોડિયું

વર્ષ : ૭૫ | માર્ચ : ૨૦૨૨ | અંક : ૦૮


## અનુક્રમણિકા


૦૧ **યુદ્ધ અને વિશ્વશાંતિ** ...૪૪૩
વિશાલ ભાદાણી
૦૨ **રામચંદ્ર ગુહા સાથે પ્રશ્નોતરી** ...૪૪૫
મુનિ દવે
૦૩ **મરિયમ મિર્ઝાખાની : ઈરાની મહિલા ગણિતશાસ્ત્રી** ...૪૪૮
પ્રા. ડૉ. રેખાબેન મહેતા
૦૪ **શિક્ષણસંસ્થામાં આયોજનનું મહત્ત્વ** ...૪૫૦
અશોક સોમપુરા
૦૫ **દ્રાક્ષની સુકવણી અને મૂલ્યવર્ધન** ...૪૫૪
દિશિતા એન. ધમસાણિયા
૦૬ **નિર્વાણનાં ૭૪ વર્ષ પછી જનનાયક ગાંધીને યાદ કરવાનું કારણ** ...૪૫૬
ડૉ. નાનક ભટ્ટ
૦૭ **જ્યાંથી મળે અભાવની કવિતા અને સમભાવનો Wiki વ્યાપ : અનંત રાઠોડ** ...૪૫૮
ભૂષણ ઓઝા
૦૮ **બા અને બાપુ – દાંપત્યનું એક સુગંધી ચિત્ર** ...૪૬૧
સોનલ પરીખ
૦૯ **હર કી દૂન** ...૪૬૪
ભાણદેવજી
૧૦ **ખાદી ગ્રામોદ્યોગ માટે હાઈપાવર કમિટી** ...૪૭૧
મનુભાઈ મહેતા
૧૦ **જીવનની ગરિમાના સંવાહક** ...૪૭૩
નારાયણ શાહ
૧૧ **જરા હસીએ** ...૪૭૫
સંકલિત
૧૨ **સંસ્થા સમાચાર** ...૪૭૬
પ્રશાંત મહેતા

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)

**સંપાદક-મંડળ:**
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**◆ સૂચના ◆**

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆**

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**◆ લવાજમ ◆**

વાર્ષિક રૂ. ૧૫૦/-

## તંત્રીસ્થાનેથી...

**હૈયે હરખ ન માય!**

ઓચિંતાનો દિલ્હીથી 'ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નૉલૉજી'ના વિજ્ઞાન પ્રચાર-પ્રસાર વિભાગમાંથી ડૉ. અરવિંદ રાનડેનો ફોન આવ્યો- 'આઝાદીકા અમૃત મહોત્સવ' નિમિત્તે દેશભરમાંથી પસંદ થયેલ ૭૫ કેન્દ્રોમાં તમારી પસંદગી થઈ છે! ગુજરાતમાંથી પસંદગી પામેલ ત્રણ પૈકી એક કેન્દ્ર 'લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્ર' છે.

૨૬ જાન્યુઆરી ૧૯૭૨માં ઘરઆંગણેથી શરૂ કરેલા આ કેન્દ્રએ આજે ૫૦ વર્ષે આવડી મોટી ઉજાણીરૂપે ભેટ ધરી! સંસ્થાના કોઠાર વિભાગના વપરાયેલા કોલસાના કોથળાને ફાડીને બાવળની થાંભલીઓ ખોડીને ઊભાં કરેલાં પ્રદર્શનસ્થળોથી પ્રારંભાયેલી આ યાત્રા આજે પચાસ વર્ષે જાણે અભિનંદનની વર્ષાથી ભીંજવી ગઈ. આટલા અંતરિયાળ વિસ્તારમાં કામ કર્યું પણ તેણે ક્યાં સુધી પહોંચાડ્યા?

૧૯૭૨થી માંડીને ૨૦૨૨ સુધીમાં આ વિજ્ઞાન પ્રચાર-પ્રસાર સફરમાં જ્યારે જ્યારે જેની અને જેટલી જરૂર પડી ત્યારે સાવ અજાણી વ્યક્તિઓ અને સંસ્થાઓ તરફથી ખરે સમયે મદદ મળ્યા કરી છે. મારા રૂ. ૪૪૦/-ના પગારમાંથી ૧૯૭૨માં હું રૂ. ૫૦/- આ કામમાં વાપરતો. મારું ગમતું, મોજીલું, નિજાનંદ બક્ષતું આ કામ મારામાં અકલ્પ્ય ઊર્જા-સંચાર કરતું ગયું. શરૂઆતમાં કદાચ મને તપાસવા સંસ્થાએ આનાકાની કરી હશે પણ પછી જે અનુકૂળતાઓ આપી, એણે વાર્તાની કુંવરીની જેમ "રાતે ન વધે એટલી દિ'એ અને દિ'એ ન વધે એટલી રાતે"ની જેમ મારા પ્રાણપ્રિય વિજ્ઞાનકેન્દ્રને વિકસવા દીધું. મારે પૂરી નમ્રતા સાથે કહેવું છે કે સંસ્થાએ જ્યારે અને જેટલી જવાબદારીઓ સોંપી એ પૂરી નિષ્ઠાથી ગુણવત્તાસભર નિભાવીને મારા અંગત સમયમાંથી આ ગમતી પ્રવૃતિનો ગુલાલ ઉડાડતો રહ્યો છું. પચીસેક દેશોમાં જવાનું થયું, બાવીસેક સંસ્થાઓનો ટ્રસ્ટી થયો, હજારો વ્યાખ્યાનો આપ્યાં, સેંકડો રેડિયો-ટી.વી. કાર્યક્રમો કર્યા. સઘળી આવક આ કેન્દ્રને સમર્પિત. લાખો રૂપિયાના એવૉર્ડ્ઝ અને હજારો રૂપિયાના ટીએ-ડીએ પણ અર્ચનાની ઉત્સાહભેરની સંમતિથી વિજ્ઞાન કેન્દ્ર પાછળ જ મોજથી ખર્ચી રહ્યાં છીએ. ઘરેણાં-કપડાં કે અન્ય કોઈ શોખે ક્યારેય આમાં ભાગ ન પડાવ્યો એ પ્રભુકૃપા જ ગણું છું. અસંખ્ય વડીલો, મિત્રો, પદાધિકારીશ્રીઓ, દાતાઓ, સ્વજનો અને સંસ્થાનો હું ઋણી છું. અંધશ્રદ્ધા નિર્મૂલન સહિતની સંપૂર્ણ વિજ્ઞાનક્ષેત્રની પ્રવૃત્તિઓ જ કરતા હોવા છતાં અનુભવો એવા થતા રહ્યા છે કે પરમતત્ત્વ પ્રત્યેની શ્રદ્ધા વધુને વધુ દૃઢ બનતી રહે છે. જ્યારે હું પૈસા માટે જરાકેય અટક્યો હોઉં, ત્યારે તરત જ જરૂર જેટલા આવી જ જાય. છેલ્લે હમણાં જરૂર પડી, કામ એવું હતું એટલે કોઈ પાસે માગવાનુ મન ન થયું. સાવ ઓચિંતા ગાંધીનગરથી પત્ર આવ્યો એક 'હાઈ પાવર કમિટિ'ના સભ્ય તરીકે નિમણૂક કરી છે, જલ્દી આવો. મારે સંકોચ સાથે બે વખત પૂછવું પડ્યું, કારણ કે એક બેઠકનું આવવા-જવા-જમવા-વાટ ખર્ચ ઉપરાંત રૂ.૨૫૦૦૦/-નું સિટિંગ એલાઉન્સ હતું! મારી જરૂરી રકમ આવી ગઈ અને સમિતિનો કાર્યકાળ પૂરો થઈ ગયો! ખેલ ખતમ. પૂ. બળવંતદાદાએ આપેલી ચેકબુક તો આ જન્મારે ખલાસ થવાની જ નથી. મોજે દરિયા...

બસ, આ જન્મારે ઈશ્વર જરૂર પૂરતાં સર્જનાત્મક કાર્યોના નિમિત્ત બનાવી નિજાનંદમાં નવરાવ્યા કરે એ જ પ્રભુ પ્રાર્થના. મારી ગેરહાજરીમાં પણ લોકવિજ્ઞાન કેન્દ્ર ચાલતું રહે એવી શુભ લાગણીથી લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના ખાતે પચાસ લાખ રૂપિયાનું અલગથી કોર્પસ ફંડ પણ કરી આપ્યું છે. જે કાંઈ થયું અને થશે એ મા લોકભારતીનાં ચરણોમાં સમર્પિત છે. અને હવે અમને તો આ નાનાં-મોટાં બાળકોમાં રવીશનો જ ચહેરો દેખાય છે એટલે થાકવાનું કે અટકવાનું બનવાનું જ નથી.

## પચ્ચીસીને પ્રભાતે

પચ્ચીસ વર્ષ થઈ ગયાં! હજુ તો ગઈ કાલની જ વાત. બુદ્ધજયંતી હતી. કાકાસાહેબના હાથે લોકભારતીનું ઉદ્‌ઘાટન થવાનું હતું. અમે નક્કી કરેલું કે જાતમહેનતથી ઉદ્‌ઘાટન કરવું, એટલે વહેલી સવારે કોદાળી-પાવડા લઈ અમે ખેતરે પહોંચી ગયા હતા. ઢેફાં ભાંગીને ઉદ્‌ઘાટન કરવું હતું.

અમે અકિંચન જ હતા. આંબલાથી થોડી ગાયો અને થોડાં પુસ્તકો સિવાય કંઈ લાવ્યા નહોતા. એક છાપરું પણ નહોતું. ગામના લોકોએ ભલાઈથી ધર્મશાળા કાઢી આપેલી, તેમાં અમે અધ્યાપકો અને વિદ્યાર્થીઓ રહેતા. ભોંય ખાડાખૈયાવાળી. વર્ગનો ઓરડો અલગ નહીં. જ્યાં બેઠા ત્યાં નિશાળ. વિશાળ લીમડાનો ઓટલો એ જ અમારી પ્રાર્થનાભૂમિ અને ભોજનશાળા.

ધીમે ધીમે મકાન ઊભાં થયાં. ગૌશાળાના મકાનમાં વધારાની ગમાણમાં બિસ્તરા નાખ્યા, વિદ્યાર્થીઓએ જમાવ્યું. આખું પ્રાંગણ વેરાન હતું. એકબે ભૂત જેવા ખીજડા હતા ફક્ત. આજે એ જ જગ્યાએ નાનાં-મોટાં ત્રણેક હજાર વૃક્ષો લહેરાઈ રહ્યાં છે. આંબા, ચીકુ, સોનામહોર જેવા બોર, ટોપલેટોપલા લીંબુ, ફાલસા, શેતુર, જાંબુડા. ફૂલોનો પણ પાર નહીં. નર્સરીમાં ઈસ્માઈલદાદાના વારસા સમી ગુલાબની કંઈ કેટલીય જાત મહેકે છે. આજુબાજુનાં ગામડાંમાં અહીંનાં ફળઝાડ, ફૂલછોડ, સંકર કપાસ-બાજરી, ટ્રોમ્બેની મગફળી, મેક્સિકોની જાતોમાંથી ઉપજેલા ઘઉં, નવા એરંડા, નવું જીરું પહોંચી ગયાં છે.

અને વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ પણ કોઈ કેરી જેવાં, કોઈ બોર જેવાં, કોઈ ખાટા લીંબુ જેવાં, કોઈ ખટમધુરા ફાલસા જેવાં, તો કોઈ બોગનવેલિયા જેવા રુક્ષ અને નક્કર — ગુજરાતમાં ચારે બાજુ વિસ્તર્યાં છે અહીંના સેંકડો સ્નાતક-સ્નાતિકાઓ, તાલીમી મંત્રીઓ, તાલીમ પામેલા સરપંચો! દેશની મહાન સંસદમાં ને ગુજરાત ધારાસભામાં પણ અંગૂઠા ઠેરવીને બેઠા છે. તળાજા, ગીર, કચ્છની સૂકી ભોં, અને એનાથી ક્યાંય આઘા ધૂણી ધખાવીને બેઠેલા છે અહીંના તપસ્વીઓ.

વ્યક્તિજીવનનો એકાંગી વિકાસ થઈ શકતો નથી. થાય તો સમતોલનને અભાવે તૂટી પડે છે. રાષ્ટ્રજીવનનો પણ આ જ કાયદો છે. પુસ્તકિયું જ્ઞાન વધારો અને કર્મપ્રવણતા ન વધારો તો એ જ્ઞાનનો અપચો થઈ જશે. વ્યાપાર વધારો અને ખેતી વિકસાવો, પણ નાણાં ધીરનાર બેંકો ન આપો તો ગાડું ખોટકાઈ જાય.

લોકભારતીમાં અમે એક સમતોલ કેળવણી આપવા મથ્યા છીએ. ખેતી-રસાયણવિજ્ઞાન ભણનાર શાકુન્તલ ન ભણે એવું નહીં. અને પ્લેટોથી માર્ક્સ સુધીનો રાજનીતિશાસ્ત્રનો વિકાસ ભણનારો, કમ્પોસ્ટના ખાડા ખાલી ન કરે એવું નહીં. કારીગરી અને માણસાઈનો સુમેળ જમાવવાનો છે.

સ્વામી વિવેકાનંદે બેલૂર આશ્રમ સ્થાપ્યો. ત્યારે કોઈકે કહ્યું, 'સ્વામીજી, તમારો સંન્યાસીનો આદર્શ શું છે? સ્વામીજીએ કહ્યું, 'મારો સંન્યાસી વેદાંતની સૂક્ષ્મતમ ચર્ચા કરતો હશે, પણ બીજી જ પળે તેને કહેવામાં આવશે, તો શાક ઉતારી, ટોપલો માથે મૂકી, બજારમાં છેતરાયા વિના વેચી આવી શકશે.'

આ આદર્શથી અમે દૂર છીએ, છતાં તે જ આરાધ્ય છે.

એટલે અમે રોજ જપીએ છીએ 'અવિદ્યયા મૃત્યું તીર્ત્વા વિદ્યયા અમૃતમશ્નુતે' - અવિદ્યા એટલે ભૌતિક વિદ્યાઓની મદદથી મૃત્યુલોકને તરીને વિદ્યા એટલે કે અધ્યાત્મવિદ્યા વડે જીવનમાં શાંતિનો અનુભવ કરો.

- મનુભાઈ પંચોળી 'દર્શક' (૧૯૭૮)

## ૦૧. ગ્લોબલ

# યુદ્ધ અને વિશ્વશાંતિ

સંકલન-વિશાલ ભાદાણી

---

યુદ્ધનો જો વિગતવાર હિસાબ-કિતાબ માંડવામાં આવે, તો અંતે એમાં દરેકનો પરાજય નજરે આવે, જે વિજેતાઓ છે તેમનો પણ. યુદ્ધનાં અનેક ખરાબ પરિણામો આવે છે, પણ એનો 'ફાયદો' એક જ હોય છે; લોકોને શાંતિની કિંમત સમજાઈ જાય છે.

**પ્રથમ મહાયુદ્ધઃ**

સૈનિકોનાં મૃત્યુ - ૯,૯૧૧,૦૦૦

નાગરિકોનાં મૃત્યુ- ૭,૭૦૦,૦૦૦

માનવતાને નુકસાન- ૧૭,૬૧૧,૦૦૦

**દ્વિતીય મહાયુદ્ધઃ**

સૈનિકોનાં મૃત્યુ- ૨૪,૦૦૦,૦૦૦

નાગરિકોનાં મૃત્યુ- ૪૯,૦૦૦,૦૦૦

માનવતાને નુકસાન- ૭૩,૦૦૦,૦૦૦

**કોરિયન યુદ્ધઃ**

સૈનિકોનાં મૃત્યુ-૭૫૯,૯૨૭

નાગરિકોનાં મૃત્યુ- ૩,૦૦૦,૦૦૦

માનવતાને નુકસાન- ૩,૭૫૯,૯૨૭

**વિયેતનામ યુદ્ધઃ**

સૈનિકોનાં મૃત્યુ-૧,૩૪૪,૨૫૯

નાગરિકોનાં મૃત્યુ- ૨,૦૦૦,૦૦૦

માનવતાને નુકસાન- ૩,૩૪૪,૨૫૯

**અફઘાનિસ્તાન યુદ્ધઃ**

સૈનિકોનાં મૃત્યુ- ૧૨૧,૯૮૮

નાગરિકોનાં મૃત્યુ- ૪૬,૩૧૯

માનવતાને નુકસાન- ૧૬૮,૩૦૭

માનવતાને કુલ નુકસાન-૯૭,૮૮૩,૪૯૩

આમાં કોઈનો પતિ, કોઈનો પિતા, કોઈનો દીકરો, કોઈનો ભાઈ, કોઈનો મિત્ર, કોઈની માતા કે બહેન કે પત્ની કે દીકરી હતાં અને એ ખુવારી બન્ને પક્ષે હતી. એમાં, કેટલાય પરિવારો, શહેરો, સમાજો, કેટલાય ધંધા-રોજગાર અને પ્રતિભાઓ ખતમ થઈ ગઈ હતી અને કેટલીય પેઢીઓ લંગડી થઈ ગઈ હતી.

આ આંકડા અંદાજિત છે, અને માત્ર મોટાં અને વર્તમાન ઇતિહાસનાં યુદ્ધોના જ છે. વિશ્વમાં અત્યારે ૪૦થી પણ વધુ એવી જગ્યાઓ છે, જ્યાં યુદ્ધ જેવી જ સ્થિતિ છે. આપણે પૂરા માનવજીવનના ઇતિહાસનાં નાનાં-મોટાં યુદ્ધોનો હિસાબ-કિતાબ કરવા બેસીએ, તો તેની ખુવારી ગણતરીમાં કે દિમાગમાં ન બેસે એટલી હશે. આપણે 'શાંતિ'થી રહેવા યુદ્ધ કરીએ છીએ!

-રાજ ગોસ્વામી

૧. શાંતિ માટે જેટલો વધુ પરસેવો પાડીએ એટલું ઓછું લોહી યુદ્ધમાં વહે છે. - નોર્મન શવૉટઝકોફ

૨. જો જુઠ્ઠાણાંથી યુદ્ધ શરૂ કરી શકાય તો સત્યથી તેને બંધ પણ કરી શકાય. - જુલિયન એસેન્જ

૩. એક વિચારશીલ પ્રાણી તરીકેની માણસની નિષ્ફળતા એટલે યુદ્ધ - જ્હોન સ્ટેઇનબેક

૪. દરેક યુદ્ધ એક છેતરપિંડી છે. — સુનત્ઝુ

૫. મને ખબર નથી કે ત્રીજું વિશ્વયુદ્ધ કેવા હથિયારોથી લડાશે પણ હા, ચોથું વિશ્વ યુદ્ધ ચોક્કસપણે પથ્થર અને લાકડીઓથી લડાશે. - આલ્બર્ટ આઈન્સ્ટાઈન

ॐ सह नाववतु ।
सह नौ भुनक्तु।
सह वीर्यं करवावहै ।
तेजस्विनावधीतमस्तु मा विद्विषावहै ।।
ॐ शान्तिः शान्तिः शान्तिः ।।
-કઠોપનિષદ

૬. બુઢ્ઢાઓ યુદ્ધની ઘોષણાઓ કરે છે પણ મરે છે તો જુવાનિયા. - હર્બર્ટ હુવર

૭. જ્યારે સંવાદ મરે છે ત્યારે યુદ્ધ જન્મે છે. - માગરિટ એટવુડ

૮. શાંતિના સમયમાં દીકરો બાપની અંતિમક્રિયા કરે છે અને યુદ્ધમાં બાપ દીકરાની. - હેરોડોટસ

૯. સારું છે કે યુદ્ધ ભયાનક છે, નહીંતર આપણને એ ગમવા લાગે. - રોબર્ટ લી

૧૦. કોઈને પણ મારવું પાપ છે; પણ આપણે જ્યારે લોકોને સમૂહમાં મારીએ છીએ ત્યારે વિજયગાથાનાં નગારાં વગાડાવડામાં આવે છે. - વૉલ્તેર

ॐ पूर्णमदः पूर्णमिदम् पूर्णात् पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ।
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥
-ઈશાવાસ્યમ

૧૧. શાંતિ દરમિયાન જે પ્રશ્નો જન્મે છે તેને ન ઉકેલવા માટેની છટકબારી એટલે યુદ્ધ. - થોમસ માન

૧૨. મારા સંતાનો ગણિત અને ફિલોસૉફી ભણી શકે એટલા માટે મારે યુદ્ધ અને રાજનીતિ ભણવા પડે - જહોન એડમ્સ

૧૩. જો યુદ્ધ આપણી તાસીર જ હોય તો કોઈને મારવા માટેની તાલીમ લેવા શા માટે જવું પડે? - જોન બાઇઝ

૧૪. યુદ્ધમાં પહેલું મૃત્યુ સત્યનું થાય છે. - હીરામ જોહન્સન

૧૫. ક્યારેક એવું થશે કે એ લોકો યુદ્ધનું રણશિંગુ વગાડશે પણ લડવાવાળું કોઈ નહીં હોય. - કાર્લ સેન્ડબર્ગ

ॐ द्यौः शान्तिरन्तरिक्षं शान्तिः
पृथिवी शान्तिशपः शान्तिशेषधयः शान्तिः ।
वनस्पतयः शान्तिर्विश्वेदेवाः शान्तिर्ब्रह्म शान्तिः
सर्वं शान्तिः, शान्तिरेव शान्तिः सा मा शान्तिरेधि ।

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥
- યજુર્વેદ

૧૬. આપણે પ્રગતિ નથી કરી એવું તમે ન કહી શકો, જુઓને આપણે દરેક યુદ્ધમાં માણસને નવી નવી રીતે મારતાં જઈએ છીએ. - વીલ રોજર્સ

૧૭. પતનનું વિજ્ઞાન એટલે યુદ્ધ. - જહોન એબોટ

૧૮. ગમે તેટલું જરૂરી હોય, ન્યાયિક હોય તો પણ યુદ્ધ એ ગુનો છે. - અર્નેસ્ટ હેમિંગ્વે

૧૯. શૌર્યના નકાબમાં છૂપાયેલ ડર એટલે યુદ્ધ. - વિલિયમ વેસ્ટમોરલેન્ડ

૨૦. પરદેશ સાથે ત્યારે જ યુદ્ધ થાય જ્યારે દેશના શ્રીમંતોને એનો લાભ થવાનો હોય. - જ્યોર્જ ઓરવેલ

ॐ असतो मा सद्गमय ।
तमसो मा ज्योतिर्गमय ।
मृत्योर्माऽमृतं गमय ।
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥
બૃહદારણ્યક ઉપનિષદ

૨૧. જ્યારે શરૂ હોય ત્યારે નહીં, યુદ્ધનું બિલ પછીના વર્ષોમાં ભરવાનું હોય છે.
- બેન્જામિન ફ્રેંકલીન

૨૨. એવું કોઈ યુદ્ધ નથી જે બધાં જ યુદ્ધોને અટકાવી શકે. — હારુકી મુરાકામી

૨૩. રાજા માટે વ્યાપાર એટલે યુદ્ધ. — જહોન

૨૪. યુદ્ધ એ સૌથી મોટો દૈત્ય છે, એટલે એમાં વપરાતી તમામ વસ્તુઓ દાનવી હોય છે. - હર્મન મેલ્વીલે

૨૫. શાંતિનો કોઈ રસ્તો નથી, શાંતિ જ રસ્તો છે. - ગાંધીજી

सं गच्छध्वं सं वदध्वं, सं वो मनांसि जानताम् ।
देवा भागं यथा पूर्वे संजानाना उपासते ॥
- ઋગ્વેદ

# ૦૨. સાંપ્રત

## રામચંદ્ર ગુહા સાથે પ્રશ્નોતરી

સંકલનઃ મુનિ દવે

*બંધારણ ઘડાયાનાં ૭૨ વર્ષ બાદ પ્રજાસત્તાક ભારતનો અનુભવ કયા સ્તરે પહોંચ્યો છે?*

એક રીતે જોતાં લોકશાહી વધુ ઊંડાણમાં ગઈ છે. આજે આપણા રાષ્ટ્રપતિ અન્ય પછાત જ્ઞાતિમાંથી આવ્યા છે. મમતા બેનર્જી કોઈ રાજનૈતિક કુટુંબ કે સંસ્થામાંથી નથી આવ્યાં અને ખરા અર્થમાં આપબળે તૈયાર થયેલાં છે. આપણી મતોની ઊંચી સંખ્યા હજુ જળવાઈ રહી છે. આપણા મોટાભાગના ઉદ્યોગપતિઓ કોઈ મોટા ધનાઢ્ય કુટુંબમાંથી - ટાટા, બિરલા કે અદાણીમાંથી - નથી આવ્યા.

બીજી રીતે જોતાં, આપણે સતત નીચે જઈ રહ્યા છીએ, ખાસ તો આપણી જાહેર સેવાઓની ગુણવત્તા, ક્ષમતા અને અસરકારકતાની બાબતે. આપણી જાહેર સેવાઓ, ન્યાયતંત્ર અને સમાચારમાધ્યમો તેમનાં સ્વાભાવિક સ્તરથી નીચા સ્તરે કામ કરી રહ્યાં છે, એટલા નીચા સ્તરે કે આપણા બંધારણના ઘડનારાઓએ તો તેની કલ્પના પણ નહીં કરી હોય. ન્યાયતંત્રની સુસ્તી અને ન્યાય આપવામાં થતો વિલંબ, સમાચારમાધ્યમો જે રીતે રાજકર્તાને વશ થઈ ગયા છે, કેવી રીતે સરકારી અધિકારીઓ અને પોલીસો બંધારણના નિયમોને ભૂલી જઈને તેમના રાજકીય સાહેબોની સેવામાં લાગેલા છે. જો આંબેડકર અને તેમના સાથીઓએ આ ગંદકી અને બગાડ જોયો હોત તો તેઓ આઘાતમાં ધ્રૂજી ગયા હોત. આપણો સંસ્થાકીય બગાડ જો કે છેલ્લા ઘણાં વર્ષોથી શરૂ થઈ ગયો છે. તે માત્ર આ સરકારને કારણે જ નથી. તે કોંગ્રેસની સરકારોના સિત્તેરના દાયકાથી શરૂ થયેલો. હાલમાં, અલબત્ત, આજની સરકાર વિવાદાસ્પદ સામ્પ્રદાયિકતા સામે એકદમ મૌન છે. તેને કારણે સામ્પ્રદાયિક સંસ્થાનોની પડતી થઈ છે, જેની આપણને ચિંતા થવી જોઈએ.

ભારત જેવા વિશાળ અને જટિલ દેશમાં ક્યારેય બાબતો એકદમ સીધી લીટીમાં ન ચાલે. તેને કારણે ઇતિહાસકાર ૧૫-૨૦ વર્ષ પહેલાં જે બનતું હતું તેની સરખામણીએ આજે જે બની રહ્યું છે તેના વિશે કોઈ ચુકાદો ન આપી શકે. પણ મારો વચગાળાનો અભિપ્રાય એ છે કે આ પ્રજાસત્તાક દેશનો ચોથો સૌથી મોટો સંક્રમણ કાળ અથવા તો કટોકટી છે. પહેલો હતો ૪૦ના દાયકામાં દેશનું વિભાજન. બીજો હતો ૬૦ના દાયકામાં—ચીન અને પાકિસ્તાન સાથેનાં યુદ્ધો, આકરા દુકાળો અને ખોરાક માટેનાં રમખાણો. ત્રીજો હતો કટોકટી. અને હવે આ ચોથો. બાકીની દુનિયા આ જાણે છે, ભલે આપણામાંના કેટલાક કોઈ બાબત સામે આંગળી ચીંધે. કાં તો આજની સરકાર કહેશે કે ભારત આજે પહેલાં કરતાં વધુ શક્તિશાળી અને આદરણીય બન્યો છે, જે વાત એકદમ જ બકવાસ છે, અથવા તો વિરોધપક્ષને માત્ર મોદી મુખ્ય કારણ તરીકે દેખાશે. પણ સંસ્થાઓની પડતી, સામ્પ્રદાયિક ઉત્પાત અને આખરે પર્યાવરણના પૂરપાટ વેગે થતા ધોવાણનું શું? ભલે મોસમમાં બદલાવ ના હોય, ભારત આજે પર્યાવરણ-ધોવાણનાં આકરાં પરિણામો ભોગવી રહ્યું છે; આર્થિક, સામાજિક અને આરોગ્યની બહુ મોટી કિંમત ચૂકવી રહ્યું છે. ભારત અગાઉની કટોકટીઓમાંથી બહાર આવી ગયું છે, તેણે પોતાનું નવનિર્માણ કર્યું છે અને સંસ્થાકીય મૂલ્યોને પુનઃ સ્થાપિત કર્યાં છે. હું નથી કહી શકતો કે આ કટોકટીને અંતે શું થશે.

*ભાજપે માત્ર ચૂંટણીમાં જ જીત નથી મેળવી, પણ લોકોની વિચારધારામાં પણ ઘૂસણખોરી કરી છે. તેણે હકીકતોને બદલી નાખી છે. આવું કેવી રીતે બન્યું?*

જ્યારે હું મનમોહનસિંગની સામે નરેન્દ્ર મોદી અને અમિત શાહને મૂકું છું અથવા રાહુલ ગાંધી સામે અમિત શાહને મૂકું છું ત્યારે મને ડબલ્યુ.બી. યેટ્સની કવિતા યાદ આવે છે - 'જ્યારે સૌથી અનિષ્ટ વાત લાગણીની તીવ્રતાથી

કહેવાય ત્યારે બધી ખાતરીઓના અભાવમાં એ શ્રેષ્ઠ લાગે છે.' કોઈએ નરેન્દ્ર મોદીની રાજકીય બુદ્ધિને ઓછી ન આંકવી જોઈએ. મને લાગે છે કે અમિત શાહની રાજકીય બુદ્ધિને વધારે પડતું મહત્ત્વ અપાઈ રહ્યું છે. તે ચાલાક અને ભેદભાવ ઊભો કરનાર, ઘૂસણખોર છે, પણ મોદી વાતને સમજે છે. તેને ખબર છે કે હકીકતોને કેવી રીતે બદલી નાખવી. ભાજપે તેમના હીરો તરીકે બે આજીવન કોંગ્રેસીઓ પટેલ અને બોઝનો કબજો કરી લીધો છે. તે બતાવે છે કે તેઓ કેટલા હોંશિયાર છે. પણ, અલબત્ત, એ કોંગ્રેસ જ છે જેણે તેમને એ બે ધરી દીધા છે. પણ રાજ્યસ્તરે મોદી પાસે બૌદ્ધિક કશું નથી. તેમ છતાં મોદીની હોંશિયારી ઓછી ન આંકી શકાય. બહુ ચાલાકીથી પ્રતીકો, નામો, વિચારો રજૂ કરવાં, ભૂતકાળના ઇતિહાસનું પુનઃલેખન કરવું અને ભવિષ્યના અદભુત સપનાંઓ ચીતરવાની આવડતો તેનામાં છે. સ્વાભાવિક છે કે રાહુલ ગાંધી તેનો વિરોધ કરવા માત્ર રાજકીય સ્તરે જ નહીં, પણ બૌદ્ધિક સ્તરે પણ સશક્ત નથી. ઘણી રીતે બન્ને ગાંધીઓ મોદી અને ભાજપના બહુ સારા મિત્રો છે, અને આ વાત દિવસો જતા વધુ ને વધુ સ્પષ્ટ થતી જાય છે. જે કંઈ બની રહ્યું છે તેનો ઇતિહાસ પોતે જ ચૂકાદો આપશે. હું આ પ્રતીકો, વિચારો, પૂતળાંઓ અને આયોજનો ઉપરાંત એ જોઈ રહ્યો છું કે લોકશાહીને ઊંડો ઘસારો પહોંચી રહ્યો છે. મોદીની નજર હેઠળ જે છેલ્લાં આઠ વર્ષોથી થઈ રહ્યું છે તેની આપણને ચિંતા હોવી જોઈએ, ખાસ તો ૨૦૧૯ પછી, જ્યારથી અમિત શાહ પ્રધાનમંડળમાં જોડાયા.

*જમણેરીઓ દ્વારા ઇતિહાસને ફરી લખવાના ઉદ્દેશ વિષે એક ઇતિહાસકાર તરીકે તમે આકારણી કેવી રીતે કરો છો? અને હવે તો એ પ્રક્રિયા ચાલુ પણ થઈ ગઈ છે. તે કેટલે દૂર સુધી જશે?*

જ્યાં સુધી સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી કોંગ્રેસના વડા છે, ત્યાં સુધી તો એ પ્રક્રિયા ચાલુ જ રહેશે. કારણ કે સોનિયા ગાંધીના ઇતિહાસમાં તો કોંગ્રેસ એટલે ગાંધી કુટુંબ જ છે, માત્ર એક વ્યક્તિ સિવાય, મહાત્મા ગાંધી. તેમણે મહાત્મા ગાંધી પૂરતો અપવાદ રાખવો પડે છે. બાકી તો નહેરુ છે, ઇન્દિરા ગાંધી છે અને રાજીવ ગાંધી છે. કોંગ્રેસના મોવડીઓનાં અજ્ઞાન અને સગાવાદની મદદથી આવું પુનઃલેખન થયું છે. એટલા માટે તો ભાજપમાં આટલી હિંમત આવી છે કે તેમણે માત્ર પટેલ પર જ પોતાનો હક નથી જમાવ્યો – એ પટેલ જે ગાંધીજીના જમણા હાથ હતા, અને પછીથી નહેરુના જમણા હાથ થયેલા – અને પછી બોઝ, જેણે પોતાની લશ્કરની બ્રિગેડોનાં નામ ગાંધી બ્રિગેડ, નહેરુ બ્રિગેડ અને આઝાદ બ્રિગેડ રાખેલાં. ભાજપે આ કર્યું કારણ કે સોનિયા ગાંધી અને કોંગ્રેસે પટેલ, બોઝ અને બીજા ઘણાને ભૂલાવી દીધેલા છે. તેમણે ઘણાંને કોરે મૂકેલા—ગોખલે, કમલાદેવી ચટોપાધ્યાય, કામરાજ, શાસ્ત્રી—જે બધાં આજીવન કોંગ્રેસીઓ અને બિનસાંપ્રદાયિક હતા. તો હું માનું છું કે આવું થયું કારણ કે એક કુટુંબે કોંગ્રેસ પાર્ટીને જકડી લીધી. તેઓ કોંગ્રેસથી જેટલા જલ્દી દૂર થાય તે કોંગ્રેસ માટે સારું છે અને ભારતની લોકશાહી માટે પણ સારું છે. મને લાગે છે કે નરેન્દ્ર મોદી અને અમિત શાહ માને છે કે રાજકીય અને સૈદ્ધાંતિક રીતે અને ઇતિહાસના પુનઃલેખનના કારણોસર ગાંધી કુટુંબ કાયમ રહેવું જોઈએ.

*શું તમે એવું માનો છો કે પહેલાં ૬૮ વર્ષો ચિત્તભ્રમ, નૈતિક સ્ખલનનાં હતાં? બહુમતીવાદ પહેલેથી જ હંમેશા રહેલો છે? વાસ્તવમાં ૪૦ના દાયકામાં શું થયું? એવું તે શું થયું કે આપણે 'બિનસાંપ્રદાયિક' બની ગયા અને ૬૮ વર્ષો સુધી રહ્યા? માની લો કે જો ગોડસેએ ગાંધીજીની હત્યા ન કરી હોત, તો આજે આપણે જે જોઈએ છીએ તે થોડું વહેલું આવી ગયું હોત?*

મારા મહાન શિક્ષક, સમાજશાસ્ત્રી આન્દ્રે બેટલીએ મને વર્ષો પહેલાં કહેલું કે ભારતીય સમાજના મૂળભૂત માળખાંઓ(અંતરાયો) છે કુટુંબ, જ્ઞાતિ અને ધર્મ. આધુનિક બિનસાંપ્રદાયિક સિદ્ધાંત એવું કહે છે કે વ્યક્તિએ આમાંથી છૂટવું જોઈએ. આપણા બંધારણ ઘડનારાઓનો, ખાસ તો ગાંધી અને આંબેડકરનો આ પ્રયાસ હતો. એ કોઈ અકસ્માત નથી કે સ્વતંત્રતા બાદ ગાંધીનાં કોઈ સંતાનો રાજકારણમાં ન આવ્યાં. હા, બિનસાંપ્રદાયિક રાષ્ટ્રનું ઘડતર કરવું તે માત્ર ભારતના મૂળ તત્ત્વની વિરુદ્ધ જ નહોતું, પણ દક્ષિણ એશિયાની વિરુદ્ધ પણ હતું. પાકિસ્તાન અને બાંગલા દેશ

મુસ્લિમ-બહુમતી રાષ્ટ્રો છે. નેપાલ હિંદુ છે, તો સિલોન અને મ્યાનમાર બૌદ્ધ બહુમતી ધરાવે છે. ભૂતાને નેપાલી લઘુમતી સાથે જંગાલિયતભરેલું વર્તન કર્યું છે, જ્યારે તુર્કીએ પોતાની લોકશાહી મુસ્લિમ ફન્ડામેન્ટાલિઝમ અને વ્યક્તિવાદી રાજકારણ સાથે ખતમ કરી છે. ભારત હવે આ નિયમો સ્વીકારવા માંડ્યું છે. વિભાજન એ મૂળભૂત પાપ હતું અને ફન્ડામેન્ટાલિઝમ તેની વિરુદ્ધનો પ્રત્યાઘાત છે.

*સાંસ્કૃતિક પ્રતીકો અને પ્રતિમાઓ, ઇતિહાસનું પુનઃલેખન અને હિંદુ જીવનરીતિનાં વિધિવિધાનો – જેવું કાશી વિશ્વનાથમાં કર્યું – તેની અસરો આવતીકાલની પેઢી પર કેવી પડશે?*

હું યુવાનોના બહુ સંપર્કમાં નથી અને હું ભવિષ્યની રૂપરેખા પણ નથી દોરતો. પણ મને ભારતના હિંદુ બહુમતવાદ જેવા પરિવર્તનની ચિંતા થાય છે. તે માત્ર આપણી વિચારવાની રીતો નથી બદલતું પણ એ તાત્કાલિક કરવાનાં કામો, જેવાં કે આર્થિક અને સામાજિક નવીનીકરણ પરથી આપણું ધ્યાન ભટકાવે છે. મોદી પોતાને શહેનશાહ તરીકે જુએ છે. હિંદુ માનસના શહેનશાહ નહીં કે ના તો પ્રથમ હિંદુ શહેનશાહ, તે પોતાને એવું કરતા જુએ છે જેવું શિવાજી કે પૃથ્વીરાજ ચૌહાણ ન કરી શક્યા, એક સંગઠિત રાષ્ટ્રનું સર્જન. આ વિચારથી મને ઠંડીનું લખલખું આવી જાય છે, તે મને ડરાવે છે અને તે ભારતીય પ્રજાતંત્ર માટે બિલકુલ જ સારું નથી.

*ઇન્ડિયા ગેટ પરના અમર જ્યોતિના ઘુમટ નીચે નેતાજીને મૂકવા વિષે ગાંધીજીએ શું કહ્યું હોત?*

નેતાજીનું વ્યક્તિત્વ મંત્રમુગ્ધ કરનારું અને જટિલ હતું. જ્યારે તે ઇન્ડિયન નેશનલ આર્મીના નેતા બન્યા ત્યારે તેમણે ચાર રેજિમેન્ટો બનાવી. એક હતી બોઝ રેજિમેન્ટ. બાકીની ત્રણ હતી ગાંધી, નહેરુ, અને આઝાદના નામે. તેમને તેમના ભૂતકાળના આ સાથીઓ પ્રત્યે ઊંડો આદર હતો અને તેમણે વિચારેલું કે તેઓ કોંગ્રેસની દોરવણી હેઠળ ચાલતી રાષ્ટ્રીય લડતના તેમના ભવિષ્યના સાથીદારો હશે. તે હિંદુ-મુસ્લિમ સંવાદિતાના આગ્રહી હતા, તેમને હિંદુ મહાસભા સાથે આડવેર હતું અને તેવું જ આર.એસ.એસ. સાથે પણ થયું હોત. ૧૯૪૩માં જ્યારે ગાંધી જેલમાં હતા ત્યારે બીજી ઓક્ટોબરે તેમણે આઝાદ હિંદ રેડિયો પરથી હૃદયસ્પર્શી ભાષણ આપેલું જેમાં તેમણે પહેલી વાર ગાંધીજીને ભારતના 'રાષ્ટ્રપિતા' કહેલા. તેમણે કહેલું કે ગાંધી તેમના માટે પ્રેરણા માટેનું ઉદગમસ્થાન હતાઅને તે માત્ર લડત પૂરતા નહીં, પણ સમગ્રપણે. મારા મત મુજબ ગાંધીને કોઈ વાંધો ન હોત જો તેમના સ્થાને બોઝને મૂકે. બન્નેને એકમેક પ્રત્યે અરસપરસ આકર્ષણ હતું. આઈ.એન.એ.ના સૈનિકોએ ગાંધી જોડે નોઆખલીમાં હિંદુ-મુસ્લિમ એકતા માટે કામ કરેલું.

શા માટે ભાજપ બોઝની જન્મજયંતી ઊજવે છે? એક, તેની પાસે સ્વતંત્રતાની લડાઈના પોતાના કોઈ મોટા નેતા નથી. બીજુ, એ નહેરુ નથી અને ત્રીજું, શૂરવીરતા બતાવવામાં એ ભાજપની નજીક છે.

આ બધું થાય છે મૂળ પ્રશ્નો બેકારી, ફૂગાવો, વિશ્વસ્તરે આપણી બગડતી છબી, લઘુમતીઓ પરના હુમલાઓ વગેરે પરથી ધ્યાન હટાવવા. એવું બને કે ૧૫મી ઓગસ્ટે ભાજપ અરવિંદ ઘોષનો જન્મદિવસ ઊજવે.

('ઇન્ડિયન એક્સપ્રેસ' તા. ૨૪-૧-૨૦૨૨.રામચંદ્ર ગુહા લેખક, ઇતિહાસકાર અને સામાજિક કર્મશીલ છે)

અમે લાંબા ડંડામાં સાવરણી બાંધીને સફાઈ કરીએ છીએ તો લોકો અમને સ્વીપર માની બેસે છે. એક વાર આશ્રમમાં મુખ્ય દ્વાર પાસે એક બહેન સફાઈ કરતી હતી. ગામના કોઈએ પૂછ્યું, 'બહેન, તમને સફાઈના કેટલા પૈસા મળે?'

'અમે અહીં પૈસા માટે કામ નથી કરતા.'

'તો શાના માટે કરો છો?'

'સાધના માટે.'

'અચ્છા! સાધના માટે આવાં કામ કરવા પડે?' ગામવાસી માથું ખંજવાળતો ચાલ્યો ગયો.

- કંચન, બ્રહ્મવિદ્યા મંદિર

## મરિયમ મિર્ઝાખાની : ઈરાની મહિલા ગણિતશાસ્ત્રી

પ્રા. ડૉ. રેખાબેન મહેતા

સામાન્યતઃ એવું માનવામાં આવે છે કે વિજ્ઞાનના ક્ષેત્રમાં મહિલાઓનું કામ નહિ, તેમાંયે ગણિતમાં તો ખાસ! ત્યારે આવા ક્ષેત્રમાં ઝળહળતી ફતેહ મેળવનાર મહિલા ગણિતશાસ્ત્રી વિષે જાણવું રસપ્રદ બની રહેશે.

જેમ વૈજ્ઞાનિકો માટે સર્વોચ્ચતાનો માપદંડ 'નોબેલ પ્રાઈઝ' છે, તેમ ગણિતશાસ્ત્રીઓ માટે આવો માપદંડ 'ફિલ્ડ્સ મેડલ'(Fields Medal) છે, જે પ્રત્યેક ચાર વર્ષે ગણિતશાસ્ત્રમાં શ્રેષ્ઠ પ્રદાન કરનાર ૪૦ વર્ષથી ઓછી વયની વ્યક્તિઓને એનાયત થાય છે. નોંધપાત્ર બાબત એ છે કે અત્યાર સુધીમાં આ સન્માન પ્રાપ્ત કરનાર મરિયમ મિર્ઝાખાની પ્રથમ અને એકમાત્ર મહિલા ગણિતજ્ઞ છે!

આવાં ગૌરવશાળી મિર્ઝાખાનીનો જન્મ ૧૨ મે, ૧૯૭૭માં તહેરાનમાં થયો હતો. શાળાજીવન દરમિયાન જ તેમની ગણિતીય પ્રતિભા ઝળકી હતી. 'ઈરાનીયન ગણિત ઑલિમ્પીયાડ'માં તેમને સુવર્ણચંદ્રક મળેલો; એટલું જ નહીં ઈ.સ. ૧૯૯૪માં આંતરરાષ્ટ્રીય ગણિત ઑલિમ્પીયાડમાં પણ તેને સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયેલો. આવું બહુમાન મેળવનાર તે પ્રથમ ઈરાનવાસી હતી. આ જ સ્પર્ધામાં પછીનાં વર્ષે તેણે બે સુવર્ણચંદ્રક મેળવ્યા! તેની ઑલિમ્પીયાડમાં સહભાગી રોયા ઝેવારેહ સાથે મળીને તેણે ઈ.સ. ૧૯૯૪માં ''Elementary Number Theory; Challenging Problems' નામનું પુસ્તક પણ લખ્યું.

માર્ચ ૧૯૯૮માં ગણિતમાં વિશિષ્ટ ક્ષમતાવાળા વિદ્યાર્થીઓની કૉન્ફરન્સ યોજાઈ હતી. મિર્ઝાખાની અને ઝેવારેહ અન્ય વિદ્યાર્થીઓ સાથે બસમાં પરત ફરી રહ્યાં હતાં, ત્યારે તેમની બસને ભયંકર અકસ્માત થયો, જેમાં તેમની જ યુનિવર્સિટીના સાત વિદ્યાર્થીઓનું અવસાન થયું. ગણિતશાસ્ત્રના સદ્ભાગ્યે આ બંને મિત્રો બચી ગયાં!

ઈ.સ. ૧૯૯૯માં શૅરિફ યુનિવર્સિટીમાંથી સ્નાતકની પદવી મેળવી. કૉલેજના અભ્યાસ દરમિયાન જ તેણે એક અઘરા પરિણામની સરળ સાબિતી શોધેલી, જેને કારણે ગણિતવિશ્વમાં તેમનું નામ જાણીતું બન્યું હતું. અમેરિકન મૅથેમેટિકલ સોસાયટીએ પણ તેને ખૂબ બિરદાવેલાં. સ્નાતક થયા બાદ તેઓ હાર્વર્ડ યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસાર્થે ગયાં અને ઈ.સ. ૨૦૦૪માં ડૉક્ટરેટની ઉપાધિ પ્રાપ્ત કરી.ત્યાર બાદ તેમને ક્લૅ ઈન્સ્ટીટ્યુટ અને પ્રિન્સ્ટન યુનિવર્સિટીમાંથી ફેલોશિપ મળતાં બંને સંસ્થામાં થોડો સમય કાર્ય કર્યું. ઈ.સ. ૨૦૦૯માં તેઓ સ્ટેનફૉર્ડ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક બન્યાં.

તેમણે 'રીમાન્ન સરફેસીઝ' નામની ગણિતશાસ્ત્રની શાખામાં સંશોધન કરેલું, જેનો તે શાખામાં જબ્બર પ્રભાવ છે. ત્યારબાદ તેમણે ટાઈશમ્યુલર સ્પૅસ ('Teichmuiller space') અને modular spaceમાં સંશોધન કર્યું આ સંશોધનોની ઉચ્ચ કક્ષાને કારણે ઈ.સ. ૨૦૧૪ના ફિલ્ડમેડલ માટે તેમની પસંદગી થઈ.

મિર્ઝાખાનીએ ઈ.સ. ૨૦૦૮માં ચેકોસ્લોવેકિયન કમ્પ્યૂટર વિજ્ઞાની યાન વાન્દ્રાક સાથે લગ્ન કર્યાં. તેમને અનાહિતા નામની પુત્રી છે.

આવાં મહાન ગણિતશાસ્ત્રીને ૨૦૧૩માં કેન્સરનું નિદાન થયું, જે તેમના શરીરમાં ફેલાઈ ગયેલું, જેને પરિણામે તેઓ માત્ર ૪૦ વર્ષની વયે જુલાઈ, ૨૦૧૭માં અવસાન પામ્યાં.

ફિલ્ડમેડલ તો તેમની કારકિર્દીનો કળશ હતો, પરંતુ તેમની ગણિતીય સિદ્ધિઓમાં અનેક સન્માનો સમાવિષ્ટ છે; જેવાં કે બ્લુમેન્થલ એવોર્ડ, રૂથ લીટેલ પ્રાઈઝ, ક્લે એવોર્ડ

ઈત્યાદિ. તે ઉપરાંત તેઓ અમેરિકાની નેશનલ એકેડમી ઑફ સાયન્સનાં માનદ સભ્ય હતાં. તેઓ અમેરિકન ફિલોસોફીકલ સોસાયટી, અમેરિકન સોસાયટી ઓફ આર્ટ્સ એન્ડ કલ્ચર, ફ્રેંચ એકેડેમી જેવી અનેક મોભાદાર સંસ્થાઓનાં સભ્ય હતાં. ઇરાનમાં જે શાળા અને યુનિવર્સિટીમાં તેમણે અભ્યાસ કરેલો તેમાં પુસ્તકાલય સાથે તેમનું નામ જોડવામાં આવ્યું છે.

ઇન્ટરનેશનલ કાઉન્સિલ ફૉર સાયન્સ તરફથી ૧૨મી મે(મિર્ઝાખાનીનો જન્મદિવસ)ને 'આંતરરાષ્ટ્રીય મહિલા ગણિતજ્ઞ દિન' જાહેર કરવામાં આવ્યો છે.

ઈ.સ. ૨૦૧૯માં તેમના બહુમાનમાં 'મરિયમ મિર્ઝાખાની ફ્રન્ટિયર પ્રાઈઝ'ની જાહેરાત કરાઈ છે, જે પ્રત્યેક વર્ષે આગવું પ્રદાન કરનાર મહિલા ગણિતજ્ઞને આપવામાં આવશે આ ઈનામમી રાશિ ૫૦,૦૦૦ ડૉલર છે અને છેલ્લાં બે વર્ષોમાં ડૉક્ટરેટ પ્રાપ્ત કરનારને અપાશે.

માઈનોર પ્લેનેટ સેન્ટરે લઘુગ્રહ ૩૨૧૩૫૭ને 'મિર્ઝાખાની' નામ આપ્યું છે.

આવાં હોનહાર ગણિતશાસ્ત્રીને સો સો સલામ !

**'વાંચે ગુજરાત'ના પ્રણેતા મહાદેવ દેસાઈની ચિરવિદાય**

મહાદેવ દેસાઈ નામ આવે એટલે મહાત્મા ગાંધીના સાથી મહાદેવ દેસાઈ જ સામે આવે. એ મહાદેવ દેસાઈનું અવસાન ૧૯૪૨ની પંદરમી ઑગસ્ટે થયું હતું, આ મહાદેવ દેસાઈ ૨૦૨૨ની ૨૬મી જાન્યુઆરીએ અવસાન પામ્યા.

મહાદેવભાઈ નવસારીના. અતિસ્પષ્ટ વિચારો, નક્કર સૂચનો અને પ્રામણિક અભિપ્રાયો એ એમની લાક્ષણિકતાઓ. જીવન પણ એવું જ - પ્રામાણિક, સ્પષ્ટ, સીધી લીટીનું. ક્યાંય કોઈ અસ્પષ્ટતા, ઢીલાપોચાપણું નહીં. કામમાં ડૂબેલા રહેવાનો સ્વભાવ. કામના પ્રકાર બે. એક તો વ્યવસાય. પોતે આર્કિટેક્ટ અને કન્સલ્ટન્ટ હતા. બીજું કામ, દેશની ચિંતા કરવાનું. પહેલા કામે આર્થિક સદ્ધરતા આપી, પણ કદી કોઈ દેખાડો નહીં, કોઈ ભપકો નહીં. સાદું જીવન જીવે અને માળી, ડ્રાઈવરથી માંડી મુખ્યમંત્રી સાથે એકસરખા વિવેક અને ઉષ્માથી વાત કરે.

જાહેરજીવનમાં નક્કર ફિકર કરનારાઓ ઓછા હોય છે. મહાદેવભાઈ નક્કર સમસ્યાઓ હાથમાં લે અને એના નક્કર ઉકેલ શોધીને જ જંપે. નવસારીની વિખ્યાત સયાજી લાયબ્રેરી સાથે નિકટતાથી સંકળાયેલા. બાળકોમાં ને કિશોર વયના વિદ્યાર્થીઓમાં વાચનવૃત્તિ ખીલે, માતૃભાષાનું સંવર્ધન થાય અને એ માટે સરકાર શું શું કરી શકે એ એમનું વર્ષોનું કામ. આ અનુભવ 'વાંચે ગુજરાત' અભિયાનમાં પલટાયો. આખો પ્રોજેક્ટ તૈયાર કરી ગાંધીનગર ગયા અને તે વખતના ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા. મુખ્યમંત્રીએ આખી યોજના ધીરજપૂર્વક સમજી લીધી અને તમામ મદદ આપી. આખા રાજ્યમાં 'વાંચે ગુજરાત' યોજના અમલમાં મુકાઈ. મહાદેવભાઈએ એના અમલની જવાબદારી બહુ નિષ્ઠાપૂર્વક સંભાળી.

અનેક મોટા માણસો સાથે ઘનિષ્ઠ ઓળખાણો, પણ એનો દેખાડો કદી ન કરે. હા, આવા સંપર્કો થકી સમાજ માટેના જેન્યૂઇન કામ આગળ ધપાવવાનાં હોય તો એમાં સંકોચ ન રાખે.

મહાદેવભાઈ એટલે સાદી, સત્ત્વશીલ જીવનશૈલી, સમૃદ્ધ વિચારો અને પરિપક્વ વર્તન. ગુજરાતના અનેક અગ્રણીઓથી માંડી દેશના વડાપ્રધાન સુધીના મહાનુભાવોએ ૨૬ જાન્યુઆરીએ પોતાના બ્લ્યૂ ટિક વાળા વેરીફાઇડ ટ્વિટર હૅન્ડલથી એમને શ્રદ્ધાંજલિ આપી.

(સૌરભ શાહની કટાર 'ગૂડ મોર્નિંગ'ના ૨૯ જાન્યુઆરીના લેખનો અંશ)

## શિક્ષણસંસ્થામાં આયોજનનું મહત્ત્વ

અશોક સોમપુરા

શિક્ષણનો વિકાસ એ માનવ વિકાસની સાથે સાથે રાષ્ટ્રઘડતર અને તેની ઉન્નતિમાં ખૂબ જ ઉપયોગી અને અસરકારક ભાગ ભજવે છે. શિક્ષણનાં અનેકવિધ અંગો છે. તેના અનેક પાસાંઓ છે. આ બધાં જ અંગો મૂળભૂત રીતે ગુણવત્તાનું ધ્યાન રાખી કામ કરે, તે કામો સવેળા પૂરાં થાય તો તેની અસર લાંબાગાળે તેને સ્પર્શતા દરેક અંગોમાં ખૂબ સારી પડતી હોય છે. આજે તો કામ પૂરું થાય તેવી માનસિકતા અને ઉતાવળ થાય છે. તે જરૂરી છે, પણ તે પૂરતું નથી. કામ તેની ગુણવત્તા સાથે સંપન્ન થાય તે પણ એટલું જ જરૂરી છે. આ માટે આવાં કાર્યો ક્યારે? કેવી રીતે? કેટલા દિવસમાં? ક્યાં સાધનો કે માનવ શક્તિ સાથે પૂરાં કરવાનાં છે, તેનો આગોતરો વિચાર-વિમર્શ કરવો જરૂરી છે. આ બાબતને સાદી ભાષામાં આયોજન કે પ્લાનિંગ કહીએ તો તે ખોટું નથી.

આજે આયોજન કે પ્લાનિંગનો વિચાર ખૂબ ઓછો થાય છે. ઘણી સંસ્થાઓ, એકમો કે ક્યાંક સરકારી ખાતાઓમાં પણ આયોજનનો અભાવ ક્યારેક દેખાઈ આવતો હોય છે. આજે આયોજન કે પ્લાનિંગમાં કરવાનાં થતાં કામોમાં આપણી શ્રદ્ધા અને ઉત્સાહ વધારીએ તે જરૂરી છે. આયોજન સાથે કામ પૂરું કરનારાઓને સફળતા મળે છે. શિક્ષણનો સાચો જીવ શિક્ષણ માટે વધારાના કામને “બોજ” ગણતો નથી.

આપણે વિદ્યાર્થી સુધી પહોંચવાનું છે. તે માટે આપણો નિત્ય સ્વાધ્યાય હોવો જોઈએ. તેની સાથે આપણે અનુબંધ કેળવી શકીએ તે જરૂરી છે. મહાન ચિંતક ખુસરોએ કહ્યું છે કે દરિયાનું પાણી ચાખીએ તો ખારું લાગશે, પણ ઊંડા ઊતરીએ તો મોતી મળે છે. આથી વિદ્યાર્થી અને અંતે સારા નાગરિકના ઘડતરમાં આયોજન ખૂબ જ ઉપયોગી પુરવાર થાય છે.

શિક્ષણના વિવિધ અંગોની સફળતા માટેના આયોજનોના સ્વરૂપ, કદ અને તેની અનેકવિધ પદ્ધતિ જુદી જુદી હોઈ શકે છે. આને કેન્દ્રમાં રાખી થયેલા આયોજનથી સફળતા મળે છે.

શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જરૂરી આયોજન કરવામાં આવે તો વર્ષ દરમિયાન કામ કરવામાં સરળતા રહે છે. શિક્ષક સજાગ રહે છે. વિદ્યાર્થી પણ તેનાથી પ્રભાવિત થતો રહે છે. ભવિષ્યના કામની અગાઉથી જાણ હોવાથી વિદ્યાર્થી પોતે પણ અભ્યાસ, પરીક્ષા, ઈત્તર પ્રવૃત્તિઓ અને ઘરકામમાં પણ સ્પષ્ટ અને નિશ્ચિત બને છે. સરળતાથી વિવિધ તૈયારી કરવામાં તેને અનુકૂળતા રહે છે.

આવાં આયોજન બે પ્રકારનાં હોય છે, અંદરનાં અને બહારનાં. વિદ્યાર્થીની અંદર જે રહેલું છે, તેને પણ બહાર લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. વિદ્યાર્થી વધુ શીખે અને પોતાના વિચારો નિર્ભયપણે વ્યક્ત કરતો થાય તેવી પ્રવૃત્તિઓનું પણ આયોજનમાં સ્થાન હોવું જોઈએ. જો આવાં કામમાં ભાવના ભળે તો સફળતાની મજબૂતાઈ વધે છે. આજે શિક્ષણમાં ઘણો અસંતોષ જોવા મળે છે. ત્યારે કામ માટેની આયોજન સાથેની નિષ્ઠા આવે તો અસંતોષ દૂર કરી શકે છે.

અભ્યાસ અને ઘડતર સાથેના આયોજનમાં ઈત્તરપ્રવૃત્તિનું પણ અગત્યનું મહત્ત્વ છે. ઈત્તર પ્રવૃત્તિ એ વધારાની કે શિક્ષણ વગરની પ્રવૃત્તિ છે એવી માન્યતા રાખવી યોગ્ય નથી.

આયોજનના વિવિધ પાસાંની રૂપરેખા નીચે મુજબ હોઈ શકે.

વિભાગ - શૈક્ષણિક કાર્યઃ-

૧. વર્ગખંડ શિક્ષણકાર્ય

૨. ઉચ્ચ સિદ્ધિ માટેની તૈયારી

૩. પુસ્તકાલય

૪. પ્રયોગશાળા

૫. મૌલિકતાનો વિકાસ

૧. વર્ગખંડ શિક્ષણઃ-

વર્ગખંડનું શિક્ષણ સહકારયુક્ત વાતાવરણમાં થાય. પાઠના અધ્યયન પછી કોઈ પ્રશ્નોત્તરી કે ચર્ચામાં વર્ગનો દરેક વિદ્યાર્થી નિર્ભયપણે ભાગ લે. તેમ જ વિદ્યાર્થી વર્ગમાં કોઈપણ બાબતે અપમાનિત ન થાય. તાસનાં આયોજન વ્યવસ્થિત થાય, તેની વિચારણા કરવી જોઈએ. તમામ વિષયના અભ્યાસક્રમનું આયોજન કરવું.

૨. ઉચ્ચ સિદ્ધિ અભિગમ યોજનાઃ-

અભ્યાસમાં તેજસ્વી વિદ્યાર્થીનો વિકાસ વધારે ગતિ પકડે તેનું આયોજન શાળાકક્ષાએ થવું જરૂરી છે. સાથે સાથે અભ્યાસમાં કચાશ ધરાવતા વિદ્યાર્થીઓની કચાશ દૂર કરવાની વિચારણા-વ્યવસ્થા આયોજનમાં થવી ઘટે. આ માટે દરેક વિષયશિક્ષક આવા અભ્યાસમાં કચાશ ધરાવતા વિદ્યાર્થીઓને પૂરતી દોરવણી આપે અને જરૂર પડે તો શાળા સમય પછી પણ વધારાના વર્ગનું આયોજન પણ થોડા દિવસ પૂરતું કરી શકાય. અભ્યાસક્રમના આયોજન વખતે આની વિચારણા થઈ શકે.

૩. પુસ્તકાલયઃ-

શાળાના પુસ્તકાલયનો ઉપયોગ વિદ્યાર્થી દ્વારા ખૂબ ઓછો થતો અનુભવાય છે. શાળાકીય આયોજન વખતે દરેક વિદ્યાર્થીમાં પુસ્તકો માટે રસ-રૂચિ વધે તેમ જ તે અઠવાડિયે એકાદ-બે વખત પુસ્તકાલયની મુલાકાત લે, તેવી ગોઠવણીનું આયોજન થાય તે જરૂરી છે. આમ થવાથી તેનામાં જ્ઞાન અને માહિતીનો વધારો થશે. તેની ભાષાશૈલી સમૃદ્ધ થશે. વાચનની ટેવ પડશે. પરિણામે ઘણીયે વખત પ્રશ્નો કે જુદી જુદી સમસ્યા વખતે તે પોતાના વિચારો રજૂ કરવાની ક્ષમતા કેળવી શકશે. આ શૈક્ષણિક કાર્યનો જ એક ભાગ છે.

૪. પ્રયોગશાળાઃ-

પ્રયોગશાળામાં વિદ્યાર્થી સક્રિય રહે તેવું આયોજન જરૂરી છે. પ્રયોગને લગતા સંદર્ભગ્રંથો અને પુસ્તકો હાથવગાં રાખી શકાય. પ્રયોગશાળામાં સાધનોની ગોઠવણી સરળ હોવી જોઈએ. સાધનો તેજ ગતિથી સહજ રીતે મળવાં જોઈએ. જે તે પ્રયોગના દિવસે, એને એ જ સમયે તેની ગણતરી, તેના ગ્રાફ કે ક્યારેક સરકીટ કાર્ય પૂરા કરવા જોઈએ. મહિનામાં એકાદ વખત વિજ્ઞાન શિક્ષકની સભા યોજી કાર્યનું અવલોકન તેમ જ તેમાં ક્યા સુધારા-વધારાને અવકાશ છે તે નક્કી કરી શકાય.

૫. મૌલિકતાનો વિકાસઃ-

વિદ્યાર્થીમાં મૌલિકતાનો વિકાસ થાય તે માટે સમયાંતરે નિબંધસ્પર્ધા કે ચિટ્ઠીચર્ચાનું આયોજન કરી શકાય. શાળાની વિદ્યાર્થીસભા વખતે વિદ્યાર્થીમાં વકતૃત્વ ખીલે તેનો પણ આયોજનમાં સમાવેશ થઈ શકે. આમ થવાથી તે વિવિધ જ્ઞાન, માહિતી મેળવતો થશે. તેમ જ પુસ્તક કે સંદર્ભગ્રંથનો સહારો લેતો થશે. આ એક પ્રકારનું પરોક્ષ રીતનું શૈક્ષણિક કાર્ય જ છે.

વિભાગ- ઈત્તર પ્રવૃત્તિઃ-

૧. આપણી ઉપાસના

૨. સત્રાંત-વર્ષાંત કાર્યક્રમો

૩. શિક્ષકસભાઓ

૪. વાલીસભાઓ

૫. રમત-ગમત

૬. જાહેર ઉજવણી

૧. આપણી ઉપાસનાઃ-

સામાન્ય રીતે દરેક શાળાની દિવસનો પ્રારંભ શાળાથી થતી પ્રાર્થનાથી થતો હોય છે. આ ઉપાસના મનનો ખોરાક છે. સાથે સાથે ઉપાસના એ આચાર્યતાસ બની રહેવો જોઈએ. ઉપાસના પછી આચાર્ય અભ્યાસની સાથે સાથે સાંપ્રત પ્રવાહો, રાજકીય ગતિવિધિ, સામાજિક બનાવોની ચર્ચા

કરી શકે. આમ સપ્તાહના એકાદ દિવસ માટે કોઈ વર્ગ કે વિદ્યાર્થીને કામગીરી સોંપી શકાય. કયા દિવસે કઈ પ્રાર્થના બોલવી, કયા વર્ગને કામગીરી સોંપવી તેનો પણ આયોજનમાં સમાવેશ કરી શકાય. વર્ગકક્ષા પ્રમાણે વર્ગને ઉપાસના બાદ સમાચારવાંચનનો પણ આયોજનમાં સમાવેશ થઈ શકે.

૨. સત્રાંત - વર્ષાંત કાર્યક્રમોઃ-

આવા કાર્યક્રમો વિદ્યાર્થીમાં ઉત્સાહ, જિજ્ઞાસા અને રસ-રુચિ વધારે છે. આવી પ્રવૃત્તિમાં ભાગ લેવાથી તેનામાં નવા વિચાર અને તેની માનસિક તાજગીમાં વધારો થાય છે. તે ખુશ રહે છે. સત્રાંતે અને વર્ષાંતે પડતા વેકેશનમાં કઈ પ્રવૃત્તિ કરી શકાય તેનું સરળ માર્ગદર્શન આપી શકાય. દિવાળીના તહેવારોમાં ફટાકડા ફોડવા, મીઠાઈઓ ખાવી અને ખર્ચમાં અંકુશ કેવી રીતે રાખવો તેની સમજણ માટેનું આયોજન વિદ્યાર્થીઓને કહી શકાય.

૩. શિક્ષક સભાઓઃ-

સમગ્ર વર્ષ દરમિયાન શિક્ષકસભાનું આયોજન શાળાના વિવિધ કાર્ય માટે જરૂરી બને છે. શિક્ષકસભામાં વિષય, વિદ્યાર્થીના અભ્યાસની સ્થિતિ, કચાશ ધરાવતા, નબળું પરિણામ લાવતા, વારંવાર ગેરહાજર રહેતા કે પછી કોઈક સામાજિક પરેશાની ભોગવતા વિદ્યાર્થીની વિગતોની ચર્ચા કરી શકાય. ઈતરપ્રવૃત્તિઓ, ઉજવણીઓનો પણ સમાવેશ શિક્ષકસભામાં થાય તેવું આયોજન થઈ શકે. અભ્યાસક્રમના કરેલા આયોજનનું અવલોકન થઈ શકે.

૪. વાલી સભાઓઃ-

વાલી પણ શાળાનું એક અંગ છે. તેની સાથેનો સંબંધ સુમેળભર્યો હોય તે જરૂરી છે. વાલીસભામાં વિદ્યાર્થીના અભ્યાસ, શિસ્ત, વાણી-વર્તન-બીજા વિદ્યાર્થી સાથેનો વ્યવહાર અને તેના પરિણામની વિગતે ચર્ચા થઈ શકે. ઘણી શાળાઓ શાળાકીય પરિણામ વખતે વાલી સાથે આવી ચર્ચા કરે છે. આથી શાળા પોતાને અનુકૂળતા પ્રમાણે વર્ષમાં બે કે ત્રણ વખત આવી સભાઓ યોજવા માટેનું આયોજન કરી શકે. અભ્યાસક્રમની તાસપદ્ધતિની ચર્ચાને પણ અવકાશ છે.

૫. રમત-ગમતઃ-

શાળામાં વ્યાયામના તાસનું વ્યવસ્થિત આયોજન થાય, સૌ વિદ્યાર્થી ગંભીરતાથી રસપૂર્વક વિવિધ રમતોમાં ભાગ લે તે જરૂરી છે. વધુમાં એકવાર રમતોત્સવનું આયોજન થાય. તેમાં વ્યક્તિરમતો, સમૂહરમતો ઉત્સાહભેર રમાય તેવી ગોઠવણ થવી જરૂરી છે.

૬. જાહેર ઉજવણીઃ-

દરેક શાળા-સંસ્થા પોતાની અનુકૂળતા હોય તો સમય સંજોગોને ધ્યાનમાં રાખી વિવિધ ઉત્સવો અને તહેવારોની ઉજવણી કરી શકે. આવા આયોજનમાં કોમી એખલાસનું મહત્ત્વ જાળવી, વાલીઓને પણ આ અંગે વિશ્વાસ લઈ આયોજન કરી શકાય.

વિભાગ- અન્ય પ્રવૃત્તિઓઃ-

શાળાકીય આયોજન વખતે અન્ય વિવિધ પ્રવૃત્તિઓ પણ કરવાની થતી હોય છે. આવી પ્રવૃત્તિઓને બે વિભાગમાં વહેંચી શકાય.

| જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓ | વિદ્યાર્થીની પોતાની સામેલગીરી |
|---|---|
| -રાષ્ટ્રીય ઘડતર | -રમતના મેદાનની પ્રવૃત્તિ |
| -નેતૃત્વ વિકાસ | -વિદ્યાર્થી સંઘની પ્રવૃત્તિ |
| -સાહિત્ય દૃષ્ટિ | -ચિત્રકલાની -કામગીરી |
| -વિજ્ઞાન દૃષ્ટિ | -પર્યાવરણ મિલકતની જાળવણી |
| -સંગીત-નાટ્ય કલા | -સફાઈકામમાં સહભાગી |
| -સમૂહ ભાવના | -વિવિધ હસ્તલિખિત અંકો |

વિભાગ- અન્ય કામગીરી :-

આયોજન વખતે અન્ય કામગીરીનો સમાવેશ કરવો પડતો હોય છે. જેમ નીચેની બાબતો વિશે વિચારી શકાય.

શાળાકીય પરીક્ષાનાં પરિણામો આપવાની પદ્ધતિ.

વિદ્યાર્થીના વર્ગખંડ અને વર્ગખંડની બહારની શિસ્ત

માટેનાં આપણાં ખ્યાલો અને આયોજનોની સાદી રૂપરેખા.

અભ્યાસમાં નબળા અને તોફાની વિદ્યાર્થીઓની માવજત અને તેના ઉપાયોની રૂપરેખા.

વિદ્યાર્થીને આપવાના પરિણામપત્રકો, અભ્યાસક્રમ પત્રકો, અને અન્ય પત્રકોમાં સમાવિષ્ટ વિગતો, વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે સરળ અને ઉપયોગી બની રહે તેવાં આયોજનો.

શાળાના બ્લેકબોર્ડમાં માહિતી, સુવાક્યો, સમાચાર, હવામાન, સામાજિક, ગતિવિધિ, વર્તમાન રાજકીય સ્થિતિ અંગેનો ચિતાર ટૂંકમાં લખાય તે માટેની સમજણ અને વર્ગકક્ષાએ તે માટેનું આયોજન.

અભ્યાસક્રમનું વિષયવાર આયોજન થાય. તેમાં તાસ પદ્ધતિ અને શાળાના વિષયવાર સમયપત્રકનું આયોજન થઈ શકે તે જરૂરી છે.

પરિવાર-કુટુંબના નાના-મોટા સામાજિક, પ્રશ્નો, તેમજ આર્થિક મુશ્કેલીઓ અનુભવતા વિદ્યાર્થીઓની સંભાળ માટે આગોતરી વિચારણા થઈ શકે. જરૂર પડે તો આવી બાબતો માટે શિક્ષક સમિતિની રચના કરી શકાય.

સરકારી નિયમો, વાલીઓને જાણકારી અને ખર્ચની જરૂરી મર્યાદાને ધ્યાનમાં રાખી આયોજન કરવું જોઈએ.

વિશેષમાં આયોજનને આખરી ઓપ અપાયા પછી તેની કોપી દરેક શિક્ષક કર્મચારીને આપી શકાય. તેની એક નકલ શાળાના નોટિસબોર્ડ ઉપર મૂકી શકાય. જેથી વિદ્યાર્થી-વાલી અને અન્યને તેની જાણકારી રહે.

આ બધી જ બાબતોનું ચિંતન-વિચાર-વિમર્શ અને વર્ગીકરણ અને આયોજન સૌ મળી નિષ્ઠાપૂર્વક કરે. તેમજ તેનો અમલ એક આગવા મિશન સાથે કરવામાં આવે તો...

આવતી પેઢી માટે આપણે કંઈક સારું કર્યું છે તેનો સંતોષ મેળવી શકીશું.

(૭ અપેક્ષ નગર સોસાયટી, પ્રકાશ પેટ્રોલ પંપની પાછળ બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪)

### દોડવીર

ખૂબ જ સુંદર ચિત્રને કેન્વાસ પર ઉતાર્યું હતું.

એક યુવાન હાફ-પેન્ટ તથા બનિયાન પહેરી પરસેવે રેબઝેબ દોડતો દેખાય છે. તેની આજુબાજુ નજર પડે ત્યાં ધૂળના ગોટા ઉડે છે. તેની સાથોસાથ એક વેંત છેટે દોડતો ઘોડો જેના મોઢા પર ફીણ ફરી વળ્યાં હતાં. જાણે ઘોડાને હારની હાંફ ન ચડી હોય... દૂર ક્ષિતિજે ડૂબતો સૂર્ય દેખાતો હતો. ચિત્ર એવું તો અદભુત લાગતું હતું કે, આંખોની સામે આ દશ્ય હૂબહૂ ખડું થઈ જતું હતું.

રાજ્ય સરકાર આર્ટ કલા કેન્દ્ર દ્વારા યોજાઈ ગયેલ ચિત્ર-પ્રદર્શનમાં આ ચિત્રને પહેલું ઇનામ મળે છે. મંચ પર બિરાજમાન મહેમાનો તથા મુખ્યમંત્રી દરેકને આ ચિત્ર દોરનારને જોવાની તાલાવેલી લાગી છે. રાહુલ પંડ્યાના નામનું એનાઉન્સમેન્ટ થાય છે. ત્યાં ઠક ઠક કરતો અવાજ હોલમાં ગુંજે છે. એક અઢાર વર્ષનો તરવરિયો યુવાન બન્ને ખભાની બગલમાં ઘોડી ભરાવી સ્ટેજ સામે ઊભો રહે છે. એનો એક પગ સાથળ સુધીનો હતો, બીજો જે હતો તે પણ પંજાથી વળેલો હતો.

સ્ટેજ પર આવી એ બોલ્યો, 'સાહેબ, હું રાહુલ પંડયા. મેં જ આ ચિત્ર કર્યું છે...'

- ફિરોઝ હસ્નાની, મો.નં. ૯૯૦૪૦૬૧૩૨૦

## દ્રાક્ષની સુકવણી અને મૂલ્યવર્ધન

દિશિતા એન. ધમસાણિયા

---

વિશ્વમાં દ્રાક્ષના ઉત્પાદન ક્ષેત્રે આપણો દેશ સાતમા ક્રમે છે. ભારતમાં દ્રાક્ષનું વાર્ષિક ઉત્પાદન કુલ ૧.૨ મિલિયન ટન જેટલું થાય છે. દ્રાક્ષના કુલ ઉત્પાદનનું ૮૦% ઉત્પાદન મહારાષ્ટ્ર રાજયમાં થાય છે. કુલ ઉત્પાદનના માત્ર ૮%નો ઉપયોગ જ તાજાં ફળો માફક થાય છે અને ૧૭-૨૦% દ્રાક્ષની સુકવણી કરીને કિસમિસ બનાવવામાં આવે છે. બાકીની દ્રાક્ષ વાઈન ઈન્ડસ્ટ્રીમાં વપરાય છે. દ્રાક્ષ કેલ્શિયમ અને ફોસ્ફરસથી ભરપૂર હોવા ઉપરાંત, સરળતાથી સુપાચ્ય ૨૦% શર્કરા ધરાવે છે. દ્રાક્ષને લાંબો સમય સુધી આપણે સાચવી શકતા નથી, જેનું મુખ્ય કારણ તેમાં રહેલ ભેજનું પ્રમાણ છે. આથી, દ્રાક્ષને સૂકવી, તેમાં રહેલ ભેજનું પ્રમાણ ઘટાડવાથી તેને લાંબા સમય સુધી સાચવી શકાય. સૂકવેલ દ્રાક્ષને આપણે કિસમિસ તરીકે પણ ઓળખીએ છીએ, જેનો સંગ્રહ આપણે આખું વર્ષ કરી શકીએ છીએ. વળી, સુકવણી કરેલ કિસમિસનો ઉપયોગ આપણા દેશમાં ખૂબ જ પ્રચલિત છે. ભારતમાં કિસમિસ ઉદ્યોગ મુખ્યત્વે મહારાષ્ટ્ર રાજયના સાંગલી, સોલાપુર અને નાસિક ઉપરાંત કર્ણાટક રાજયના બીજાપુર જિલ્લામાં વિકસ્યો છે. કિસમિસ બનાવવા માટે દ્રાક્ષમાં રહેલ ૭૫% ભેજને ૧૦-૧૫% સુધી ઘટાડવામાં આવે છે. અંદાજે ૪ કિલો દ્રાક્ષમાંથી ૧ કિલો કિસમિસ મળે છે. દ્રાક્ષની સુકવણીની તબક્કાવાર પ્રક્રિયાઓ અત્રે પ્રસ્તુત કરેલ છે.

**સુકવણી માટે દ્રાક્ષની જાતો**

ભારતમાં સૌથી વધારે દ્રાક્ષની સુકવણી અને કિસમિસ બનાવવા માટે થોમસન સીડલેસ જાતનો ઉપયોગ થાય છે. સોનાકા, તાશ-એ-ગણેશ, અર્કાવતી વગેરે જાતો પણ ગોલ્ડન કિસમિસ બનાવવા માટે જાણીતી છે. આ સિવાય કાળી કિસમિસ માટે બ્લેક કોરીંથ, ફ્લેમ સીડલેસ વગેરે જાતો વપરાય છે.

**પસંદગી અને સફાઈ**

સુકવણી કરવા માટે પૂરતાં પરિપક્વ તેમ જ એક સરખા રંગ, આકાર અને વજનનાં રોગરહિત તાજાં દ્રાક્ષનાં ઝૂમખાંની પસંદગી કરવી જોઈએ. પસંદ કરેલ દ્રાક્ષનાં ઝૂમખાંને સારા પાણીથી ધોવાં જોઈએ, જેથી તેની છાલ પર રહેલ ધૂળ તેમ જ અન્ય જંતુઓ દૂર થાય.

**સુકવણી પહેલાંની આવશ્યક સારવારો**

દ્રાક્ષની બહારની ત્વચા પર કુદરતી વેક્સનું એક પાતળું આવરણ હોય છે. આ આવરણ તેને વિવિધ જીવાતો સામે બાહ્ય રક્ષણ આપે છે. પરંતુ તેના કારણે ભેજનું બાષ્પીભવન થતું નથી અને સુકવણીની પ્રક્રિયામાં વધુ સમય લાગે છે. જેથી સુકવણી ઝડપી બનાવવા ઝૂમખાને રસાયણિક, ભૌતિક કે બ્લાન્ચિંગ પ્રક્રિયાઓની સારવાર આપવામાં આવે છે.

રાસાયણિક સારવારમાં દ્રાક્ષની સુકવણી કરતાં પહેલાં તેને ઓઈલ ઈમલ્શન અથવા આલ્કલાઇન દ્રાવણનો ઉપયોગ પ્રકિયાને ઝડપી બનાવવામાં કરવામાં આવે છે. તેના ઉપયોગથી સપાટીની ત્વચાના ભેજ સ્થાનાંતરણનો અવરોધ ઘટે છે. ભેજ ઝડપથી બાષ્પીભવન થવાના કારણે સુકવણીની પ્રકિયાને વેગ મળે છે. તેના માટે દ્રાક્ષનાં ઝૂમખાંને ૨ થી મિનિટ માટે ૧૫ મિલીલીટર ઇથાઈલ ઓલીયેટ અને ૨૫ ગ્રામ પોટેશિયમ કાર્બોનેટ પ્રતિ લીટરનાં દ્રાવણમાં ડુબાડવામાં આવે છે. વ્યાપારી ધોરણે આ રાસાયણિક પ્રક્રિયા વધુ ઉપયોગમાં લેવાય છે.

ભૌતિક સારવારમાં મિકેનિકલ શેકરનો ઉપયોગ થાય છે. તેમાં દ્રાક્ષનાં ઝુમખાઓ નાખીને તેને શેક કરતાં ઘર્ષણને કારણે દ્રાક્ષની બહારનું વેક્સનું આવરણ નાશ પામે છે અને સુકવણી ઝડપી બને છે. આ સિવાય અલ્ટ્રાસાઉન્ડ કિરણોની મદદથી પણ આ પ્રક્રિયાનો વેગ વધારી શકાય છે.

દ્રાક્ષની સુકવણી દરમ્યાન તેનો રંગ જળવાઈ રહે તે

માટે તેમ જ ફૂગ-જીવાતથી થતું નુકશાન અટકાવવા અને ઉત્સેચકોને નિષ્ક્રિય કરીને તેની સંગ્રહશક્તિ વધારવા બ્લાન્ચિંગ અતિ આવશ્યક છે. આ ઓછી ખર્ચાળ, સરળ અને સૌથી વધુ વપરાતી તકનીક છે. તે માટે દ્રાક્ષને ગરમ પાણી કે વરાળમાં બેથી પાંચ મિનિટ ગરમી આપી તુરત ઠંડી પાડવામાં આવે છે. તેનાથી પણ વેક્સનું પડ દૂર થાય છે અને સુકવણી આસાન બને છે.

**સુકવણીની વિવિધ પદ્ધતિઓ**

દ્રાક્ષની યોગ્ય સુકવણી માટે અને તેની ગુણવત્તા જાળવવા માટે મુખ્ય ત્રણ પદ્ધતિઓ વપરાય છે જે આ મુજબ છે.

૧) સૂર્યપ્રકાશમાં સુકવણી ૨) છાયામાં સુકવણી
૩) યાંત્રિક સુકવણી

**સૂર્યપ્રકાશમાં સુકવણી**

આ પદ્ધતિ અતિ પ્રાચીન છે. માનવ હજારો વર્ષોથી આ પદ્ધતિનો વ્યાપકપણે ઉપયોગ કરતો આવ્યો છે. હાલના સમયમાં પણ આ પદ્ધતિ ખેડૂતોમાં સૌથી વધુ જાણીતી છે. કુદરતી સૂર્યપ્રકાશમાં સુકવણી માટે દ્રાક્ષનાં ઝૂમખાંને એક પાતળા થરમાં જમીન પર પ્લાસ્ટિકની શીટ પર ફેલાવવામાં આવે છે. સુકવણી દરમ્યાન, સૂર્યનાં કિરણો દ્રાક્ષ પર પડતાં, તે દ્રાક્ષ શોષે છે અને તેની અંદર ની ગરમી વધતાં, ભેજનું બાષ્પીભવન થાય છે. આ પ્રક્રિયા સૌથી સસ્તી તેમ જ સરળ છે અને દરેક દ્રાક્ષની ખેતી કરતા દેશોમાં પ્રચલિત છે. આ પ્રક્રિયામાં દ્રાક્ષની પૂર્ણ સુકવણી માટે ૮થી ૧૦ દિવસનો સમય લાગે છે. વાદળછાયા વાતાવરણમાં વધુ સમય લાગી શકે છે. વધુ તીવ્ર સૂર્યપકાશને કારણે કિસમિસનો રંગ, દેખાવ અને સુગંધ પણ અસર પામી શકે છે જે તેની ગુણવત્તા ઘટાડી શકે છે. જીવાતોનો ઉપદ્રવ, ધૂળ અને ક્યારેક વરસાદ પણ કિસમિસની ગુણવત્તા ઘટાડી શકે છે.

**છાયામાં સુકવણી**

છાયામાં દ્રાક્ષની સુકવણી પણ એક કુદરતી પ્રક્રિયા જ છે, જે ચીન, ઓસ્ટ્રેલિયા અને ભારતમાં મોટા પ્રમાણમાં વપરાય છે. તેમાં દ્રાક્ષનાં ઝૂમખાં ને છાયામાં એક રેક પર લટકાવવામાં આવે છે. ત્યાં હવાનાં અવરજવર ને કારણે ભેજનું પ્રમાણ ઘટે છે અને દ્રાક્ષની સુકવણી થાય છે. આ પ્રક્રિયામાં કિસમિસનો રંગ, દેખાવ અને સુગંધ જળવાય છે જે તેની ગુણવત્તા વધારે છે. પરંતુ આ પ્રક્રિયામાં વધુ મજૂરોની જરૂર પડે છે અને સુકવણીનો સમય પણ વધુ લાગે છે.

**યાંત્રિક સુકવણી**

કૃષિ ઉત્પાદનમાં મિકેનિકરણનાં ઝડપી વિકાસ સાથે, કિસમિસના ઉત્પાદનમાં યાંત્રિક સુકવણીનો ઉપયોગ વધ્યો છે. કારણકે, વિવિધ યંત્રોનો ઉપયોગ સરળ તથા ત્વરિત હોવાની સાથે મજૂરોનો ખર્ચ ઘટાડે છે અને ગુણવત્તા વધારે છે. વિવિધ સોલાર ડ્રાયર, માઈક્રોવેવ ઓવન, વેક્યુમ ડ્રાયર વગેરેની મદદથી દ્રાક્ષની સુકવણી જલ્દી અને એકસરખી થાય છે.

**સુકવણી પછીની આવશ્યક સારવારો**

દ્રાક્ષની સુકવણી કર્યા પછી તેને પ્રોસેસિંગ યુનિટ સુધી પહોંચાડવામાં આવે છે. ત્યાં દ્રાક્ષના ઝૂમખાંમાંથી એક એક કિસમિસ અલગ કરવામાં આવે છે અને તેમાંથી બગડેલી કિસમિસ, તેની ઉપરનાં ડાળખાં વગેરે દૂર કરવામાં આવે છે. ત્યારપછી તેને અલગ અલગ સાઈઝ અને કલર પ્રમાણે ગ્રેડિંગ કરીને આકર્ષક હવાચુસ્ત પેકિંગમાં પેક કરવામાં આવે છે.

**કિસમિસનો સંગ્રહ**

કિસમિસ એ આર્દ્રતાશોષી એટલેકે ભેજનું શોષણ કરવાનો ગુણધર્મ ધરાવે છે. તેથી કિસમિસને હવાચુસ્ત પાત્રમાં સંગ્રહ કરવામાં આવે છે. ભેજના સંપર્કમાં આવતાં કિસમિસમાં યીસ્ટ, મોલ્ડ વગેરે વિકાસ પામે છે અને તેમાં આથવણની પ્રક્રિયા પણ શરુ થાય છે જે કિસમિસને બગાડે છે અને તે ખાવાલાયક રહેતી નથી. કિસમિસ ની ગુણવત્તા લાંબો સમય જાળવી રાખવા માટે તેનો નીચા તાપમાને અને પ્રકાશરહિત જગ્યાએ સંગ્રહ કરવો ફાયદાકારક છે. કિસમિસ ને ૪૦૦ ગેજની LDPE ફિલ્મ બેગમાં પેક કરીને તેને ૫ થી ૧૫ કિલો સુધીના કોરુગેટેડ બોક્સમાં ભરીને 4°C જેટલા નીચા તાપમાને લાંબો સમય સુધી તેની ગુણવત્તા બગડ્યા વિના સંગ્રહી શકાય છે.

## ૦૬. અભિવ્યક્તિ

### નિર્વાણનાં ૭૪ વર્ષ પછી જનનાયક ગાંધીને યાદ કરવાનું કારણ

ડૉ. નાનક ભટ્ટ

(ગાંધી નિર્વાણદિને લોકભારતી પરિસરમાં યોજેલ વ્યાખ્યાનના આધારે)

મહાત્મા ગાંધીની ૭૪મી પુણ્યસ્મૃતિમાં નઈ તાલીમથી શિક્ષિત વિદ્યાર્થીઓએ સફાઈ શ્રમયજ્ઞ યોજ્યો અને ગાંધી અનુબંધદિને ગાંધી ગોષ્ઠિનું પણ આયોજન કર્યું તે માટે આનંદ.

સવિશેષ, લોકભારતી ગ્રામવિદ્યાપીઠને અભિનંદન. કારણ તેમણે ગાંધીવિચાર સાથે વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ રીતે જોડ્યા. શ્રી મનુભાઈ પંચોળીએ સોક્રેટિસ નામે જે જ્ઞાનપીઠ પુરસ્કૃત ચિંતન આપ્યું છે, તેમાં લખ્યું છેઃ સમાજ જ્ઞાની કરતાં અનુભવીઓથી વધુ પ્રેરાતો રહ્યો છે, અને ખરેખર જ આજે લોકભારતીનાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ લોકભારતી સંસ્થાને રળિયામણી કરી છે, અને શ્રમની સુવાસ વિસ્તારી છે. આ કારણે સમાજમાં સૌને પોતાની જવાબદારીની પ્રતીતિ થઈ આવી છે.

તમને પ્રત્યક્ષ કામ સાથે જોડનાર ગાંધી નિર્વાણદિને તમે જાતે, શ્રમશક્તિથી પરિચિત બન્યા છો, આથી તમારી યાદદાસ્તમાં આજનો ઉપક્રમ ચિરસ્મરણીય બની રહેશે. માનવ જે પોતે જાતે શીખે છે, તે તેને યાદ રહે છે પણ કોઈએ શીખવેલ બાબત મસ્તિષ્કની રેમ મેમરીમાં સચવાતી નથી. ઉદાહરણથી જોઈએ તો વિદ્યાર્થીઓ પ્રાથમિક શાળાનાં વર્ષો દરમિયાન સાઇકલ ચલાવતાં શીખ્યા હશે, તેઓ આજે પણ સાઇકલ ચલાવી શકે છે. પરંતુ, એ જ સમયગાળામાં ગુજરાતી વિષયની કવિતા શીખ્યા હશે તે?!!! મિત્રો, તરણકળા વર્ગખંડમાં શીખી શકાય નહીં. જાતે જ પાણીમાં પડવું પડે અને એ જ તો દીર્ઘકાલીન આનંદઉત્સવ બને છે.

અહીં એ પણ પ્રશ્ન છે કે ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮માં એટલે કે આજથી ૭૪ વર્ષ પહેલાં સંસાર છોડી દેનાર રાષ્ટ્રપિતાને આપણે કેમ ભૂલ્યા નથી! 'રાષ્ટ્રપિતા' અને 'રાષ્ટ્રપતિ' શબ્દમાં માત્ર એક હસ્વ-દીર્ઘનો જ ફરક છે. પ્રજાસત્તાક ભારતે અઢળક રાષ્ટ્રપતિઓ આપ્યા છે, પરંતુ નવી પેઢીનાં સ્મરણમાં કોઈ એકાદ-બે રાષ્ટ્રપતિથી વધુ મહાનુભાવોનાં નામ હશે નહીં. તો પછી તેઓનાં કર્તવ્યની સ્મૃતિમાં શરીરશ્રમ વેઠવા તો આજના યુવાનો કેમ તૈયાર થાય!

ત્યારે સવાલ થાય કે જનસમૂહની યાદમાં આજે પણ ગાંધી કેમ બિરાજમાન છે? આવા પ્રશ્નના જવાબમાં એક શિક્ષકે કહ્યું, રૂ.૫૦૦/-ની નોટ ઉપર તેઓશ્રીની તસવીર હોય છે તેથી! પણ વાસ્તવિક સ્થિતિ એ છે કે કાઠિયાવાડના બીજા એક ગામ રાજકોટની દીકરી પારુલનાં કરોડો ફોટા પાર્લે-જી બિસ્કીટનાં પૅકેટ ઉપર આજે પણ છપાતા રહે છે, પણ પારુલ તો કોઈનાં દિલો-દિમાગમાં નથી.

મહાત્મા ગાંધી શાથી લોકપ્રિય છે તેવા એક સવાલનો જવાબ શોધવા ૧૯૪૨માં અમેરિકન પત્રકાર લુઈ ફીશર વર્ધાની મુલાકાતે આવેલા. બળબળતાં તાપ વચ્ચે ગાંધીજી સાથે ગાર-માટીની ઝૂંપડીમાં રોજ એક-દોઢ કલાક વાતચીતમાં અને ૩૦ મિનિટ ભોજનાલયમાં ગાળતા. આ પત્રકારનો બાકીનો સમય પાણી ભરેલા લોખંડના ટબમાં બેસી લખતા રહેવા અને રાત્રે ખુલ્લા આકાશ નીચે શેતરંજી પાથરી સૂવાના કપરા અનુભવ વચ્ચે પસાર થયો હતો. આમ છતાં, લુઈ ફિશરે પોતાની નોંધપોથીના મથાળે લખ્યું, 'હિંદુસ્તાનનાં લોકનાયક સાથે મને આનંદભેર સમય ગાળવા મળ્યો.' મહાદેવભાઈએ પણ પોતાની નોંધમાં લખ્યું કે, 'ગાંધીજીએ પરદેશીઓ સાથે જે વાતો કરી છે તેમાંની આ સહુથી અગત્યની વાત છે.'

લુઈ ફિશર મહાત્માને સ્વરાજનો રથ હંકારનાર સફળ

સેનાની તરીકે જનનાયકનો શિરપાવ આપે છે અને 'ઑક્ટાગોન પ્રેશર'નાં મથાળેથી ગુલામ ભારતના પ્રશ્નો દર્શાવે છે (૧) વિશ્વયુદ્ધ અને જાપાનનું દબાણ (૨) સુભાષબાબુ અને જર્મનીથી ઊભી થયેલ પરિસ્થિતિ (૩) ઝીણાએ છૂપાવી રાખેલ કેન્સરની બીમારી અને ઉગ્ર બનતી અલગ પાકિસ્તાનની માગણી (૪) રજવાડાંઓની સ્વાયત્તતાની કપટનીતિ (૫) મોગલ સામ્રાજ્ય તરફ વળવાની મુસ્લિમ લીગની ખેવના (૬) અત્યંત ગરીબ, રોગીષ્ટ, અશિક્ષિત ભારતની પૃષ્ઠભૂમિ (૭) બ્રિટીશ સરકારની ઉગ્ર શોષણનીતિ (૮) કોંગ્રેસના સદસ્યોની સત્તા લાલસા. આમ હોવા છતાં મહાભારતના યુદ્ધમાં ભગવાન કૃષ્ણએ મહાબળવાન કૌરવ શૂરવીરો વચ્ચે અર્જુનને વિજય અપાવ્યો, તેમ ગાંધીએ વિકરાળ પ્રશ્નો વચ્ચેથી દેશને ઉગાર્યો. આથી, આજે આપણે સૌ તેમને યાદ કરીએ છીએ.

જો કે, ગાંધીનું કૌશલ્ય તેમનાં વિચારમાંથી પ્રગટેલું અને આ વિચારની ભૂમિકા 'હિંદ સ્વરાજ'માંથી મળે છે. આજથી ૧૧૪ વર્ષ પહેલાં ૬૫૦ વર્ષથી ગુલામીમાં સબડતા હિંદને એમણે ૧૯ રચનાત્મક દિશાઓ આપી. જેમાં, કોમી એકતા, અસ્પૃશ્યતા, વ્યસનમુક્તિ અને સ્વચ્છતા જેવાં સામાજિક કાર્યો આપ્યાં. સાથોસાથ ખાદી, ગ્રામોદ્યોગ, ખેતી અને પશુપાલન પ્રકારના આર્થિક સુધારા જણાવ્યા. મેકોલેની નવી શિક્ષણપ્રણાલીના નામે ઉઝરડાઈ ગયેલ સમાજને પુનઃ નઈતાલીમ, પ્રૌઢશિક્ષણ, માતૃભાષા, રાષ્ટ્રભાષા અને યુવાવિકાસ પ્રત્યે ગાંધીએ આશાવાન દિશા આપી. ગાંધીજીએ રચનાત્મક અભિગમથી આરોગ્ય, બાળઆરોગ્ય અને રક્તપિત્તો પ્રત્યે કરુણાને આવકારી; તો આદિવાસી, મજદૂર, શ્રમિકો અને સ્ત્રીઓ પ્રત્યે સમાનતાના અભિગમને પ્રચલિત કર્યો. ગાંધીનો આ રચનાત્મક અભિગમ ૨૧મી સદી માટે પણ હ્યુમનફ્રેન્ડલી, વેલ્યૂફ્રેન્ડલી અને ઈકોફ્રેન્ડલી હોવાથી આજે ગાંધીનું મૂલ્ય વૈશ્વિક બન્યું છે. ગાંધી વધુને વધુ સાંપ્રત બની રહ્યા છે.

મહાત્મા ગાંધીને આજે ૧૫૩ વર્ષ થયાં, પરંતુ ૧૨૦ વર્ષ પહેલાં 'સત્યના પ્રયોગો' લખતાં લખતાં 'રામરાજ' અને 'રામકાજ' એવા શબ્દપ્રયોગ કર્યા. પુત્ર હરિલાલને જેલવાસ દરમિયાન પત્ર લખતા કહ્યું, 'ગુણો જડ નથી, ચૈતન્ય છે.' અહીં ગુણોનો સંદર્ભ ચૈતન્ય હોય. શ્રી રજનીશે પણ કહેવું પડ્યું કે, 'ગાંધીની સર્જનશીલતા એમની પ્રાર્થના હતી.' મહાત્માએ દેશને છ શતકની ગુલામીની જંજીરોથી મુક્ત કરવા માટે સૂચવેલ સામાજિક પરિવર્તનની દિશા સ્વયં એક કાર્યપદ્ધતિ હોય. જવાહરલાલ નહેરુએ ગાંધીને એક રોશની કહ્યા, તો કાકા કાલેલકરે રસાયણ તરીકે જાણ્યા, લુઈ ફિશરે ગાંધીની રચનાત્મક વિચારોને માનવીય ચેતના સાથે જોડતાં કાર્યો તરીકે નોંધ્યાં છે.

આજે પણ દેશ ગાંધી ચીંધ્યામાર્ગે ચાલવા પ્રયત્ન કરે છે, તેનું કારણ ગાંધીનો ટકાઉ અને વૈજ્ઞાનિક અભિગમ છે. 'સત્યના પ્રયોગો'માં રામકાજ, રામરાજ અને રામરસાયણ પ્રકારે વૈચારિક ભાવના વ્યક્ત કરનાર ગાંધી પહેલાં ૨૯૦૦ વર્ષ અગાઉ જૈન ધર્મમાં આત્માને જ્ઞાની જાણવામાં આવ્યો છે. તો ચરકસંહિતામાં ૨૧૨૫ વર્ષ પહેલાં માનવશરીરને પંચરસત્વ તરીકે જાણવામાં આવ્યું છે. મનોવિજ્ઞાનના આધારે જેકૉબ્સે ૩૫૦ વર્ષ પહેલાં માનવ મસ્તિષ્કને પિંડ રસાયણ જાણ્યું અને છેક ૨૧મી સદીના પ્રારંભે જર્મનીથી શોધાયેલ બ્રેઈન મેપિંગ શરૂ થયું છે, ત્યારે પણ ઉપનિષદથી ગાંધી સુધીની એકસૂત્રતા પ્રસ્થાપિત થાય છે.

ગાંધી આજે પણ પ્રસ્તુત છે. ગાંધીનાં રચનાત્મક કાર્યો આજે પણ માણસને સક્રિય થવા પ્રેરે છે. કારણ

(૧) ગાંધીની વિચારસરણી સમાજપરિવર્તનની ક્ષમતા ધરાવે છે.

(૨) વ્યક્તિગત પરિવર્તન માટે પ્રેરક બને છે.

(૩) રસાયણરૂપે કર્મ માનવદેહે આનંદિત રહે છે.

(૪) કર્મ ચૈતન્ય સાથે અનુબંધ જાળવી રાખે છે

અને આથી વર્ષ ૧૯૦૮માં ગાંધીજીએ 'હિંદ સ્વરાજ'માં મૂકેલ વિચારો આજે પણ રચનાત્મક કાર્ય રીતે જીવંત છે અને એ જ ગાંધીના સ્મરણ સાતત્યનું કારણ છે.

(મો. ૯૮૯૮૪૬૩૪૮૯)

## જ્યાંથી મળે અભાવની કવિતા અને સમભાવનો Wiki વ્યાપ : અનંત રાઠોડ

ભૂષણ ઓઝા

---

ઘરના ઓરડાના સાવ નાના ખૂણામાં આખો દિવસ બેસી રહેવું, મનમાં કે મગજમાં કશું જ ન ચાલતું હોય, કોઈ ખાસ ઇમોશનની આવ-જા ય નહીં, આ એક પરિસ્થિતિ છે. પણ, એમાં એ ખૂણાનો કોઈ વાંક નથી. ત્યાં બેસેલી વ્યક્તિમાં વિઝન હોય, સશક્ત ગ્રહણશક્તિ હોય અને બારીમાંથી આકાશનો તાગ મેળવવાની ક્ષમતા હોય તો એ જ ખૂણેથી અનંત સુધી પહોંચવાની સંભાવના રહેલી છે.

હવે આ વાતને સાદું રૂપ આપીએ તો ઘર એટલે હિંમતનગર, એમાંનો એક ઓરડો એટલે ઇડર, એનો એક ખૂણો એટલે ભૂતિયા ગામ અને જેણે પોતાની વિચાર શક્તિની પેરેશૂટ ખુલ્લી મૂકી એ હજુ ૨૮-૨૯ વર્ષે પહોચેલા અનંત રાઠોડ.

ઘણીવાર એવું બનતું હોય કે જે untapped હોય એ જ વધુ potential હોય, અથવા તો જ્યાં ભણતર ન હોય ત્યાં ગણતર તો હોય જ. અનંતના કિસ્સામાં એવું જ બન્યું. એનું બાળપણ જેમની છાયામાં વીત્યું એ દાદા ભાણાભાઈ રાઠોડ, અશિક્ષિત હતા પણ આત્મસૂઝ અને કશુક સારું વાંચવાની ધખનાએ એમને આપણા મહાગ્રંથો શ્રીમદ્‌ભાગવત, મહાભારત, રામાયણ અને પુરાણકથાઓ વાંચતા કર્યા. એમને મળતા આ સંસ્કાર અને વિચારના ભાથામાંથી એ બાળ અનંતને રોજ કોળિયા ભરાવે. ને આ ભાથું એવું અસરકારક રહ્યું કે એની અંદર સાહિત્યરુચિનાં બીજ રોપી દીધાં. આ કથાઓ એવી રસપ્રદ રીતે કહેવાઈ કે અનંતને હજી સુધી એવી ને એવી યાદ છે.

મજબૂત સંસ્કારનું આ ભાથું લઈને અનંત પ્રાથમિક શિક્ષણ લેવા હિંમતનગર આવે છે. પિતાશ્રી અને કાકાઓ ભણેલા, અને વાચન-વારસો આગળ લઈ ગયા. એ વખતે ગુજરાતી સાહિત્યમાં ઝવેરચંદ મેઘાણી, ધૂમકેતુ, પન્નાલાલ પટેલ બહુ વંચાતા. એ જ પ્રવાહ અને પ્રભાવમાં રહેલા પિતા—શૈલેષભાઈ, અનંતને પણ એ તરફ લઈ ગયા. પહેલું જ પુસ્તક વાંચ્યું પન્નાલાલ પટેલનું ‘અલપઝલપ’. એક બાળકથા. ને પછી તો આ જ્ઞાનપીઠથી સન્માનિત લેખક સાથે એવી પ્રીત થઈ કે એમની જ ‘એક અનોખી પ્રીત’ અને ‘મળેલા જીવ’ વાંચી, છઠ્ઠા ધોરણ સુધીમાં જ. સતત સાત્ત્વિક કથાઓ સાંભળીને એ સારા વાંચન તરફ વળ્યા. સાચી અને સારી ભાષા શીખવા Listening practice બહુ કામ આવે એમ જ સારું વાંચવાનું, સારું સાંભળવાથી વિકસ્યું. ને એ એવું વિકસ્યું કે મનોજગતનો વિસ્તાર થતો ગયો, વિચારો ઘૂંટાતા ગયા, ને પેલી ગામ છૂટ્યાની લાગણી બળૂકી થઈ. સાતમા ધોરણમાં પહેલી કવિતા લખાઈ—અનંત કહે છે કે એ વતન-વિચ્છેદની કવિતા હતી, આમ લખાવાની શરૂઆત થઈ. સ્વરૂપ પકડાયું કવિતા. અલબત્ત, કવિતાનો બંધારણીય ખ્યાલ તો નહોતો. પણ અનુભૂતિનું પોત ઘટ્ટ થતું જતું હતું. એ વખતે એ કવિતાઓ વાંચતા પણ છાપાઓમાં આવતી એ, એટલે ‘આ કવિતા કહેવાય’ એવું સમજાતું. સદભાગ્યે હજુ કૈંક વાંચવું જોઈએ એવો ખ્યાલ આવવા લાગ્યો ને એક ડાયરી હાથ લાગી. પિતાજી લખતા એ ડાયરી. પાને પાને કવિતાઓ જડી. એ જમાનાના દિગ્ગજ શાયર જનાબ નાઝિર દેખૈયા, અસિમ રાંદેરીની ગઝલોનો ખજાનો હતો એમાં. આ શુદ્ધ ગઝલનો કેફ પેલી કવિતાની સમજને ભૂંસીને અસ્સલ રૂપ સુધી લઈ આવ્યો. રદીફ, કાફિયા, મત્લા, મકતા આ પારિભાષિક શબ્દોની જાણ નહીં પણ એની ડીઝાઇન આવડતી ગઈ ને ધીરે ધીરે એક ડાઈ બની. અનંત રાઠોડ હવે બારમા ધોરણને પસાર કરી કૉલેજ શિક્ષણ લેવા અમદાવાદની એમ.જી. સાયન્સ કૉલેજમાં આવ્યા. મોટું શહેર પસંદ કરવાનો આશય એવો કે અહીં એમની સાહિત્યવાંછનાને પોષે એવા અનેક સ્થાનકો અને સાધકો છે એવી એમને જાણ હતી અને એ જાણને પૂરી નિષ્ઠાથી એક્સ્પ્લોર કરી. નામાંકિત લાઈબ્રેરીઝમાં જઈ વાચનની સીમાઓનો વિસ્તાર કર્યો. કવિતા તરફ વિશેષ

લગાવ હતો પણ એને હજુ વધુ સુઘડ કરવી હતી ને પેલી ડાયરીમાંથી ચાખેલો ગઝલનો સ્વાદ મન-જિહ્વા પર બરાબર લાગી ગયેલો એટલે ખાસ કરીને ગઝલના છંદ અને મીટરને સારી પેઠે સમજાવતાં હોય એવાં પુસ્તકો ખંતથી વાંચ્યા. અનંતને એક બહુ સારી આદત. સામયિકોમાં જ્યારે જ્યારે કોઈ સરસ કવિતા વાંચે એટલે એના સર્જકનો સંપર્ક કરે, મુલાકાત કરે ને રચના સારી કેમ લખી શકાય એનો પાઠ ભણે. અનંતનો સૌથી અગત્યનો જીવનમંત્ર છે કે શીખવાની તક મળતી હોય ત્યાં કોરી પાટી લઈ પહોંચી જવું. તે આ મંત્રની માળા જેમ જેમ પૂરી થતી ગઈ તેમ તેમ ગઝલની છબી વધુ સ્પષ્ટ દેખાવા લાગી. કાગળ પર પણ ઊતરવા લાગી ને હજી તો ૧૮ની ઉંમરે પહોંચ્યાય નહોતા ત્યાં 'ગઝલ વિશ્વ'ના ઉંબરે પહોંચી ગયા ગઝલ સ્વરૂપે. શ્રી રાજેશ વ્યાસ 'મિસ્કીન' જેવા સમર્થ સંપાદકની સરાણે ચડેલી કૃતિ પુખ્તતાનાં ધોરણોમાં તો બંધબેસતી થઈ જ જાય. જો કે અનંત ગઝલના મૂળભૂત સ્વરૂપ, બંધારણના પાયા મજબૂત કરાવવા માટે અને યોગ્ય માર્ગદર્શક બનવા માટેનું શ્રેય ડૉ. નીરજ મહેતાને આપે છે.

કવિતાલેખનમાં પુખ્ત તો થઈ રહ્યા હતા પણ પરિપક્વ થવું હતું. એટલે લાઈબ્રેરીમાંથી પોષણ લેવાનું તો ચાલુ જ રાખ્યું પણ પોતાની કવિતા ઉપરનો પ્રશંસાભાવ દૂર કરવા સચોટ Evaluation થતું હોય એવા થાણાની જરૂર લાગી. ને પહોંચે છે નિયમિત રીતે ચાલતી 'બુધ સભા'માં. અહીં સાદો નિયમ એવો કે દરેક સર્જક-નવા કે જાણીતા, પોતાની કૃતિ બધાની સામે વાંચે. એનું વિશ્લેષણ થાય. અનંતની ભાષામાં 'છોતરાંફાડ' વિવેચન થાય. સર્જક એને ખેલદિલીપૂર્વક સ્વીકારે અને મઠારે. આ પ્રક્રિયાએ અનંતની કવિતાને સંઘેડાઉતાર બનાવી. દર બુધવારે નવી રચના જ લઈ જવી એવો આગ્રહ એ પોતે જ રાખે. પણ, સાવ અંતરમનથી આવેલી કવિતાનેય સાવ બહારથી તપાસવાનો મહાવરો રાખ્યો, પોતાની કવિતાના પ્રેમમાં ન પડ્યા અને એટલે જ quantitative નહીં પણ qualitative કામ કર્યું ને અત્યાર સુધીમાં એમને પોતાને સંતોષ થાય એવી ગઝલોની સંખ્યા ૩૨ છે. આ લેખનસંયમનું મોટું ઉદાહરણ કહી શકાય. ગઝલના વિવિધ છંદ અને બહેરને પ્રયોજનારા અનંત રાઠોડે લાંબી બહેરની ગઝલોમાં સરસ કામ કર્યું છે. એક – બે ઉદાહરણ જોઈએ.

*હવે આ સાંજના અંધારને ક્યાં મૂકશું એ પ્રશ્ન છે ચારેતરફ*

*સમીસાંજે જ આવી આપણી વચ્ચે કોઈ મૂકી ગયું છે સૂર્યને*

*મને વહેલી સવારે એ નદીકાંઠે કોઈ બિનવારસી પેટીમાં મૂકેલી દશામાં હાથ લાગેલી;*

*ન જાણે કોણ પેલે પારથી નવજાત બાળકના સમી તારી પ્રતીક્ષા પાણીમાં છોડી અને ચાલ્યું ગયું છે ક્યાંક*

આમ આપણે અનંત રાઠોડની અત્યાર સુધીની યાત્રાને ટૂંકસાર તરીકે કહેવી હોય તો એ કૈંક ને કૈંક શોધતા રહ્યા છે. અને વિરોધાભાસ જુઓ કે આ શોધ દરમિયાન જ્યાં અવકાશ ઊભો થયો, અભાવ આવ્યો ત્યાં અને ત્યારે કવિતા જડી, વેદના કે પીડા થઈ ત્યાં કવિતા અવતરી. અનંત રાઠોડ કહે છે, 'કોઈપણ કળા વ્યક્તિ કે સર્જકના અભાવ અને વેદનામાંથી જન્મે છે અને આકાર લે છે. અને મારા જીવનનો સૌથી મોટો અભાવ અને વેદના એટલે મારી મા હંસાબેનનું ન હોવું. મારી બે વર્ષની ઉંમરે જ માતાનું અવસાન થયું'

આ શોધયાત્રા હજી ચાલુ છે અને એ બીજા કોઈને મદદરૂપ પણ થાય છે. હા, અનંત રાઠોડ હાલ નોર્થ બંગાળ યુનિવર્સિટીના ડૉ. સુમના રોયના Research Assistant તરીકે કાર્યરત છે. આ અગાઉ પણ એમણે અલગ અલગ યુનિવર્સિટીના પ્રાધ્યાપકો સાથે એમના સંશોધન-કાર્યમાં Research Assistant તરીકે કામ કર્યું છે.

અહીં સુધી પહોંચીને આ નવયુવાન પોતાની કવિ તરીકેની ઓળખ તો મેળવી ચૂક્યો છે અને હજી એમાં આગળ ઘણું ખેડવાનું છે એની એને જાણ છે. હજી ગઝલ સંગ્રહ થઈ શકે એટલી રચના થવાને વાર છે એમ પણ એ માને છે. આ ઉપરાંત એના કહેવા અને માનવા પ્રમાણે સર્જનશીલ રહેવા માટે જ્ઞાનવૃદ્ધિનો અભિગમ જરૂરી છે. એ તરફ પ્રેમભાવ હોવોય જરૂરી છે.

હવે આ જ્ઞાન પ્રત્યેના પ્રેમનું પહેરણ અનંતે જાત સાથે સીવ્યું ને નવતર સફર શરૂ કરી પછી પહોંચ્યા આજકાલ શોધ અને જ્ઞાન માટેના Most Happening મુકામે –

ગૂગલ-વિકીપેડિયા પર. અહીંથી પ્રાપ્ત થતી માહિતીમાંથી પસાર થતાં એમને એવું લાગ્યું કે આપણે માહિતી મેળવનાર જ ન બની રહેતા એના source થઈ શકીએ તો કેવું? કોઈપણ જ્ઞાનની શરૂઆત સ્વને કરેલ અથવા કોઈને પૂછેલ પ્રશ્નથી થાય છે, આ વાતને આત્મસાત કરીને તે આ Wikipedia ના અનંત માર્ગ પર ડગ માંડે છે. થોડું અંદર ઊતરતાં જાણ થઈ કે આ વિકી વાંચવામાં જેટલું સરળ છે એટલું લખવામાં નથી. પણ, આ તો ખાંખાખોળાનો માણસ છે. નક્કી કરેલ દિશાએ રસપૂર્વક અને ખંતથી ચાલે. અનાયાસ એક પેઇજ તો બનાવ્યું પણ ખરું. પછી મળ્યા આના નિષ્ણાતને. શીખ્યા પાઠ. પૂરા ૬ મહિના. વિકી પેઇજના બંધારણની તો જાણ થઈ કે જેટલું lengthy એટલું Complex છે. પછી આવી contentની વાત. એવું લખવું કે જે અહીં ઓછું ઉપલબ્ધ છે. તે પસંદગી ઉતારી ગુજરાતી સાહિત્યકારો પર. અનંત રાઠોડ કહે છે કે વિશ્વસાહિત્ય કે સાહિત્યકારો પર હજારો પેજિઝ છે. આપણા સાહિત્યકારો વિષે ઓછી અને ટૂંકી માહિતી છે એ પણ અંગ્રેજીમાં. એટલે એક નવી પહેલ કરી–વિકી સ્રોત પર પેજિઝ ડેવલપ કરવાનું શરૂ કર્યું. મુખ્યત્વે ૧૯ અને ૨૦મી સદીના સાહિત્યકારો પર વધુ ધ્યાન આપવાનું નક્કી કર્યું. અનેક રેફરેન્સ બુક્સમાંથી પસાર થયા. એ વખતે ઇન્ટરનેટ બધે ઉપલબ્ધ નહીં એટલે સાઇબર કાફેમાં જઈને સમય અને શક્તિનું કહો કે Investment કર્યું. મણિલાલ નભુભાઈ દ્વિવેદી, નર્મદ અને પન્નાલાલ પટેલ જેવા એ યુગના માતબર સાહિત્યકારોના પેજીઝ હાલ ઉપલબ્ધ છે. અનંત બહુ આનંદ અને ગર્વથી કહે છે કે મણિભાઈ દ્વિવેદી પરના આર્ટિકલના ૧૩ પેજિઝ છે એ ખાસ નોંધે છે કે તમને તમારા કામ વિષે સંતોષની તીવ્ર લાગણી ત્યારે થાય જ્યારે સાવ અજાણી વ્યક્તિ તમારા આર્ટિકલથી તમને શોધતી આવે. જાપાનનો એક વિદ્યાર્થી એઇજીરો હાઝમા, મહાત્મા ગાંધીની Public and Personal life પર Ph.D. કરે છે અને એ અનેક રેફરેન્સ વાંચતાં વાંચતાં મણિભાઈ દ્વિવેદીના વિકી આર્ટિકલ વાંચે, ને આ ઉમદા સાહિત્યકાર વિષે વધુ માહિતી મેળવવા ગુજરાતી સાહિત્ય પરિષદમાં આવે. અનંત આને સત્કાર્યની સાર્થકતા કહે છે. આવા પ્રેરણાબળથી લખતાંલખતાં આજ સુધી લગભગ ૩૦૦ આર્ટિકલ લખ્યા છે અનંત રાઠોડે. જો કે આ બધુ એ કરે શોખ, નિસબત અને Passionથી. આ સમગ્ર પ્રક્રિયા બધા જ Voluntary કરે છે. આમાં નથી remuneration કે નથી કોઈ author credit. કોઈ Page Historyમાં જાય ને જુએ તો ઝીણા અક્ષરે નામ જોવા મળે. પણ, આ બધુ લખીને અનંતને પોતાને મોટા નથી દેખાવું, એને તો આ મહાફલક પરથી આપણાં સાહિત્યના વ્યાપથી અનેક લોકોને પરિચિત કરવા છે. પોતે મૂળ તો વિજ્ઞાનના વિદ્યાર્થી એટલે Chemistry અને Physicsની સાવ અજાણી અને રસપ્રદ વિગતો પણ એમને અહીં મૂકવી છે.

વિકિપેડિયાને લગભગ રોજ સેવનારા અનંત રાઠોડ વધુ એક મહત્ત્વની બાબત પર ધ્યાન દોરે છે. અહીં લખાતા આર્ટિક્લ્સને Good અને Featured જેવી Category કે Status અપાય છે. આ માટે એના ટોચના Editors Review કરે છે. ગૌરવની વાત એ છે કે એમનો મણિભાઈ દ્વિવેદીનો આર્ટિકલ Good status મેળવી ચૂક્યો છે. પણ અહીં એ અટકવાના નથી, હજી rewrite કરશે, થોડા મહિના કાઢશે લખવામાં અને પહોંચાડશે Featured Articlesના Status પર. કારણ, Featured Article, Wikipediaના Home Page પર મુકાય છે. અને આ Status પર હજી સુધી કોઈ ભારતીય લેખકનો Article પહોચ્યો નથી.

એવો પ્રશ્ન થાય છે ને કે આ અત્યાર સુધી જે વાત કરી શબ્દસેવી, જ્ઞાનસેવી કે સમાજપ્રદાનસેવી એવા અનંત રાઠોડ ખરેખર ૨૯ વર્ષના જ છે? તો જવાબ હજી પણ હા જ છે. એકવડી કાઠીના આ જુવાને કાઠું એની ઉંમર કરતા ઘણું વધારે કાઢ્યું છે. આપણા માટે તો એનું સમગ્ર વ્યક્તિત્વ Featured જ છે.

આપણે કવિતાના ઊંડાણથી ને Wikipediaના અમાપ વ્યાપથી એવું ઇચ્છીએ કે એમની પાસેથી સતત, અવિરત કશુંક ને કશુંક ખળખળતું રહે ને કોઈ એક વ્યક્તિથી લઈ સમાજના અનેક સ્તર સુધીએમની સર્જનાત્મક્તા અને વિકી સરવાણીનું સિંચન થતું રહે.

(મો.૮૧૨૮૬ ૫૫૮૫૦,bhushanjoza@gmail.com )

## ૦૮. સંભારણાં

### બા અને બાપુ – દાંપત્યનું એક સુગંધી ચિત્ર

સોનલ પરીખ

---

નારાયણ દેસાઈએ એમના પિતા મહાદેવભાઈનું જીવનચરિત્ર લખવા માંડ્યું ત્યારે મુશ્કેલી એ થઈ કે તેમને મોહન વિનાના મહાદેવ મળ્યા જ નહીં. પછી તેમણે મોહનમાં જ મહાદેવને શોધવાનો પ્રયત્ન કર્યો અને એ રીતે 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' પુસ્તક સર્જાયું.

કસ્તૂરબાની શોધ કરનારાઓને પણ આ જ અનુભવ થાય. બા એકલાં હાથમાં ન આવે. 'બાપુ'માં જ 'બા'ને શોધવા પડે. પછી, એમ તો 'બા'માં પણ 'બા'ને શોધવા પડે. ને ત્યાર પછી પ્રતીતિ થાય કે બેમાંથી એકેય રીતે એ પૂરેપૂરાં, આખેઆખાં 'બા' તો મળતાં જ નથી.

મુશ્કેલી એ છે કે બાએ પોતાના વિશે કશું કહ્યું નથી. લોકો એમને મહાત્માનાં પતિપરાયણ અર્ધાંગિની તરીકે જ ઓળખે છે. ઉપરાંત આજથી દોઢ સદી પહેલાનો એ સમય પણ જુદો હતો અને જેને અનુસરવાના સંસ્કાર બાના લોહીમાં વહેતા હતા. એ પતિ પણ દુનિયાથી નિરાળો હતો. એવો નિરાળો કે દેશના જ નહીં, દુનિયાના ઇતિહાસને બદલી નાખનાર સંયોગો બાની આસપાસ સર્જાતા ગયા.

તેર વર્ષની ઉંમરે પોતાનાથી થોડાક નાના મોહનદાસ સાથે તેમનાં લગ્ન થયાં. બાંસઠ વર્ષના લગ્નજીવન દરમ્યાન મોહનદાસ મહાત્મા બન્યા, અંગત અને જાહેર જીવનનાં શિખરો સર કરતા ગયા, સત્યાગ્રહની અત્યંત મૌલિક પદ્ધતિ શોધી દક્ષિણ આફ્રિકામાં અને ભારતમાં વિરાટ કાર્યો કર્યાં, દેશને બ્રિટિશ શાસનથી મુક્ત કર્યો અને ભારતની જ નહીં, સમગ્ર વિશ્વની શોષિત માનવજાતને પાંખમાં લેવા ધાર્યું. આવા નિત્ય પરિવર્તનશીલ અને સત્યશોધક, આદર્શો અને સિદ્ધાંતો માટે મોટા ભોગ આપવા અને અપાવવા કટિબદ્ધ મહાત્માના અર્ધાંગિની બનવું એ જ્વાળામુખીની ટોચ પર રહેવા જેવું કપરું કામ હતું. ગજું જોઈએ.

બામાં આ ગજું હતું. બાપુની પડખે રહીને બાએ પણ વિરાટ ઐતિહાસિક પરિવર્તનોનાં મૂળમાં પોતાની પ્રાણશક્તિ સીંચી હતી. કાઠિયાવાડની એક સંસ્કારી નિરક્ષર કન્યામાંથી રાષ્ટ્રમાતા બનતાં સુધી બાની યાત્રામાં કેવા વળાંકો, કેવા પડાવો આવ્યા હશે, તેમણે કેવાં સમાધાનો કર્યાં હશે, શું શું છોડ્યું હશે, શું શું અપનાવ્યું ને સ્વીકાર્યું હશે, પોતાને કેવી કેવી રીતે સજ્જ કર્યાં હશે તેની કલ્પના કરતાં મનમાં અજબ રોમાંચ, અજબ ઊથલપાથલ જાગ્યા વિના રહે નહીં.

પતિપત્નીના સંબંધો વિશે પુરાતન ધર્મશાસ્ત્રોથી લઈને આજની સંબંધોનાં મૅનેજમેન્ટની વિભાવનાઓ સુધી ઘણું લખાયું છે. સમસ્યાઉકેલ અને સ્નેહસુમેળનાં સેમિનારો થાય છે. આ બધાથી સંબંધો થોડાઘણા સુધરતા હશે. પરંતુ પોતાનું કલ્યાણ સાધતાં સાધતાં લોકસમુદાયને પણ કલ્યાણપથ પર સાથે દોરી જવાની સમજણ સાથે આગળ વધતાં દંપતી જૂજ હોય છે. કસ્તૂરબા અને ગાંધીજી આવાં પતિપત્ની હતાં. ત્યારે જ તો બા બાપુ માટે કહી શકે કે મારા જેવો પતિ તો દુનિયામાં કોઈને નહીં હોય અને બાપુ બા માટે કહી શકે કે મારે જન્મોજન્મ સાથીની પસંદગી કરવાની હોય તો હું બાને જ પસંદ કરું.

૨૨ ફેબ્રુઆરીએ (તિથિ પ્રમાણે શિવરાત્રિએ) કસ્તૂરબાની પુણ્યતિથિ હતી. બા વિશે બાપુના ઉદ્‌ગારો કેવા છે? બાપુ લખે છે,

'બા નિરક્ષર હતી. સ્વભાવે સીધી, સ્વતંત્ર, મહેનતુ અને મારી સાથે તો ઓછું બોલનારી હતી. તેને પોતાના અજ્ઞાનનો અસંતોષ ન હતો. હું ભણું છું અને પોતે પણ ભણે તો સારું એવી એની ઇચ્છા મેં કદી મારા બચપણમાં અનુભવી નથી. પણ તેને ભણાવવાની મને ઘણી હોંશ હતી. પણ જુવાનીમાં મેં એને ભણાવવાના જેટલા પ્રયત્નો કર્યા તે બધા લગભગ નિષ્ફળ ગયા. જ્યારે હું વિષયની ઊંઘમાંથી જાગ્યો ત્યારે તો હું જાહેર જીવનમાં ઝંપલાવી ચૂક્યો હતો,

એટલે બહુ વખત આપી શકું એવી મારી સ્થિતિ નહોતી રહી. શિક્ષક મારફતે ભણાવવાના મારા પ્રયત્નો પણ નિષ્ફળ ગયા. પરિણામે આજે કસ્તૂરબાઈની સ્થિતિ માંડ કાગળ લખી શકે અને સામાન્ય ગુજરાતી સમજી શકે એવી છે. જો મારો પ્રેમ વિષયથી દૂષિત ન હોત તો આજે તે વિદુષી સ્ત્રી હોત એવી મારી માન્યતા છે. તેની ભણવાની આળસને હું જીતી શકત. શુદ્ધ પ્રેમને કંઈ જ અશક્ય નથી એમ હું જાણું છું.

**કસ્તૂરબાની શોધ કરનારાઓને બા એકલાં મળે નહીં. 'બાપુ'માં જ 'બા'ને શોધવા પડે. પછી એમ તો બામાં પણ બાને શોધવા પડે. ને ત્યાર પછી પ્રતીતિ થાય કે બેમાંથી એકે રીતે પૂરેપૂરાં, આખેઆખાં બા તો મળતાં જ નથી.**

'બામાં એક ગુણ બહુ મોટા પ્રમાણમાં છે, જે બીજી ઘણી હિંદુ સ્ત્રીઓમાં ઓછાવત્તા પ્રમાણમાં રહેલો છે. મને-કમને, જ્ઞાન-અજ્ઞાનથી મારી પાછળ ચાલવામાં તેણે પોતાના જીવનની સાર્થકતા માની છે. અને સ્વચ્છ જીવન ગાળવાના મારા પ્રયત્નમાં મને કદી રોક્યો નથી. આથી, જોકે અમારી બુદ્ધિશક્તિમાં ઘણું અંતર છે છતાં અમારું જીવન સંતોષી, સુખી અને ઊર્ધ્વગામી છે એમ મને લાગ્યું છે. બ્રહ્મચર્યવ્રતના પાલનમાં બા તરફથી કદી વિરોધ નથી થયો. અથવા તો બા કદી લલચાવનારાં નથી બન્યાં. મારી અશક્તિ અથવા આસક્તિ જ મને રોકી રહી હતી.

'મારા પ્રથમ કાળના અનુભવ પ્રમાણે બા બહુ હઠીલી હતી. હું દબાણ કરું તોયે તે પોતાનું ધાર્યું કરતી. તેથી અમારી વચ્ચે ક્ષણિક કે લાંબી કડવાશેય રહેતી. પણ મારું જાહેર જીવન જેમ ઉજ્જવળ થતું ગયું તેમ બા ખીલતી ગઈ. અને પુખ્ત વિચારે મારામાં એટલે મારા કામમાં સમાતી ગઈ. દિવસ જતાં એમ થયું કે, મારામાં અને મારા કામમાં-સેવામાં ભેદ ન રહ્યો. બા તેમાં તદાકાર થવા લાગી.

'અમે અસાધારણ દંપતી હતાં. ૧૯૦૬માં એકબીજાની સંમતિથી અમે આત્મસંયમ સ્વીકાર્યો ત્યારથી અમારો સંબંધ સાચા મિત્રનો થયો. અમે બે ભિન્ન વ્યક્તિ મટી ગયાં. અમારી ગાંઠ પહેલાં કદી નહોતી તેવી દૃઢ બની. મિત્ર થવા છતાં સ્ત્રી તરીકે અને પત્ની તરીકે પોતાનો ધર્મ મારા કાર્યમાં સમાઈ જવામાં જ માન્યો. મારી એવી ઇચ્છા નહીં છતાં તેણે મારામાં લીન બનવાનું પસંદ કર્યું. પરિણામે તે સાચે જ મારું શુભતર અર્ધાંગ બની. મારે જન્મોજન્મ સાથીની પસંદગી કરવાની હોય તો હું બાને જ પસંદ કરું.'

બા-બાપુના મધુર દાંપત્યમાંથી આજનાં દંપતીઓએ ઘણું શીખવા જેવું છે. એવું નહોતું કે લગ્નના પહેલાં દિવસથી જ બેઉ સરસ ગોઠવાઈ ગયેલાં. બાપુનો તાપ ઓછો નહીં ને બા પણ દબાઈ જાય એવાં નહીં. લાલ કિનારવાળી એક સફેદ સાડી બાપુએ કાંતેલા સૂતરમાંથી બની હતી. એમને એ એટલી પ્રિય હતી કે એ સાડી ઓઢીને જ ચિતાએ ચડવું એવી એમની આકાંક્ષા હતી. આ આકાંક્ષામાં ફક્ત પરંપરા નહીં, પ્રેમ પણ હતો. પ્રેમની સુંદર ઝલક બાપુએ બાને લખેલા આ શબ્દોમાં પણ મળે છેઃ 'બા, તેં લખ્યું, મેં તારા માથા ઉપર જતાં હાથ પણ ન મૂક્યો. મોટર ચાલી ને મને પણ લાગ્યું, પણ તું દૂર હતી. તને બહારની નિશાની જોઈએ કે? એમ કેમ માની બેસે છે કે હું બહારથી નથી દેખાડતો, તેથી મારો પ્રેમ સૂકાઈ ગયો છે? હું તો તને કહું છું કે મારો પ્રેમ વધ્યો છે ને વધતો જાય છે... હું તને કેવળ માટીની પૂતળી નથી માનતો. વધુ શું લખું?'

યરવડા જેલમાં એક વાર બાપુએ ફકત દૂધ પર રહેવાનું નક્કી કર્યું. મહિનામાં બાપુનું વજન ખાસ્સું ઘટી ગયું. જેલના અંગ્રેજ સુપ્રિન્ટેન્ડન્ટે બચાવ કર્યો કે ગાંધીજી આ બધું કરે છે એમાં મારો વાંક નથી. બાએ પણ અંગ્રેજી ફટકાર્યુંઃ 'યસ, યસ. આઈ નો માય હસબન્ડ. હી ઓલ્વેઝ મિસ્ચિફ.'

૧૯૪૨માં બાપુ 'હિંદ છોડો'ની ઘોષણા કરવા સેવાગ્રામથી મુંબઈ જઈ રહ્યા હતા. એમને ખાતરી હતી કે સરકાર આ વખતે એમને નહીં જ પકડે. બાને હતું કે પકડશે જ, એટલે માંદાં હોવા છતાં બાપુ સાથે ગયાં. બા સાચાં ઠર્યાં. બાપુ તો પકડાયા જ, બીમાર બાને પણ અંગ્રેજોએ કેદ

કર્યાં. પછીનું દોઢ વર્ષ, બા-બાપુ પૂનાના આગાખાન પેલેસમાં કેદ રહ્યાં. ત્યાં જ બાપુના ખોળામાં બાનું મૃત્યુ થયું.

બાના મૃત્યુના બે દિવસ પહેલાં મનુબહેન ગાંધીએ નોંધ્યું છે, 'બાપુજી પોતાનું બધું કામકાજ બંધ કરી મોટીબાની સેવા કરવામાં જ લીન થઈ ગયાં છે. ઘણોખરો વખત મોટીબા પાસે બેસવામાં જ ગાળે છે.' આગળ લખે છે, 'મૃત્યુવેળાએ બાપુએ બાના માથે હાથ ફેરવ્યો. બાએ કહ્યું: 'જાઉં છું. આપણે ઘણાં સુખદુઃખ ભોગવ્યાં.' ને જીવ નીકળી ગયો. બાપુની આંખમાંથી આંસુ સરી પડ્યાં.'

કસ્તૂરબા-ગાંધીજીના લગ્નજીવનનું આવું સૌંદર્ય હતું. ગાંધીજી કહેતા કે બ્રહ્મચર્યવ્રત બાદ બા સાથેનો તેમનો સંબંધ વધુ ગાઢ અને પવિત્ર બન્યો હતો. પરંતુ એમણે એવું કોઈ વ્રત ન લીધું હોત તો પણ, એકમેક પ્રત્યેના પ્રેમ અને આદરના જોરે તેમણે ઉમદા દાંપત્યની આટલી જ ઊંચી મિસાલ પૂરી પાડી ન હોત?

'સાધુ લે તેનાથી સહસ્ત્રગણી સેવા કરે ત્યાં સુધી તો તેણે નકરી અદાયગી કરી, દુનિયાની ઘરેડે જ ચાલ્યો. અદકું કશું ન કર્યું. એથી વધુ કરે તે તેની વશેકાઇ.'

ગુજરાતી ભાષાની આજની સમૃદ્ધિ જે અનેક નામી-અનામી પૂર્વસૂરિઓને આભારી છે, સ્વામી આનંદ એમાંનું એક ઝળહળતું નામ છે. ૧૮૮૭માં જન્મ અને ૧૯૭૬ની ૨૬મી જાન્યુઆરીએ અવસાન. મૂળ નામ હિંમતલાલ નાથાલાલ દવે. નાની ઉંમરે ઘેરથી ભાગી છેવટે સાધુ બન્યા, રામકૃષ્ણ મિશનમાં જોડાયા. 'સત્યના પ્રયોગો'ની પ્રસ્તાવનામાં ગાંધીજીએ લખ્યું છે કે સ્વામી આનંદે એમને આત્મકથા લખવાની પ્રેરણા આપી. ગાંધી રંગે રંગાયા પહેલાં સ્વામીજી બંગાળના ક્રાંતિકારીઓ સાથે જોડાયા હતા.

ભેખધારી સન્યાસી, પણ કર્મયોગી. બાળગંગાધર તિલકના મરાઠી દૈનિક 'કેસરી'ની ગુજરાતી આવૃત્તિ 'રાષ્ટ્રમત'ના સંપાદક હતા. પછી તો ગાંધીજીનાં સામયિકો 'નવજીવન', 'હરિજન' વગેરેની જવાબદારી પણ સંભાળી અને આ પ્રકાશનોના પ્રિન્ટર-પબ્લિશર તરીકે લાંબો જેલવાસ પણ ભોગવ્યો. આઝાદી પછી હિમાલય ચાલ્યા ગયા અને ત્યાં આશ્રમો સ્થાપીને આદિવાસીઓ વચ્ચે રચનાત્મક કામો કરતા રહ્યા.

સ્વામી આનંદ ગુજરાતી ભાષાના સૌથી વધુ પ્રતિભાશાળી લેખકોમાંના એક હતા. 'બચપણનાં બાર વરસ' એવું સંસ્મરણ-પુસ્તક હોય, 'ઉત્તરાપથની યાત્રા' કે 'બરફરસ્તે બદરીનાથ' જેવું પ્રવાસવર્ણન હોય કે પછી 'ધનીમા' કે 'દાદો ગવળી' જેવું વ્યક્તિચિત્રણ — તેમની મૌલિક શૈલી અને કૌવતવાળી ભાષા વાચકને સંમોહિત કરે જ કરે. જીવનચરિત્રો તો એટલાં લખ્યાં કે એના વિશે જ અનેક સ્વતંત્ર લેખો થઈ શકે. 'કુળકથાઓ'માં મુંબઈને આર્થિક રાજધાની બનાવનાર મોરારજી, ઠાકરસી, ખટાઉ જેવા ગુજરાતી ઘરાનાઓની ગરિમા અને ગજાની સુંદર વાતો સાથે જૂના મુંબઈની મોહિની પણ છે.

સ્વામી આનંદે લખેલાં પુસ્તકોમાંથી મેળવેલા અર્ક સમું પુસ્તક 'ધરતીની આરતી' એમના મૃત્યુ પછીના વર્ષે પ્રગટ થયું. સંપાદક હતા મૂળશંકર મો. ભટ્ટ. પછીનાં વર્ષોમાં 'જૂની મૂડી' નામે સ્વામી આનંદે બનાવેલો ગુજરાતી ભાષાના ભુલાતા જતા શબ્દો અને રુઢિપ્રયોગોનો સંગ્રહ સ્વામીજીની જ સમજૂતીઓ સાથે પ્રગટ થયો.

## હર કી દૂન

ભાણદેવજી

---

'હર કી દૂન' એટલે હરની અર્થાત્ શિવજીની દૂન. આ દૂન એટલે શું? પર્વતો કે પર્વતોની હારમાળાની વચ્ચેના મેદાન કે ખુલ્લી જગ્યાને પહાડી ભાષામાં 'દૂન' કહેવામાં આવે છે. દૃષ્ટાંતતઃ દહેરાદૂન. દહેરાદૂન બે પર્વતમાળા વચ્ચેનું વિસ્તૃત મેદાન છે, તેથી દૂન છે અને તદનુસાર દહેરાદૂન ગણાય છે. તેવી જ રીતે આ હર કી દૂન છે.

દહેરાદૂનના પ્રમાણમાં હર કી દૂનનો વિસ્તાર ઘણો નાનો છે. દહેરાદૂન હિમાલયની શિવાલિક અર્થાત્ પ્રારંભની જ પર્વતમાળામાં અવસ્થિત છે. હર કી દૂન તો ઘણું ઉત્તરમાં અને હિમાલયની મહાન પર્વતમાળામાં અવસ્થિત છે. દહેરાદૂનમાં તો બધા જ પ્રકારનાં વાહનો પહોંચે છે. હર કી દૂનમાં પગે ચાલીને કે ઘોડા દ્વારા જ પહોંચી શકાય છે. દહેરાદૂન તો હવે મોટું શહેર અને ઉત્તરાખંડનું પાટનગર બની ગયું છે. હર કી દૂનમાં છે પહાડો, જંગલો, નદીઓ, ધોધ, ઝરણાંઓ અને ઘાસનાં મેદાનો! દહેરાદૂનમાં શહેર હિમાલયને ગ્રસી ગયું છે. હર કી દૂનમાં હિમાલય છે - સાદ્યંત અને સાંગોપાંગ અબાધિત!

હર કી દૂન હિમાલયનાં થોડાં સુંદર સ્થાનોમાંનું એક છે. હર કી દૂન એક વૅલી છે. હર કી દૂન એક વિસ્તાર છે. હર કી દૂન એક મેદાન છે અને હર કી દૂન એક પર્વતશિખર પણ છે. હર કી દૂન એક સાથે આટલું બધું છે, તો-તો હર કી દૂન જવું જ જોઈએ ને!

હર કી દૂન એક રમણીય સ્થાન અને ઘાટી પણ છે. આ ઘાટી વૃક્ષો-જંગલો, પુષ્પો, નદી, ઝરણાં, ધોધ, પર્વતો, વગેરેથી ભરપૂર છે, તેથી પ્રાકૃતિક સૌંદર્યના રસિયા યાત્રીઓનું આ માનીતું સ્થાન છે. હર કી દૂનમાં બસ રસ્તો નથી, પગ રસ્તો છે, તેથી અહીં બહુ ભીડ ક્યારેય થતી નથી. અનેક પ્રકારનાં પક્ષીઓ, ભાતભાતનાં પુષ્પો, વિવિધ પ્રકારનાં વૃક્ષો, વગેરે માટે આ ઘાટી પ્રસિદ્ધ છે. પ્રકૃતિદેવીની આ ઘાટી હર કી દૂન પર કૃપા છે. તદનુસાર હર કી દૂનની પ્રાકૃતિક સમૃદ્ધિ ઘણી ઊંચી કોટિની છે!

સામાન્યતઃ આપણે એમ માની લીધું છે કે વૅલી ઑફ ફ્લાવર(પુષ્પોની ઘાટી) એટલે હેમકુંડ જતાં, ઘાંઘરિયાથી જવાય તે જ. જાણે હિમાલયમાં આ એકમાત્ર વૅલી ઑફ ફ્લાવર હોય તેવી છાપ ઊભી થઈ છે; પરંતુ આ છાપ સાચી નથી. હિમાલયમાં વૅલી ઑફ ફ્લાવર એક જ નથી, હિમાલયમાં વૅલી ઑફ ફ્લાવર અનેક છે.

સામાન્યતઃ આપણે એમ માની લીધું છે કે કાશ્મીર ભારતનું સૌથી સુંદર સ્થાન છે, પરંતુ આ માન્યતા પણ સાચી નથી. કાશ્મીર ભારતનું એકમાત્ર સુંદર સ્થાન નથી. કાશ્મીરને ઘડીભર ભુલાવી દે તેવાં સુંદર સ્થાનો હિમાલયમાં અનેક છે. કાશ્મીર પર પ્રકૃતિદેવીની કૃપા તો છે જ અને કાશ્મીરનું સૌંદર્ય ઉચ્ચ કોટિનું છે, પરંતુ આપણે એ ન ભૂલીએ કે કાશ્મીરનાં સૌંદર્યધામોમાં માનવસર્જિત તત્ત્વો ખૂબ છે. કાશ્મીરમાં અરણ્યો કરતાં ઉપવનોનું સૌંદર્ય અધિક છે. કાશ્મીરના સૌંદર્યમાં માનવહાથની છાપ લાગેલી છે અને હમણાં તો કાશ્મીરનું સૌંદર્ય આતંકવાદથી અભડાઈ ગયું છે. હિમાલયમાં એવાં અનેક સ્થાનો છે, જ્યાં માનવ-કરામત વિનાનું શુદ્ધ પ્રાકૃતિક સૌંદર્ય છે અને આપણે હેરત પામીએ તેવું પ્રાકૃતિક સૌંદર્ય છે.

સૌંદર્ય માત્ર ચિનારના વૃક્ષમાં સમાઈ જતું નથી. સૌંદર્ય માત્ર નિશાત-શાલિમાર- બાગનાં ફૂલોમાં જ રહેલું નથી. સૌંદર્ય માત્ર ગોળમટોળ ચહેરાવાળી સ્ત્રીઓ પૂરતું સીમિત નથી. સૌંદર્ય ઘણું વ્યાપક તત્ત્વ છે. આપણે સૌંદર્યના ચીલાચાલુ ખ્યાલોમાંથી બહાર નીકળીને તેની આંતરિક અનુભૂતિ તરફ વળીએ તો અને ત્યારે સમજાય છે-

અનુભવાય છે કે સુંદર શું છે અને સૌંદર્ય એટલે શું.

કાશ્મીરઘેલા લોકો દૃષ્ટિની મર્યાદા છોડીને હર કી દૂન જાય તો સૌંદર્યના એક નવા સ્વરૂપને પામે.

આ હર કી દૂન ઘાટી ગોવિંદ વનવિહાર અભયારણ્યની અંતર્ગત છે. તદનુસાર નતવરથી પ્રવેશ થાય છે. જખૌલ પણ આ જ ક્ષેત્રની અંતર્ગત છે. અમે જખૌલથી થોડા પાછા ફરીને હર કી દૂન ઘાટી તરફ જવાનો માર્ગ પકડી લીધો. બંને બાજુ સુંદર અરણ્ય અને અપરંપાર ઝરણાંઓ છે. રસ્તો અને રસ્તા પર આવતાં ઝરણાંઓને પાર કરતાં-કરતાં અમે સાંકરી પહોંચ્યા.

સાંકરીમાં ભોજન-નિવાસની વ્યવસ્થા છે. તદનુસાર અહીં રાત્રિનિવાસ કરીને અમે બીજા દિવસે સવારે આગળ જવા નીકળ્યા. સાંકરીથી તાલુક સુધી જેવોતેવો રસ્તો છે. આ વર્ષે આ વિસ્તારમાં ચોમાસુ બહુ આકરું હતું, તેથી રસ્તાની દશા એવી થઈ ગઈ છે કે રસ્તો હોવા છતાં આપણી મોટર ચાલી શકે નહીં. જીપ દ્વારા સાંકરીથી તાલુક સુધી પહોંચી શકાય છે. અમને પણ આવી એક જીપ મળી ગઈ અને અમે જીપ દ્વારા તાલુક સુધી પહોંચ્યા. અહીં તાલુકથી પદયાત્રાનો પ્રારંભ થાય છે.

તાલુકથી હર કી દૂન ૨૬ કિ.મી. છે. જતી વખતે બે દિવસ અને આવતી વખતે બે દિવસ-એમ આવતાં-જતાં ચાર દિવસની પદયાત્રા છે. રસ્તામાં સીમા નામનું એક સ્થાન છે. સીમા કોઈ ગામ નથી, વસાહત નથી, તે એક સ્થાન છે. સીમામાં ગઢવાલમંડલ અને વનવિભાગનાં અતિથિગૃહો છે. ત્યાં નિવાસ-ભોજનની વ્યવસ્થા છે. તાલુકથી સીમા ૧૪ કિ.મી. અને સીમાથી હર કી દૂન ૧૨ કિ.મી. છે. તાલુકથી છેક હર કી દૂન સુધી રસ્તો રૂપિન નદીના કિનારે કિનારે જાય છે. તાલુકથી સીમા સુધી આ પગદંડી રૂપિનના ડાબા કિનારે છે અને સીમાથી હર કી દૂન સુધી આ પગદંડી રૂપિનના જમણા કિનારે છે. સીમામાં રૂપિન નદીને પાર કરવા માટે મોટો સરસ લોખંડનો પુલ છે

આ રૂપિન નદી હર કી દૂનમાંથી નીકળે છે. આ રૂપિન નદીને નતવરમાં બીજી એક નદી સુપીન મળે છે. રૂપિન અને સુપીનના મિલન પછી આ નદીને નવું નામ 'ટોન્સ' મળે છે. આ ટોન્સ આગળ જતાં યમુનાજીને મળે છે. આનો અર્થ એમ થયો કે હર કી દૂનની પગદંડી પર આવતાં અને જતાં અમે જે નદીના કિનારે કિનારે ચાલીએ છીએ તે રૂપિન નદીનું જળ આખરે યમુનાજીના જળમાં ભળીને યમુનાજળ બનવાનું છે-યમુનાજળ બનશે! હર કી દૂનમાં પણ કોઈ ગામ કે વસાહત નથી, માત્ર બે યાત્રીનિવાસગૃહ છે-ગઢવાલમંડલનું અને બીજું વનવિભાગનું. હર કી દૂન તો એક પર્વતનું નામ છે અને તે પર્વતની તળેટીમાં રહેલા વિશાલ મેદાનનું નામ છે.

સાંકરી અને તાલુક આ બે ગામ છોડી પછી સમગ્ર હર કી દૂન ઘાટીમાં બીજાં ચાર ગામ છે. જમણા કિનારે બે ગામ છે-ગંગાડ અને ઓસ્લો તથા ડાબા કિનારે બે ગામ છે-પૌણી અને કાટબર. ચારમાંથી એક પણ ગામ પગદંડીની બિલકુલ બાજુમાં નથી. થોડા ફંટાઈને ચાલીએ તો જ પહોંચી શકાય તેમ છે.

પ્રાતઃકર્મથી પરવારીને, તૈયાર થઈને, અમારો વધારાનો સામાન મોટરમાં જ મૂકીને અમે તાલુકથી અમારી પદયાત્રાનો પ્રારંભ કર્યો. 'નારાયણ... નારાયણ...' સ્મરણ કરીને પદયાત્રાનો પ્રારંભ કરવો જોઈએ અને તદનુસાર પ્રારંભ થયો.

અમને તાલુકમાંથી જ સૂચના મળી કે થોડે આગળ જતાં, અતિવૃષ્ટિને કારણે પગદંડી સાવ તૂટી ગઈ છે, તમે તે પગદંડી પર નહીં જ ચાલી શકો, પરંતુ ઉપર બીજી કામચલાઉ પગદંડી તૈયાર થઈ છે તેના પર ચાલજો. વળી એમ પણ સૂચના મળી કે રસ્તામાં બીજાં અનેક સ્થાને અતિવૃષ્ટિને કારણે પગદંડી તૂટી ગયેલ છે. નવી જેવીતેવી પગદંડી બનાવી છે. તેના પર સાવધાનીપૂર્વક ચાલજો. આ મોંઘેરી સૂચના મનમાં સાચવી રાખીને અમે આગળ ચાલ્યા.

એકાદ ફર્લાંગ માંડ ચાલ્યા હોઈશું અને જોયું તો જે પહાડ પર પગદંડી બનેલી છે તે પહાડનો બહુ મોટો ભાગ

પગદંડી સહિત નદીમાં ધસી પડ્યો છે. અહીંથી કોઈ રીતે આગળ ચાલી શકાય કે પસાર થઈ શકાય તેમ નથી. શું કરીશું? બીજી પગદંડી ક્યાં છે? અહીં પૂછવું પણ કોને? પરંતુ ભગવાન ઈસુનું વચન છે : ''શોધશે તેને મળશે !'' તદનુસાર અમે પણ શોધ્યું અને અમને મળ્યું. એક નવી કામચલાઉ પગદંડી બનાવી છે તે હાથ લાગી ગઈ. એકબીજાના ટેકેટેકે, એકબીજાનો હાથ પકડીને અમે આગળ ચાલ્યા. પગદંડી જોખમી અને લપસણી તો છે જ, પરંતુ જોખમથી ડરી જઈએ તો હિમાલયયાત્રા અને યથાર્થ જીવનયાત્રા પણ ન થાય અને જીવનમાં કે હિમાલયમાં લપસણી કેડી આવે ત્યારે લપસી પડ્યા વિના જ પસાર થઈ જવું તે જ તો જીવનવિકાસની યાત્રા છે !... ને એમ અમે પણ આ નવી બનેલી જોખમી પગદંડી પસાર કરી ગયા.

અમારી યાત્રા આગળ ચાલી.

ચાલતાં-ચાલતાં બપોર થયા. એક નાની નદી આ મોટી નદી રૂપિનને અહીં મળે છે. અમારે આ નાની નદી પાર કરવાની છે. સદ્ભાગ્યે તેના પર લાકડાનો એક નાનો પુલ બનાવેલો છે. નદી પાર કરીને થોડા આગળ ચાલીએ એટલે તરત એક નાનું ઘાસનું મેદાન આવે છે. અમે અહીં બપોરા કરવા માટે બેઠા. બપોરાના બે હેતુ છે-વિશ્રામ અને ભોજન!

એક મિત્ર આ નાની નદીમાંથી પાણીની ખાલી થઈ ગયેલી બૉટલો ભરી લાવ્યા અને અમે ભાથું ખોલ્યું.

હિમાલયમાં ભોજન કરવાનું ખૂબ ગમે છે. કારણ શું?

કારણો પાંચ છે, અધિક પણ હોઈ શકે. અહીં પાંચ યાદ આવે છે :

૦૧. સરસ મજાની ભૂખ
૦૨. ખુલ્લું આકાશ
૦૩. સૌંદર્યમંડિત વનશ્રી
૦૪. પ્રગાઢ શાંતિ
૦૫. વિશુદ્ધ હવા.

નાનપણમાં વાડીએ વૃક્ષ નીચે બેસીને ભોજન કરતાં અને લોકભારતીમાં બીડમાં વનભોજન માટે જતાં-આ બધું યાદ આવ્યું.

ભોજન પછી ઇચ્છા તો એવી થઈ કે આ સુંદર, સુકોમળ, લીલાછમ ઘાસમાં સૂઈ જઈએ! ના, મારા ભાઈ! આમ સૂઈ રહે તે હિમાલયની યાત્રા ન કરી શકે. આગળ ચાલો અને તદનુસાર અમે પણ આગળ ચાલ્યા.

આમ તો હર કી દૂનની પગદંડી પ્રમાણમાં સારી ગણાય છે, પરંતુ આ વર્ષે અતિવૃષ્ટિના કારણે આ પગદંડી અનેક સ્થાને તૂટી ગઈ છે. કામચલાઉ નવી પગદંડીઓ બની ગઈ છે, પરંતુ આપણા માટે આ નવી બનેલી પગદંડીઓ કઠિન અને જોખમી હોય છે, પરંતુ કઠિન અને જોખમી હોય એટલે ન ચાલવું અને પાછા વળી જવું તેમ તો નથી જ ને! ના-ના, તેમ તો નથી જ! કઠિન અને જોખમી રસ્તે તો ખાસ જવું જોઈએ. જે માનવી કાઠિન્ય અને જોખમથી ડરી જાય, તે જીવનમાં શું ઉકાળી શકે? કઠિન હોય, જોખમી હોય, ત્યાં જ કૂદવું તે જ તો જીવનની મજા છે. વિકટમાં વિકટ સંજોગોમાં પણ ભાંગી ન પડવું, પલાયન ન કરવું તે જ તો સૌથી મોટી વીરતા છે.

વીરતા દાખવવા નહીં, પરંતુ હર કી દૂન પહોંચવા માટે અમે આગળ ચાલ્યા.

રસ્તામાં એક બાળક મળી ગયો. નામ છે રણદેવસિંગ. ઓસ્લોથી દરરોજ ચાલીને ગંગાડ ભણવા માટે જાય છે. આમ તો આ રીતે ઓસ્લોથી ગંગાડ દરરોજ સાત બાળકો ભણવા માટે જાય છે અને આવે છે. બંને ગામ વચ્ચે છ-સાત કિ.મી.નું અંતર હશે. પહાડી પગદંડી છે. લગભગ સતત ચડાઈ અને ઉતરાઈ છે. પરંતુ તોયે દરરોજ જાય છે, ભણે છે અને આવે છે. ગૌરવર્ણનો સરસ ફૂટડો બાળક છે. આજે એકલો કેમ? ખબર નથી. બીજા કોઈ નથી આવ્યા. બાળકના અભ્યાસ, શાળા, શિક્ષણ, પરિવાર, ગામ આદિ અનેક વિષયો વિશે અલકમલકની વાતો કરતાં-કરતાં અમે આગળ ચાલ્યા.

આગળ ચાલતાં એક નાની નદી આવીને રૂપિનને મળે છે તે સ્થાને અમે પહોંચ્યા. અહીં એક ઘટાદાર જંગલ છે. એક જ જાતનાં વૃક્ષો છે. કયાં છે આ વૃક્ષો? નીચે જોયું તો

અખરોટની છાલના ઢગલા જોવા મળે છે. અમે ઉપર જોયું- અખરોટનાં વૃક્ષોને અખરોટનાં ઘેઘૂર ફળો લાગેલાં છે. અમે જોતાં જ રહ્યા. ચતુર રણદેવસિંહ સમજી ગયો અને બોલી ઊઠ્યોઃ

''યહ અખરોટ હૈ. આપકો ચાહિયે અખરોટ?''

અમે હા કે ના કાંઈ કહીએ તે પહેલાં તો એક સૂકી લાકડી લઈને અખરોટનાં વૃક્ષોની ડાળીઓ પર ધડાધડ ઘા મારવા મંડ્યો. નીચે અખરોટનો ઢગલો થઈ ગયો. બાળક બોલી ઊઠ્યોઃ ''મહારાજ ! લઈ લો અખરોટ!'' અમે અખરોટ વીણીને તેમને પથ્થરથી તોડવાનું શરૂ કર્યું અને સાથેસાથે અખરોટ ખાવાનું પણ ચાલુ કર્યું. દરમિયાન રણદેવસિંગ બીજાં નાનાં વૃક્ષોમાંથી થોડાં બીજાં ફળો વીણી લાવ્યો. બોર જેવાં લાલ રંગનાં ખાટાં ફળો હતાં, જાણે આંબલી જ જોઈ લો! અમે થોડાંથોડાં ચાખ્યાં, પણ ભાવ્યાં નહીં. અખરોટ બરાબર છે. અખરોટ તોડવાનો અને અખરોટ ખાવાનો અમારો આ કાર્યક્રમ પંદરેક મિનિટ ચાલ્યો. અમે આગળ ચાલ્યા. રણદેવસિંગ હવે આગળ નીકળી ગયો. તેને ઘેર પહોંચવાની ઉતાવળ હશે.

હવે સાંજ થવા આવી છે. અમે સાંજે સીમા પહોંચ્યા. અહીં કોઈ ગામ નથી. અહીં આ પગદંડી પાસે જ અને રૂપિનનદીના કિનારે બે અતિથિગૃહ છે-એક વનવિભાગનું અને બીજું ગઢવાલમંડલનું. બંને અતિથિગૃહના ચોકીદારો અમને બોલાવવા માટે દોડ્યા. અમે કયા અતિથિગૃહમાં ઊતરીશું? એ બાબતે બંને વચ્ચે થોડો ઝઘડો થયો. એકના હાથમાં શરાબની બૉટલ હતી અને તેના મુખમાંથી શરાબની વાસ આવતી હતી. અમે તેને નાપસંદ કર્યો. બીજા અર્થાત્ ગઢવાલમંડળના અતિથિગૃહમાં નિવાસ કર્યો. એક નાની છાપરીની હોટલમાં ભોજન કર્યું અને પછી નદીકિનારે નિરાંતે બેઠા. આ નદીનું નામ રૂપિન કેમ પડ્યું છે? બહુ રૂપાળી છે, તેથી? હા, લાગે છે તો તેમ જ. આ સમગ્ર વિસ્તાર જ રૂપાળો છે અને આ રૂપાળા વિસ્તારમાંથી નીકળતી આ નદી પણ રૂપાળી છે અને તેથી જ તેનું નામ છે રૂપિન !

આ નદી, આ જળરાશિ, આ પ્રચંડકાય શિલાઓ, આ પ્રચંડ નાદ સાથે વહેતો જળપ્રવાહ, આ ઝરણાંઓ, આ ધોધ, આ વનરાજી, આ પક્ષીઓ, આ પશુઓ અને આ માનવો-આ સર્વ શું છે? અરે! તમે આ આકાશ અને આ સૂર્ય, ચંદ્ર, તારાઓને કેમ ભૂલી જાઓ છો? હા, ભલે! આ સૂર્ય, આ ચંદ્ર અને આ તારાઓ-આ બધું શું છે? આ બધું સુંદર કેમ લાગે છે? આ બધું સુંદર છે એટલે શું? આ સર્વ પરમાત્માની અભિવ્યક્તિ છે! પરમાત્મા પરમ સુંદર છે. અહીં સર્વત્ર તે જ ડોકિયાં કરી રહ્યો છે, તેથી બહુ સુંદર લાગે છે. સૌંદર્ય એટલે પરમાત્માની છાપ, પરમાત્માની અભિવ્યક્તિ.

બીજા દિવસે સવારે પુલ દ્વારા રૂપિનનદી પાર કરીને અમે આગળ ચાલ્યા. પ્રારંભમાં તો રસ્તો હર કી દૂનથી ઊલટી દિશામાં ઓસ્લો તરફ જાય છે. થોડો સમય એ પ્રમાણે ચાલ્યા પછી પગદંડીના બે ફાંટા પડે છે. એક ફાંટો ઓસ્લો તરફ જાય છે અને બીજો ફાંટો હર કી દૂન તરફ જાય છે. ઓસ્લોગામ અમે વળતી વખતે જઈશું એમ નક્કી કરીને અમે હર કી દૂનની પગદંડી પકડી. પગદંડી પકડી એટલે પગદંડીને પકડીને ખિસ્સામાં મૂકી દીધી એમ નહીં. પગદંડી પકડી એટલે અમે ચાલવા માટે તે પગદંડી પસંદ કરી અને તદનુસાર અમે તે પગદંડી પર ચાલવા માંડ્યું.

એક વિશાળ ઢાળવાળા મેદાનમાંથી હવે આ પગદંડી પસાર થાય છે. આ મેદાનમાં એક ખાસ પ્રકારનું ઊંચું ઘાસ ઊગી નીકળેલું છે. અનેક બહેનો આ ઘાસ વાઢવાનું કામ કરી રહી છે. હવે શિયાળો આવવાનો છે. પોતાનાં પશુઓ માટે શિયાળા દરમિયાન ચાલે તેટલા ઘાસચારાનો સંગ્રહ કરી લેવો જોઈએ. તેથી જ આ સૌ બહેનો આ ઘાસની કાપણીનું કાર્ય કરી રહી છે. વહેલી સવારથી અહીં આવીને ઘાસની કાપણીનું કામ કરી રહ્યા છે. ગૌરવર્ણના તેમના ચહેરા પરથી પરસેવાના રેલા ઊતરી રહ્યા છે. બપોરે મા કે ભાભી કે અન્ય કોઈ ભાત લાવશે ત્યારે સૌ સાથે મળીને ભોજન કરશે.

જેમ ખેતર વહેંચેલાં હોય છે, તેમ આ ઘાસના મેદાનના વિભાગો પણ વહેંચેલા છે અને તદનુસાર સૌ પોતાના ભાગમાંથી જ ઘાસ વાઢે છે. અહીં ચારે બાજુ ચરિયાણ પણ પુષ્કળ છે. અનેક ઘેટાં-બકરાં પણ ચરી રહ્યાં છે. અહીં આ વિશાળ મેદાનનાં ચરિયાણ પણ વહેંચેલાં છે. સૌ પોતપોતાના ચરિયાણમાં પોતપોતાનાં ઘેટાં-બકરાં ચરાવે છે. કેટલાક યુવાનો મોટીમોટી શિલાઓની ઓથે રસોઈ બનાવી રહ્યા છે. સવારમાં રસોઈ બનાવી લે અને આખો દિવસ તે ચાલે. ઘેટાં-બકરાંનું દૂધ તો જ્યારે જોઈએ ત્યારે મળી જ રહે છે ને!

ઘાસ કાપનાર બહેનો સાથે થોડી વાતો થઈ અને થોડી ફોટોગ્રાફી પણ થઈ. વળતાં મળીશું એમ કહીને અમે આગળ ચાલ્યા.

આ વિશાળ ઢોળાવ પૂરો થાય એટલે રસ્તો ડાબી તરફ વળે છે. આ વળાંક પાસેથી અનેક સુંદર, હિમાચ્છાદિત શિખરોનાં દર્શન થાય છે-ચોખંબા, સ્વર્ગારોહિણી, કાલાનાગ આદિ.

આ વિસ્તાર હવે હર કી દૂનનો વિસ્તાર છે. આ સમગ્ર વિસ્તાર ખૂબ સુંદર છે. આ રૂપિન નદી, આ રૂપિન નદીમાં મળીને સમાઈ જતાં અનેક ઝરણાં જાણે માની ગોદમાં લપાઈ જતાં શિશુઓ! અહીં આ વિસ્તારમાં દેવદારનાં અપરંપાર જંગલો છે. દેવદાર પણ કેટલાં ઊંચાં! પાઘડી પહેરીને તેમની ઊંચાઈ જોઈએ તો પાઘડી નીચે પડી જાય અને કેપ પહેરીને જોઈએ તો કેપ હાથથી પકડી રાખવી પડે! નદીકિનારે બંને બાજુ નાનાનાના ફૂલછોડ પણ અપરંપાર છે! અને ફૂલો! પુષ્કળ અને પુષ્કળ! અમે થાકી તો જઈએ છીએ, પરંતુ વચ્ચેવચ્ચે ઊભા રહીને આ સર્વત્ર ફેલાયેલા સૌંદર્યનું દર્શન કરીએ છીએ, તેથી થાક ઊતરી જાય છે. હિમાલયની કઠિન યાત્રા સરળ બની જાય છે તેનું એક કારણ આ સૌંદર્યદર્શન છે!

આમ અમે ચાલતાં-ચાલતાં, સૌંદર્યપાન કરતાં-કરતાં, નદીનાળા ઓળંગતાં-ઓળંગતાં આખરે હર કી દૂન પહોંચ્યા. અહીં પણ બે અતિથિગૃહ છે-ગઢવાલમંડલનું અને વનવિભાગનું. અમે ગઢવાલમંડલના અતિથિગૃહમાં નિવાસ કર્યો.

સુરેશ નામનો એક છોકરો અને તેના બીજા બે મિત્રો અમારા માટે નિવાસ અને ભોજનની વ્યવસ્થા કરવાના છે.

અહીં હર કી દૂનમાં કોઈ ગામ કે વસાહત નથી. અહીં છે ચારે બાજુ પર્વતશિખરો અને વચ્ચે છે મોટું મેદાન અને નીચે છે દેવદારનાં જંગલો! અહીંથી પણ હિમશિખરોનાં દર્શન થાય છે-ચોખંબા, સ્વર્ગારોહિણી, કાલાનાગ આદિ અને હર કી દૂન શિખર તો સાવ સામે જ-સાવ બાજુમાં જ! જાણે હાથ લાંબો કરીએ તો અડી શકાય તેટલું નજીક!

સુરેશ અને તેના મિત્રોએ અતિથિગૃહની ઓસરીમાં અમારા માટે ખુરશીઓ મૂકી આપી. અમે બેઠા. આ બેસવું પણ કેવું? આ હિમાલયમાં બેસવું છે! આ હર કી દૂનમાં બેસવું છે! બેસવું અને દર્શન! બસ દર્શન!

થોડી વારમાં ગરમ પાણી તૈયાર થયું. અમે હાથ-મોં ધોઈને તાજામાજા થયા. તેઓ સૌ લાકડાં વીણી લાવ્યા અને રસોઈ બનાવવાના કામમાં લાગી ગયા. અમે બહાર મેદાનમાં ફરવા નીકળ્યા. અહીં આ સમગ્ર વિસ્તારમાંથી અનેક જલધારાઓ નીકળે છે અને બધી જલધારાઓ ક્યાંથી આવે છે? ચારેય બાજુ અવસ્થિત હિમશિખરો અને હિમનદીઓમાંથી આ જલધારાઓ નીકળે છે.

અમે એક ઘાસના મેદાનમાં બેઠા. પ્રગાઢ શાંતિ, ઉત્તુંગ પર્વતશિખરો, કલકલ નિનાદ કરતાં જલસ્રોતો, નિરભ્ર આકાશ-પ્રકૃતિનું આ પ્રગાઢ સાંનિધ્ય માનવીને પોતાના અંતરતમ સુધી પહોંચાડી દે છે. જેમ 'સત્યમ્' તેની જ અભિવ્યક્તિ છે, 'શિવમ્' તેની જ અભિવ્યક્તિ છે, તેમ 'સુંદરમ્' પણ તેની જ અભિવ્યક્તિ છે. 'સુંદરમ્' દ્વારા પણ તેને પામી શકાય છે. આ 'સુંદરમ્' પણ આખરે તો 'સત્યમ્' અને પરમ સત્ય તરફ દોરી જાય છે! આ જ છે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરનો પ્રકૃતિ-રહસ્યવાદ-Nature Mysticism.

સુરેશે બૂમ પાડીઃ

''મહારાજ! ભોજન તૈયાર હૈ. ચલિયે.'' ને અમારો પ્રકૃતિબોધ તૂટ્યો! આ ભોજન પણ શી બલા છે! રોજરોજ વળગે છે અને દિવસમાં બે વાર વળગે છે!

ભોજન કર્યું ગરમ-ગરમ! ભોજન પછી સૌ સૂવાની તૈયારી કરવા મંડ્યા. મેં તેમને સમજાવ્યું :

''મિત્રો! આ હિમાલયની રાત્રિ સૂવામાં ન વેડફી નાખશો!''

પણ મારી વાત સમજે કોણ? મારી વાત માને કોણ?

હું એકલો જ બહાર આવ્યો. એકાંત સ્થાને બેઠો. બધું જ શાંત... બધું જ સ્તબ્ધ... બધું જ એકાકાર... અને બધું જ મહાચૈતન્યમાં વિલીન...

સવારે અહીં વહેલું અજવાળું થઈ જાય છે. સૂર્યનો તડકો તો મોડો આવે, પરંતુ તેનો છડીદાર પ્રકાશ તો અહીં વહેલો આવી જાય છે.

હિમાલયમાં સૂર્ય કે ચંદ્રનો ઉદય ક્ષિતિજમાંથી બહાર આવે ત્યારે નહીં, પરંતુ પહાડમાંથી બહાર આવે ત્યારે થાય છે અને તેમનો અસ્ત પણ તેવી રીતે પહાડ પાછળ જાય ત્યારે થાય છે.

આ મેદાનમાં વહેલી સવારનું વિહરણ બહુ આહ્લાદક બની રહે છે. કોણ જાણે કેમ પણ મને સંધ્યા કરતાં ઉષા વધુ ગમે છે. બંને તેમનાં સ્વરૂપો છે, તોય ઉષામાં ચેતનાનું જાગરણ અનુભવાય છે તે સંધ્યામાં નથી અનુભવાતું.

વહેલી સવારે હર કી દૂનના એ મેદાનમાં મારું વિહરણ ચાલે છે. ઝરણાંઓ જાણે સૂઈને હમણાં જ જાગ્યાં હોય તેમ લાગે છે. બાજુના વનનાં પક્ષીઓ હજુ જાગ્યાં નથી. અહીંના એક મોટા જળસ્રોત પર એક નાનો પુલ પણ બાંધ્યો છે તે દેખાય છે. સામેના પહાડ પર એક પગદંડી દેખાય છે. આ પગદંડીનો માર્ગ અહીંથી ચિત્તકૂલ સુધી જાય છે. ચિત્તકૂલ હિમાચલપ્રદેશના કિન્નોર જિલ્લામાં છે અને સાંગલા-વૅલીનું તિબેટની સરહદ પરનું છેલ્લું ગામ છે.

બધા મિત્રો તૈયાર થઈ ગયા. અમે સૌ હર કી દૂનથી સીમા તરફ આગળ ચાલ્યા. સીમા પહોંચતાં પહેલાં અમારે ઓસ્લો જવાનું છે. તદનુસાર અમે સીમા આવતાં પહેલાં ઓસ્લોનો રસ્તો પકડ્યો. અમને કહેવામાં આવ્યું છે કે જખૌલના સોમેશ્વરદેવ(અર્થાત્ દુર્યોધન!) આજકાલ ઓસ્લોના મંદિરમાં બિરાજે છે. આજે દેવ એક ભક્તને ઘેર ગયા છે અને સાંજે પાલખીમાં બેસીને મંદિરમાં પધારશે. તમે તે વખતે પાલખી અને દેવની યાત્રાનાં દર્શન કરી શકશો.

અમે ઓસ્લો પહોંચ્યા. મંદિરના પટાંગણમાં અનેક પુરુષો એકત્રિત થયા છે. થોડે દૂર ઢોલ અને શરણાઈનો અવાજ સંભળાઈ રહ્યો છે. દેવની યાત્રા હવે મંદિર તરફ આવી રહી છે. થોડી વારમાં જ આવશે. સૌની સાથે અમે પણ મંદિરના પ્રાંગણમાં ઊભા રહ્યા. ઢોલ અને શરણાઈના નાદ સાથે સરઘસ-આકારે દેવની પાલખી આવી. પાલખીને બે યુવાનોએ ઊંચકી છે. રેશમના પડદાથી પાલખી બંધ કરેલ છે. દેવ બિરાજમાન છે, પરંતુ રેશમના પડદામાં બંધ છે. પાલખી મંદિરની સામેના એક ઓટલા પર મૂકવામાં આવી. ચારે બાજુ ઊભેલા પુરુષોએ ઘૂંટણભેર થઈને, હાથ જોડીને પ્રણામ કર્યા. પાલખી તરત ઊંચકી લેવામાં આવી, માત્ર દિશા બદલવામાં આવી. મંદિરનાં દ્વાર ખોલવામાં આવ્યા. પાલખી અંદર ગઈ. દ્વાર તરત બંધ કરવામાં આવ્યાં. અમને કે કોઈને દેવના મુખારવિંદનાં કે શ્રીવિગ્રહનાં દર્શન થયાં નહીં અને સ્પષ્ટ કહી દેવામાં આવ્યું કે અત્યારે દર્શન થશે પણ નહીં.

આટલી બધી ગુપ્તતા શા માટે રાખવામાં આવે છે? અતિ ગુપ્તતા શંકા પ્રગટાવે છે. અતિ ગુપ્તતાનો અર્થ થાય છે દાળમાં કાંઈક કાળું છે-કાંઈક એવું છે, જે તેઓ પ્રગટ કરવા ઇચ્છતા નથી.

અમારા મનમાં ઇચ્છા હતી કે આ સોમેશ્વરદેવનાં દર્શન કરવાં છે; પરંતુ માનવીની બધી જ ઇચ્છા પૂરી થાય જ તેવું નથી. અમે ચૂપચાપ પાછા વળ્યા. આ ઓસ્લો હર કી દૂન ઘાટીનું સૌથી મોટું ગામ છે. ગામમાં રાજપૂતો, હરિજનો અને બ્રાહ્મણો વસે છે. ગામમાં શાળા છે, પરંતુ શિક્ષક આવતા નથી. ભણાવે કોણ? અને ભણાવનાર ન હોય તો

ભણે પણ કોણ? ગામમાં ક્યાંય સ્ત્રીઓ દેખાતી નથી. બધી જ સ્ત્રીઓ મોટા ભાગે ખેતરોમાં કામ માટે ગઈ છે કે ઘાસ વાઢવા ગઈ છે. ચારે બાજુ પુરુષો જ પુરુષો દેખાય છે. શું કરે છે આ પુરુષો? કોઈ પત્તે રમે છે અને કોઈ ચોવટ કરે છે. અમે આગળ ચાલ્યા અને ઓસ્લોથી સીમાના અમારા નિવાસસ્થાને પહોંચ્યા.

અમારા અતિથિગૃહના ખરા રખેવાળ એક વૃદ્ધ બ્રાહ્મણ છે. આજે તેઓ મળ્યા છે. અમે તેમને પૂછ્યું:

‘‘દાદા! સાચું કહો, આ જખૌલના મંદિરમાં બિરાજતા અને અત્યારે ઓસ્લોના મંદિરમાં બિરાજમાન દેવ કોણ છે?’’

તેમણે સ્પષ્ટ રીતે અને દઢતાપૂર્વક કહ્યું :

‘‘તે દેવ દુર્યોધન જ છે! દુર્યોધન જ છે! નામ ભલે બદલે, પરંતુ નામ બદલવાથી કાંઈ દેવ બદલાઈ જતા નથી. અમારાં આ ચોવીસ ગામના ઇષ્ટદેવ દુર્યોધન જ અમારા મંદિરમાં બિરાજમાન છે!’’

અમને લાગ્યું કે આ મહારાજની વાત સાચી છે-આ દેવ દુર્યોધન છે!

બીજા દિવસે અમે સીમાથી નીકળ્યા. આ સીમાથી એક પગદંડી સીધી જ યમુનોત્રી જાય છે. આનો અર્થ એમ કે યમુનોત્રી અહીંથી બહુ દૂર નથી.

એક ગ્રંથમાં વાંચ્યાનું યાદ છે-શનિમહારાજ માટે ‘સોમેશ્વર’ શબ્દનો પ્રયોગ થાય છે. શનિમહારાજની આકૃતિ પણ અનેક સ્થાને જોઈ છે. જખૌલ અને ઓસ્લોના આ સોમેશ્વરદેવની આકૃતિ શનિમહારાજની આકૃતિને ખૂબ મળતી આવે છે. યમુનોત્રી અને ખરસાલી અહીંથી બહુ દૂર નથી. ખરસાલીમાં શનિમહારાજનું મંદિર છે. આ જખૌલ અને ઓસ્લોના મંદિરમાં બિરાજમાન દેવ શનિમહારાજ તો નથી ને?

સાંજે અમે સાંકરી પહોંચ્યા. અમે સાંકરીથી નીકળવા માટે અમારી મોટરમાં બેસવાની તૈયારી કરતા હતા. અમે એક મોટો સમૂહ જોયો. લગભગ ૨૬-૨૭ માનવોનો આ સમૂહ છે. હર કી દૂન જવા માટે અહીં આવ્યા હશે.

આ સમૂહમાંથી કોઈ એક સજ્જન મને ઓળખી ગયા અને ‘ભાણદેવ! ભાણદેવ!’ બૂમો પાડતા દોડ્યા. પછી તો આખો સમૂહ પહોંચી ગયો. આ સૌ મિત્રો મુંબઈથી આવે છે અને હર કી દૂન જવા નીકળ્યા છે. અમારી વચ્ચે ઊભાં-ઊભાં જ થોડો સત્સંગ થયો. અન્યોન્ય શુભેચ્છા આપીને અમે છૂટા પડ્યા.

અમે સાંભળેલું કે નતવરની આજુબાજુમાં ક્યાંક કર્ણ અને શલ્યનું મંદિર છે. અમે આગળ ચાલ્યા અને શોધતા-શોધતા ‘દેવરા’ નામના ગામમાં પહોંચ્યા.

મોટર ગામની બહાર ઊભી રાખીને વાંકીચૂકી શેરીઓમાંથી પસાર થતા આખરે મંદિર પાસે પહોંચ્યા. અહીં કોઈ દ્વિધા કે બે મત નથી કે કાંઈ સંતાડવાનું પણ નથી. અહીં તો સ્પષ્ટ સ્વીકાર છે-આ કર્ણ અને શલ્યની મૂર્તિઓ છે અને આ મંદિર કર્ણમંદિર જ છે. શલ્ય તેમના સારથિ છે, તેથી તેમની સ્થાપના પણ અહીં છે. આ વિસ્તારનાં લગભગ ૨૦ ગામોના આ કર્ણ-શલ્ય ઇષ્ટદેવ છે. તેમની પાલખી નીકળે છે, તેમની માનતાઓ ચાલે છે, તેમની પૂજા-ઉપાસના થાય છે.

અમે મંદિરના પ્રાંગણમાં ઊભા રહ્યા. દૂરથી શ્રીવિગ્રહનાં દર્શન કરવા દે છે.

અમે આગળ ચાલ્યા.

એક શેરીમાં છોકરાઓ રમત રમે છે. આપણે ત્યાં બાળકો કોડીઓ કે લખોટીઓથી રમે છે તેવી આ રમત છે. પરંતુ અહીં કોડીઓ કે લખોટીઓને બદલે કાંઈ બીજું જ છે. શું છે? અખરોટ છે. આ બાળકો અખરોટથી રમે છે. જ્યાં જે ઉપલબ્ધ હોય તેનાથી જ રમાય ને! આ બાળકો જંગલમાંથી અખરોટ વીણી લાવે. રમતમાં અખરોટ જીતે કે હારે! પછી શું કરે? અખરોટ તોડીને પોતાના મિત્રો કે ભાઈઓ-બહેનો સાથે મળીને નાસ્તો કરે!

અમારી મોટર આગળ ચાલી.

અમે મોરી પહોંચ્યા. અહીં રાત્રિનિવાસ થયો. અમારી હર કી દૂનની યાત્રા પરિપૂર્ણ થઈ.

## ૧૦. વારસો : રીઈન્સ્ટોલ્ડ

### ખાદી-ગ્રામોદ્યોગ માટે હાઈપાવર કમિટી

મનુભાઈ મહેતા

સ્વરાજ મળ્યા બાદ ખાદી-ગ્રામોદ્યોગનો વિકાસ સતત થતો રહે તે માટે ભારત સરકાર અને રાજ્ય સરકારોએ સરકારી ઢાંચામાં ગોઠવણ કરી. ખાદીસંસ્થાઓ સરકાર આધારિત યોજનાઓમાં જોડાવા લાગી. ક્યારેક પરિણામ સારું દેખાય તો ક્યારેક ટકી રહેવા માટેના માર્ગો જ મુશ્કેલીભર્યા બને. સરકાર તરફના વધારે પડતા અવલંબનના કારણે સંસ્થાઓનું તેજ ઓસરતું ચાલ્યું છે.

નેવુંના દશકના અંત ભાગે તો અકળામણ એટલી વધી કે આગળ વધવાનું બાજુ પર રહ્યું પણ ટકી રહેવું મુશ્કેલ બન્યું. પૂજ્ય વિનોબાજીએ નિર્માણ કરેલા ખાદી મિશનમાં આ અકળામણ અને વિકટ પરિસ્થિતિનો પડઘો પડ્યો અને વર્ષ ૧૯૯૩માં દિલ્હીમાં ખાદી મિશન તરફથી બોલાવવામાં આવેલ ખાદી સભામાં દેશભરના અગ્રણી ખાદીસેવકો અને વિશાળ કાર્યકર સમૂહ એકત્રિત થયો અને ભારત સરકાર તથા વડાપ્રધાન સમક્ષ દર્દભર્યો ચિતાર રજૂ થયો. માન. વડાપ્રધાન નરસિંહરાવજી ખાદી સભામાં હાજર રહ્યા અને ખાદી-ગ્રામોદ્યોગને પ્રવર્તમાન મુશ્કેલીઓમાંથી માર્ગ સૂચવવા પોતાના અધ્યક્ષસ્થાને જ એક હાઈપાવર કમિટીની રચના કરવાનું જાહેર કર્યું. આ કમિટીમાં માન. વડાપ્રધાન ઉપરાંત માન. મનમોહનસિંહજી, માન. એન્ટોનીજી, પ્રણવ મુખરજી વગેરે મંત્રીઓ તથા શ્રી રામેશ્વરજી ઠાકુર, નવલકિશોર શર્માજી, આદ. બાલવિજયજી, આદ. સોમાભાઈ, રામચંદ્રનજી, શૈલેશ બંદોપાધ્યાય, મુ. જયાબહેન શાહ, જયલોક ઠાકુર, અવધેશભાઈ અને મારું નામ હતું. જુલાઈ ૧૯૯૩માં સમિતિની રચના થઈ. દેશના જુદાજુદા ભાગોમાં કુલ નવેક મિટિંગો થઈ. ખાદી સંસ્થાઓ, કારીગરો વગેરેની રજૂઆત સાંભળી અને એપ્રિલ ૧૯૯૪(ફક્ત આઠ મહિના)માં કમિટીએ નિચોડ તારવી સમગ્ર અહેવાલ સરકારને સુપ્રત કર્યો.

હાઈ પાવર કમિટીએ જે અહેવાલ રજૂ કર્યો તેમાં મહદ્ અંશે ખાદી પ્રવૃત્તિને વિકસાવવા માટેના અભિગમ સ્પષ્ટ કરવામાં આવ્યો જેમ કે-

- સ્વનિર્ભર ગ્રામ્ય અર્થવ્યવસ્થાની સાથોસાથ વિકેન્દ્રિત ધોરણે વિકાસ કરવા માટે આ ક્ષેત્રને ઉચ્ચ પ્રાથમિકતા આપવી જરૂરી છે.
- બેરોજગારીના કારણે જન્મતી ગરીબીના ઉત્કર્ષ માટે ખાદી ગ્રામોદ્યોગ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં રોજગારીની તકો નિર્માણ કરવી જરૂરી છે.
- આ પ્રવૃત્તિના વિકાસને અવરોધતાં પરિબળો- અપૂરતી નાણાકીય જોગવાઈ, યોગ્ય આયોજનનો અભાવ, તજજ્ઞોની કમી, વેચાણવ્યવસ્થાનો અભાવ, લાંબા સમય સુધી રિબેટ રોકી રાખવું વગેરે ગણાવવામાં આવ્યાં.
- ૨૦ નંબર સુધીનું સુતર મિલોને બદલે ખાદી ક્ષેત્રમાં થવું જોઈએ. આ સુતર હેન્ડલૂમ સેક્ટર વાપરે તે માટે તેને ભાવ તફાવત સરભર કરવા સરકારે પગલાં લેવા જોઈએ.
- રિબેટ વર્ષમાં નિયત ગાળામાં જ જાહેર કરવામાં આવે છે, તે પદ્ધતિમાં ફેરફાર કરી તે બારેમાસ મળતું રહે તેમ ગોઠવવું. રિબેટને બદલે માર્કેટ ડેવલોપમેન્ટ આસિસ્ટન્ટ (MDA)નો ઉપયોગ (ઉત્પાદનના ૨૦ ટકા મુજબ) આપવું.
- ઉત્તમ ગુણવત્તાવાળી અને અનન્ય પ્રકારની ખાદી ઉત્પાદન કરવા માટે ખાદીસંસ્થાઓને પ્રોત્સાહિત કરવી અને આવા ઉત્પાદનોના ભાવ નક્કી કરવા સંસ્થાઓ મુક્ત હોવી જોઈએ. આ ઉત્પાદનમાં MDA ચૂકવવાનું ન રહે.
- પ્રમાણપત્ર આપવાની પદ્ધતિ બની રહેવી જોઈએ. સરકારે દરેક ઝોનમાંથી સક્રિય ખાદીસેવકોને કેન્દ્રીય

પ્રમાણપત્ર સમિતિમાં મૂકવા જોઈએ.

● પોલિવસ્ત્રનો વ્યાપ વધતો જાય છે. ખાદી કમિશને તે બાબત લક્ષ્યમાં લઈ વેચાણ અને પ્રસાધનની જરૂરી સુવિધા પૂરી પાડવી જોઈએ.

● ગ્રામોદ્યોગ માટે સુધારેલ ઓજારો તથા તાલીમ ઉપલબ્ધ કરાવવા, જેથી ગ્રામરોજગારીને પ્રોત્સાહન મળે.

● ખાદી કમિશન પાસે સ્વૈચ્છિક સંસ્થાઓને સગવડ અને ટેકો આપવા માટેની અપેક્ષા રાખેલ હતી. વહીવટકર્તાને બદલે વિકાસલક્ષી સંસ્થા તરીકેની કામગીરી ખાદી કમિશને કરવી જોઈએ.

● કમિટીનું મંતવ્ય છે કે ખાદી કમિશનમાં ઝોનવાઈઝ સદસ્યો મૂકવાનું શરૂ રાખવું, પરંતુ આ સદસ્યોને કેન્દ્રીય દફતરમાં અલગઅલગ યોજનાઓ અને કાર્યક્રમોની જવાબદારી સોંપવી અને તદુપરાંત પોતપોતાના ઝોનમાં ચાલતી ખાસ યોજના ઉપર લક્ષ આપે. ખાદી ગ્રામોદ્યોગના ક્ષેત્રના પૂરતા જાણકાર અને અનુભવી વ્યક્તિઓને ખાદી કમિશનમાં સદસ્ય તરીકે પસંદ કરવાની પૂરતી તકેદારી અને કાળજી સરકારે લેવી.

● ખાદી કમિશનના મુખ્ય કાર્યકારી અધિકારી અને નાણાં સલાહકારને વહીવટી કામોની જવાબદારી સોંપવા ગોઠવણી કરવી, પરંતુ તેમને ખાદી કમિશનના સદસ્ય બનાવવાની જરૂર નથી.

● ખાદી ગ્રામોદ્યોગક્ષેત્ર માટે મજૂર કાયદાઓનો અમલ જુદા દૃષ્ટિકોણથી કરવો રહે છે. ઇન્ડસ્ટ્રીઝ ડિસ્પ્યૂટ એક્ટમાંથી ખાદી સંસ્થાઓને મુક્ત કરવા ખાસ જાહેરનામું બહાર પાડવું, પ્રોડિડન્ડ ફંડ અને વીમા એક્ટમાંથી ખાદી ક્ષેત્રને મુક્ત કરવું જોઈએ. ખાદી કમિશને આવી મુક્તિ મેળવવા દૂરદૂરના વિસ્તારોમાં આવેલી સંસ્થાઓને મદદ કરવી.

● મજૂર ધારાઓથી કારીગરોને જે આર્થિક લાભ મળે તેમ જ સુખાકારી પગલાં અને સામાજિક સલામતી પણ કારીગરોને મળવી જોઈએ.

● પારંપરિક ચરખા ઉપર ઉત્પાદન ન્યૂનતમ મળતું હોય અને તેઓ કામના પ્રમાણમાં રોજગારી મેળવતાં હોય તેમને ન્યૂનતમ વેતન ચૂકવવું શક્ય નથી, પરંતુ માન્ય કોસ્ટ ચાર્ટ મુજબ તેમને રોજગારી મળતી રહે.

● કમિટીની ભલામણ થઈ છે તેની મુખ્ય મુખ્ય બાબતો ઉપર પ્રમાણે ગણાવી શકાય. વધુમાં મહિલાઓની ક્ષમતા વધારવા, બેંક ઋણની વિચારણા પણ થવી જોઈએ.

રાજ્ય ખાદી બોર્ડની કામગીરી અંગે પણ સૂચનો થયાં છે. પરંતુ, હાઈ કમિટીના રીપોર્ટ મળ્યા બાદ આટલા વરસો વીત્યા છતાં MDA બાદ કરતાં કોઈ અગત્યની ભલામણનો સ્વીકાર થયાનું અનુભવવા મળ્યું નથી. ગ્રામોદ્યોગ ઉપર મળતી વ્યાજમાફી બંધ થઈ અને નવી લોન મળતી બંધ થઈ, પરિણામે ખાદી-ગ્રામોદ્યોગની સ્થિતિ વધુ ને વધુ ખરાબ થતી ચાલી છે.

પહેલાં રિબેટની ખૂબ મોટી રકમ વરસો સુધી ચૂકવાઈ નહોતી. તો હવે MDAની રકમ બેત્રણ વરસની બાકી પડી છે. ખાદી કમિશનના સદસ્યોની નિયુક્તિ માટે સૂચિત ધોરણો જળવાયેલાં જોવા મળ્યાં નથી. સદસ્યોને કામગીરી સોંપવાનું સ્વીકારાયું નથી.

મજૂર કાયદામાંથી મુક્તિની વાત ઉપર કે પ્રોવિડન્ડ ફંડ અંગે કશો પોઝિટિવ નિર્ણય નથી લેવાયો. પૂરતી નાણાકીય જોગવાઈ કે રોજગારી વિસ્તારવાની વાતનું કોઈ ઠેકાણું ન પડ્યું. કમિશન વિકાસલક્ષી સંસ્થા ન બની, પરંતુ વધુ ને વધુ રેગ્યુલેટરી બોડીનો અનુભવ કરાવી શકી છે.

આમ જોઈએ તો ભારત સરકારના માનનીય વડાપ્રધાનની અધ્યક્ષતામાં નીમાયેલી ખાદી ગ્રામોદ્યોગના વિકાસ દ્વારા ગ્રામ વિસ્તારમાં વિકેન્દ્રિત ધોરણે સ્વનિર્ભર ગ્રામ અર્થવ્યવસ્થા વિકાસાવવા માટે સૂચવાયેલી ભલામણોને નામોશીભરી રીતે ઊંડી ધરબી દઈ તંત્ર પોતે જ આ દેશની હેરિટેજ ગણાતી પ્રવૃત્તિને શૂન્ય બનાવવાનું શ્રેય લઈ રહી છે તે ઘણું જ દુઃખદ છે.

(ખડસલી-સાવરકુંડલા)

## જીવનની ગરિમાના સંવાહક

નારાયણ શાહ

---

માનવસેવા જેના અંતરતમમાં સતત ધબક્યા કરે છે, સેવેલા આદર્શોને ચરિતાર્થ કરવા માટે જે સતત તત્પર રહેતી હોય છે - વળી, સેવાભાવનાના રાઈ જેટલા બીજમાંથી ઘનઘોર વનવગડાને પણ વિરાટ વૃંદાવનમાં પરિવર્તન કરી રહી છે તેવી સંસ્થા બગસરાની વિશ્વવાત્સલ્ય માનવસેવાના ઉપપ્રમુખ અને પ્રસ્તુત ગ્રંથ 'જીવનગરિમાના સંવાહક' એ બીજું કોઈ નહીં પણ આપણા સૌના શ્રી પ્રવીણચંદ્ર જ છે. સંસ્થાના પ્રમુખશ્રી ભીખાભાઈ નાકરાણી તથા મેનેજિંગ ટ્રસ્ટીશ્રી દેવચંદભાઈ સાવલિયાએ પ્રવીણચંદ્રનાં સત્કાર્યોનું પ્રકાશન કરવા અથાક પ્રયત્નો કર્યા છે, અલબત્ત અમૃતપર્વ અભિવાદન ગ્રંથના પ્રકાશન દ્વારા. જેમાં ૫૨(બાવન) જેટલા વિદ્યાર્થીઓને આર્થિક સહયોગ પણ સાંપડ્યો છે. આ બધાંની સાથે, લગોલગ ઉપસ્થિત છે, સણોસરાની લોકભારતી- જે લોકભારતીએ પ્રવીણચંદ્રનું ઘડતર અને ચણતર કર્યું છે. એવી નોંધ જોવા મળે છે કે શ્રી પ્રવીણભાઈના સુરેખ, સર્વાંગી વ્યક્તિત્વના ઘડવૈયા મનુભાઈ પંચોળી 'દર્શક' અને શ્રી જયાબેન શાહ હતાં. ક્રિટિકલ થિંકિંગમાં સદાયે મસ્ત રહેતાં લોકસેવા મહાવિદ્યાલયના નિયામક શ્રી કાંતિભાઈ ગોઠી સૂચવે છેઃ 'આ ગ્રંથના લખાણોમાંથી પસાર થતાં મેં જોયું છે કે, વહીવટ સાથે વ્યક્તિગત જીવનના શોખ, ગુણવત્તાસભર સમયનું સંતુલન પ્રવીણભાઈએ બરાબર જાળવી રાખ્યું છે. જેમાંથી તેમની બહુમુખી પ્રતિભા કે વ્યક્તિત્વ ઊભરી આવે છે.' શ્રી યોગેશભાઈ ભટ્ટ કે જેઓ ૩૯ વર્ષ સુધી અધ્યાપક તરીકે લોકભારતીમાં પ્રવૃત્ત રહ્યા છે, તે તો સાવ સ્પષ્ટ જ કહે છેઃ 'પ્રવીણભાઈનો લોકભારતી માટે એવો તીવ્ર લગાવ રહ્યો છે કે જેની સદ્દભાવી અસર થકી લોકભારતીનો મહિમા નિરંતર પ્રગટ થતો રહ્યો. મનસુખભાઈ સલ્લા, લોકભારતીના પ્રયોગશીલ આચાર્ય પણ પ્રવીણચંદ્રના વ્યક્તિત્વ પર પ્રકાશ રેલાવે છે.

ગાંધીવિચારના ચિંતક અને અનેક એવૉર્ડ સન્માનથી વિભૂષિત કેળવણીકાર ડૉ. અરુણભાઈ દવેએ તો એમ પ્રબોધ્યું છે કે, 'Imperfect is the joy not shared by all' શ્રી અરવિંદની ઉક્તિ પ્રમાણે આનંદ વહેંચીને પ્રસન્ન થઈ મોજ માણતા પ્રવીણભાઈ જોવા મળે છે. પ્રસ્તુત ગ્રંથમાં પ્રવીણચંદ્રના જીવનચરિતના સ્થૂળ પાસાં જ માત્ર જોવા મળ્યાં નથી કે ઠાલાં પ્રશંસાનાં પુષ્પો વેરવાનો પ્રયાસ નથી, અલબત્ત એક નર્યું, નકારું મઘમઘતું લોકોપયોગી જીવનનું ચિત્રણ કરીને 'જીવનની ગરિમાના સંવાહક'ને લોકહિતને હૈયે રાખીને, સમાજ સમક્ષ મૂકવાનો સઘન પ્રયત્ન, ઇરાદો ચોખ્ખોચટ નજરે પડે છે. લગભગ ૩૪૨ પૃષ્ઠોમાં પ્રસારિત આ ગ્રંથની રચનામાં આઠ જેટલી વ્યક્તિઓનાં નામ ગણતરીમાં લેવાયાં છે. તે પૈકી ચાર સંપાદકો અનુક્રમે ઘનશ્યામ ઝડફિયા, દેવચંદ સાવલિયા, ડૉ. નરેન્દ્ર ધાંધલ્યા અને રતિલાલ સુદાણી અને પછી પરામર્શકો પૈકી ૪ સંજયભાઈ ઠાકર, કાંતિભાઈ ગોઠી, વિઠ્ઠલભાઈ પટેલ અને ડૉ. છાયાબહેન પારેખ.

પ્રવીણચંદ્રની સાહિત્યિક યાત્રા પણ ચમકતી જોવા મળી છે. સર્જનમાં ૨૬ જેટલાં નાનાં-મોટાં પુસ્તક-પુસ્તિકાઓ પ્રકાશિત થઈ ચૂક્યાં છે. સંપાદિત પુસ્તિકાઓ પૈકી 'ઉત્સવ', 'મહેક', અને 'તપોવનના યાત્રિક' પ્રભાવક રહ્યાં. ૪૪ જેટલાં સામયિકોમાં ૨૨૬થી વધારે લેખો નોંધપાત્ર આલોકાયા છે. પ્રસ્તુત 'જીવન ગરિમાના સંવાહક' ગ્રંથને વ્યવસ્થારૂપે છ જેટલા વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓના વિભાગમાં ૮૦(એંસી)

જેટલા વિદ્યાર્થીઓનું સામાન્યતઃ એવું કહેવું છે કે 'આજે અમે જે છીએ કે જે સ્થાને પહોંચ્યા છીએ, તેમાં પ્રવીણભાઈ સહિતનો લોકભારતી સંસ્થાનો યશસ્વી ફાળો છે. વિભાગ ચારમાં ૧૯(ઓગણીશ) જેટલા પ્રવીણભાઈને નજદીકથી ઓળખનાર અને જાણનાર સહસાથીઓ કે સ્વજનોએ તો જે વાતો કરી છે તેમને તો લાગણીની વેલને ઘણી ઊંચે ચડાવી દીધી. દોહિત્રી મહેક તો શાયરીમાં જ બોલે છે, વાંચો, મજા આવી જશેઃ

'કુછ કે લિયે પ્રોત્સાહન હૈ, તો કુછ કે લિયે સહાયક,
કિસી કે લિયે લેખક, તો કિસી કે લિયે વિચારક,
પર મેરે લિયે તો : એક કવિતા કી તરહ હૈ,
જો શાયદ સાલોં સેં,
ઝહન મેં કૈદ થી ઔર વહ આજ લફઝોમેં તબ્દિલ હો રહી હૈ

એમેટિ સ્કૂલ-ભરૂચના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી રણછોડભાઈ શાહે તો બેધડક લખી દીધું છે કે 'આ ગ્રંથ કોઈ પણ સંસ્થા માટે 'ગીતાજી' સમાન બની રહેશે. તેઓ ઉમેરે છે કે પ્રવીણચંદ્રનાં જીવનસાથી-પત્ની દીપાબહેને આ ગ્રંથમાં નોંધપાત્ર કથન ઉચ્ચાર્યું છેઃ 'અમારી જીવનયાત્રાના દાંપત્યજીવનનાં ૪૭ જેટલાં વર્ષો સુખમય, આનંદમય પસાર થઈ ગયાં છે. એ માટે હું મારી જાતને ખુશનસીબ સમજું છું, ધન્ય ગણું છું.

એક અભ્યાસ એમ પણ કહે છે કે પ્રવીણચંદ્રે દીકરા-દીકરીઓ, પૌત્રો, દોહિત્રીઓ સૌને સમેટીને સંપ-સુલેહથી પોતાની સાથે રાખ્યાં છે. તેથી તેમનું ઘર હંમેશાં શબ્દ-ગુંજનથી ગુંજ્યા કરતું. વિભાગ પાંચમાં તમે જોઈ શકશો કે શ્રી અનુભૂતિ ટ્રસ્ટના પ્રવીણભાઈ ચેરમેન હોવા છતાં તેઓએ પોતાને છુપાવી રાખ્યા છે. જો કે, બોલતી તસ્વીરો પ્રવીણભાઈનું સાચું ચિત્રણ કરી રહી છે, જે અવલોકનીય છે. વિભાગ છમાં નોંધપાત્ર વ્યક્તિઓ દ્વારા પ્રવીણભાઈના વ્યક્તિત્વ પર પ્રકાશ પાડવા કોશિશ થઈ છે. જે પૈકી આ લખનાર સહિત ભાવનગરની વિખ્યાત સંસ્થા શિશુવિહારના મંત્રી શ્રી નાનકભાઈ ભટ્ટે દિલકશ વાતો કરી છે. તે લખે છેઃ પ્રવીણભાઈના ચમકતાં-ઝબકતાં સર્જનોમાં 'જીવનની સફળતા-સાર્થકતાના સોનેરી ઉપાયો' પુસ્તિકા જે ૨૦૦૬માં પ્રકાશિત થઈ હતી તેની જોતજોતામાં(આજ સુધીમાં) ૧.૩૫ લાખ જેટલી નકલો વેચાઈ ગઈ કે વહેંચાઈ ગઈ. દરમિયાન પ્રસંગે પ્રસંગે ૨૪૮ જેટલાં વ્યાખ્યાનો આપીને પોતાનાં કામ અને નામનો પ્રચાર-પ્રસાર શક્ય બની શક્યો હતો. સહેજ આગળ વધીને ગ્રંથને વાંચીશું તો પ્રસિદ્ધ સાહિત્યકાર કે ચિંતક શ્રી ગુણવંતભાઈ શાહની ટકોર, જે આ લખનારને મીઠી મધ જેવી લાગી હતીઃ 'મળેલું સ્વરાજ્ય માણવા જેવું ખરું.'

તા.૨૮/૦૮/૧૯૪૬માં ખંભરા-કચ્છમાં જન્મેલા શ્રી પ્રવીણભાઈ ઠક્કર સાવ નીરોગી, તેજસ્વી અને ગુલાબી ત્વચાના પુષ્ટદેહી આપણી વચ્ચે છે ને હેતુલક્ષી જીવન જીવી રહ્યા છે. દીર્ઘ જીવન હજી બાકી છે. હજી એમના તનબદન કે જીવન પર જીવનસંધ્યાના સોહામણા રંગો રેલાયા નથી. યુવાન જેવું તનબદન ધરાવતા પ્રવીણભાઈ હજી આજે પણ ચિત્તાકર્ષક લાગે છે. તેઓ ટોપ જીવનને ટોપેસ્ટ જીવન બનાવી રહ્યા છે.

'જીયો તો ઐસી શાનસે, ઝૂમ ઉઠે જિંદગી.'
અને વળી,
'મળ્યું છે તો માણો, જીવન કચવાટે શીદ વાહો,
જીવો આયુ એવું, ક્ષણ મહીં યુગો તણું.'

(જી-૧૫, નૂતનસૌરભ સોસાયટી, વિજયનગર ફ્લેટ પાસે, હરણી રોડ, વડોદરા-૬, મો.૯૯૨૪૪૨૮૦૮૪.)

## ૧૧. મરક- મરક

### જરા હસીએ

સંકલિત

---

પત્નીઃ જલદી ઊઠો, મારે ભાખરી કરવાની છે.
પતિઃ તો કર ને. હું ક્યાં તાવડી પર સૂતો છું?

●

ગુજરાતીઃ રસ્તા પર સો રૂપિયાની ને બસો રૂપિયાની નોટ પડેલી હોય તો તમે કઈ લેશો?
સરદારજીઃ બસોની જ લેવાય ને?
ગુજરાતીઃ એટલે તો તમારા પર જોક્સ બને છે. બન્ને ન લઈ લેવાય?

●

'મારે લગ્ન નથી કરવા. મને સ્ત્રીઓની બીક લાગે છે.'
'લગ્ન કરી લે. પછી એક સ્ત્રીની જ બીક લાગશે.'

●

'મારાં લગ્ન કદી નહીં થાય. મને જેટલી છોકરીઓ ગમે છે એ બધીને મારી બા ના પાડી દે છે.'
'તો તારી બા જેવી છોકરી પસંદ કર ને.'
'એને મારા બાપા ના પાડે છે.'

●

જજઃ ઘરમાં માલિક હાજર હતો છતાં પણ તેં ચોરી કઈ રીતે કરી?
ચોરઃ જજ સાહેબ, તમારી પાસે આટલી સારી નોકરી છે, આટલો સારો પગાર છે.
પછી તમે આ બધું શીખીને શું કરશો?

●

'લગ્ન પછી તું અલગ ઘરની માગણી તો નહિ કરે ને?'
'ના, હું એવી છોકરી નથી. તું લગ્ન પછી તારી મમ્મીને અલગ ઘર અપાવી દેજે.'

●

'ભીખ ન માગીશ. જા અને કોઈ કામ ધંધો કર.'
'સાહેબ, હું કોઈ સામાન્ય ભિખારી નથી. મેં "પૈસા કમાવાની ૧૦૦ રીતો" નામનું પુસ્તક લખ્યું છે.'
'તો પછી ભીખ કેમ માંગી રહ્યો છે?'
'કારણ કે, તે પુસ્તકમાં લખેલી આ સૌથી સરળ રીત છે.'

●

મમ્મી પોતાનાં બાળકોનેઃ જે મારી બધી વાત માનશે અને ક્યારેય આડાઅવળા જવાબ નહીં આપે તેને હું ગિફ્ટ આપીશ.
બાળકોઃ આ રીતે તો બધી ગિફ્ટ પપ્પા જ લઈ જશે.

●

પપ્પા (દીકરા પર ગુસ્સે થતા) : તારાથી એક કામ સરખું નથી થતું, તને ફુદીનો લેવા મોકલ્યો હતો અને તું કોથમીર લઈ આવ્યો. તારા જેવા મૂર્ખને તો ઘરમાંથી કાઢી મૂકવો જોઈએ.
દીકરો : પપ્પા, ચાલો આપણે સાથે જ નીકળી જઈએ.
પપ્પા : શા માટે?
દીકરો : કેમ કે મમ્મી કહ્યું કે આ મેથી છે.

●

'અમે તો સાધુ છીએ. રામ રાખે તેમ રહીએ.'
'અમે તો સંસારી છીએ. સીતા રાખે તેમ રહીએ.'

●

'ડ્રાઈવર અને કંડકટરમાં શું ફરક?'
'કંડકટર ઊંઘી ગયો તો કોઈની ટિકીટ નહીં કપાય, પરંતુ જો ડ્રાઈવર સૂઈ ગયો તો બધાની ટિકીટ કપાઈ જાય.'

●

## ૧૨. સંસ્થા સમાચાર (ફેબ્રુઆરી ૧-૨૮, ૨૦૨૨)

**સંકલન : પ્રશાંત મહેતા**

**લોકભારતી સમાચાર**

● તા.૦૨ના રોજ જાણીતા કલાકાર, શિક્ષણક્ષેત્રે પ્રવૃત્ત એવા અને લોકભારતીના શુભેચ્છક શ્રી સાંઈરામ દવે લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.

● તા.૦૩ના રોજ અંગદાન પ્રચાર-પ્રસાર માટે કાર્યરત શ્રી દિલીપભાઈ દેશમુખનો એક કાર્યક્રમ ગઢુલા ગામે યોજાઈ ગયો, તેમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી વિશાલભાઈ ભાદાણી જઈ આવ્યા.

● ભાવનગર જિલ્લા વિકાસ અધિકારીશ્રી પ્રશાંતભાઈ જીલોવા તેમની જળ સંચયની ટીમ સાથે તા.૦૫ના રોજ લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.

● તા. ૯ના રોજ અધ્યાપન મંદિરમાં સ્વયંપાકનો કાર્યક્રમ યોજાઈ ગયો.

● તા.૧૦ના રોજ સમગ્ર લોકભારતી કાર્યકરોની એક બેઠક સ્મૃતિભવનમાં મળી ગઈ, જેમાં આગળના કાર્યક્રમોની ચર્ચા-વિચારણાઓ કરવામાં આવી અને કેટલીક બાબતોથી સૌ કાર્યકરોને અવગત કરવામાં આવ્યા.

● તા.૧૫ના રોજ ગુજરાત અને મહારાષ્ટ્રના કૃષિ વિજ્ઞાન કેન્દ્રોનો આર્યા પ્રોજેક્ટ અંતર્ગત ઝોનલ રિવ્યૂ વર્કશોપ ઓનલાઇન યોજાઈ ગયો. શ્રી નિગમભાઈ શુકલ તથા શ્રી પ્રદીપભાઈ ક્યાડાએ તેમાં ભાગ લીધો.

● તા.૧૧ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની વાર્ષિક વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક શ્રી હસમુખભાઈ દેવમુરારિના અધ્યક્ષસ્થાને યોજવામાં આવી. જેમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાંથી વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. એચ.એમ. ગાજીપરા, સહવિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. જી.આર. ગોહિલ અને અન્ય અધિકારીશ્રીઓ તેમ જ રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાંથી અધિકારીઓએ પણ હાજર રહી ભાગીદારી કરી.

● તા. ૧૨ના રોજ અધ્યાપન મંદિરના પૂર્વ વિદ્યાર્થી તેમ જ હાલમાં નિવૃત્ત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી બટુકભાઈ જડકલાએ સંસ્થાની શુભેચ્છા મુલાકાત લઈ સંમેલનમાં વાર્તાલાપ કર્યો.

● આધુનિક સમયને અનુરૂપ એકદમ ટૂંકી અને છતાં સમગ્ર બાબતોને આવરી લેતી લોકભારતી અંગેની દસ્તાવેજી ફિલ્મ(ડોક્યૂમેન્ટરી)ના શૂટિંગ માટે મુંબઈથી અદ્‌ભૂત ક્રિયેશનની વીસેક જણાની ટીમ શ્રી વૈભવભાઈ પંડિતના નેતૃત્વ તળે તા.૧૨થી ૧૬ દરમિયાન લોકભારતીમાં આવી ગઈ. તેણે લોકભારતીના સમગ્ર વિચારને ડોક્યૂમેન્ટરી ફોર્મમાં ઢાળવા સખત અને બહુ ઝીણવટભર્યો પુરુષાર્થ કર્યો, વિધવિધ પ્રવૃત્તિઓનાં શૂટિંગ કરવામાં આવ્યાં. આ દરમિયાન શૂટિંગની પ્રક્રિયા અંગેનું રસપ્રદ વાતાવરણ સર્જાયું. અભિનેતા શ્રી દીપકભાઈ અંતાણી પણ એક દિવસ લોકભારતી આવી ગયા અને ગાંધીજીનું પાત્ર ભજવી ગયા.

● તા. ૧૭થી ૦૨ સુધી અધ્યાપન મંદિરની ઇન્ટર્નશીપ યોજાઈ ગઈ. તાલીમાર્થીઓએ સાંજણાસર, ઘાટરવાળા, સથરા, માઈધાર, બોરલા, ભદ્રાવળ-૧, સાંખડાસર-૧, ગરીબપુરા, મણાર, બેલડા ગામની પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ કાર્ય કર્યું.

● તા. ૨૨થી ૨૮ દરમ્યાન અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓએ ઇન્ટર્નશીપના સ્થળેથી આસપાસનાં ૧૦૪ ગામની પ્રાથમિક શાળાઓમાં જઈ વિજ્ઞાન સપ્તાહની ઉજવણી કરી.

● ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઑફ સાયન્સ એન્ડ ટેક્નૉલૉજીના વિજ્ઞાન પ્રચાર-પ્રસાર એકમ દ્વારા 'વિજ્ઞાનઃ સર્વત્ર પૂજ્યતે' કાર્યક્રમ માટે દેશના ૭૫ પૈકી એક આપણા લોકભારતી વિજ્ઞાન કેન્દ્રને જવાબદારી સોંપવામાં આવી. તા.૨૨થી ૨૮ સુધી પૂરા સપ્તાહ દરમિયાન શ્રી અરુણભાઈ દવેના માર્ગદર્શન તળે અને શ્રી પાર્થેશભાઈ પંડ્યાના નેતૃત્વ હેઠળ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર-માઈધાર, વિજ્ઞાનનગરી-ભાવનગર અને મોજીલું શિક્ષણની ટીમ સાથે સંયુક્ત રીતે જિલ્લાનાં ઘણાં ગામડાંઓમાં વિજ્ઞાન પ્રચાર-પ્રસારના નિદર્શનો-પ્રદર્શનો, ગ્રીન રેલીઓ, આકાશદર્શન, બ્રહ્માંડ અંગેનાં પ્રેઝન્ટેશન સાથેનાં વ્યાખ્યાનો, વિજ્ઞાન કેન્દ્રની વિદ્યાર્થીઓની મોટી સંખ્યામાં મુલાકાતો, ખેડૂત-ગોષ્ઠિઓ,

વગેરે સહિતના ઘનિષ્ટ કાર્યક્રમો યોજાયા. લોકભારતીમાં વિજ્ઞાનસપ્તાહનો ઉદઘાટન કાર્યક્રમ તા.૨૨ના રોજ મ.કૃ. ભાવનગર યુનિવર્સિટીના કુલપતિ શ્રી મહીપતસિંહજી ચાવડા, ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીના અતિથિ વિશેષપદે શ્રી અરૂણભાઈ દવેની ઉપસ્થિતિમાં અને સમાપન કાર્યક્રમ કેન્દ્રીય મંત્રી અને લોકભારતીના શુભેચ્છક શ્રી મનસુખભાઈ માંડવિયા અને ઈફકો-નવી દિલ્હીના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી તથા પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝના સી.એસ.આર.ના વડા શ્રી પી. કે. શુક્લાજીની વિશેષ ઉપસ્થિતિમાં તા.૨૮મીના રોજ સુપેરે સંપન્ન થયો.

● કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા.૨૨થી ૨૮ દરમિયાન કૃષિ તકનિકી સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું. જે અંતર્ગત પ્રત્યેક દિવસે કૃષિ, બાગાયત, પશુપાલન, પ્રાકૃતિક કૃષિને લગતી વિવિધ તકનિકો અને પદ્ધતિઓનું નિદર્શન તથા ખેડૂત-વૈજ્ઞાનિક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. સપ્તાહ દરમિયાન કુલ ૪૮૭ ખેડૂત ભાઈ-બહેનોએ આ આયોજનમાં રસપૂર્વક ભાગ લઈને હાજરી આપી.

● શ્રી અરૂણભાઈ દવે ડૉક્યુમેંટરી ફિલ્મ-નિર્માણના વિજ્ઞાન સપ્તાહ ઉજવણીનાં અને લોકભારતી યુનિવર્સિટી માટેના કામોમાં ખૂબ વ્યસ્ત રહ્યા. તા. ૫મીએ મોરબીના નર્મદા બાલઘર ખાતે મુલાકાત લઈને શિક્ષણમાં આધુનિક ટૅકનોલોજીના ઉપયોગ બાબતે જાણકારી મેળવી. તા. ૭મીએ દાતાઓ સાથે અમદાવાદ ખાતે બેઠક કરી અને તા.૧૧મીએ મણાર ખાતે લોકશાળાઓના તમામ કાર્યકરો સાથે શુભેચ્છા સંવાદ-ગોષ્ઠિ યોજી. તા. ૧૬મીએ વિજ્ઞાન દિન નિમિત્તેના વ્યાખ્યાનો સંદર્ભે વર્ચ્યુઅલ સંબોધન કર્યું.

**આંબલા સમાચાર**

● તા.૦૧ના રોજ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. પરવેઝભાઈ પઠાણે વ્યસનમુક્તિ અંગે પી.પી.ટી. સાથે વ્યાખ્યાન આપ્યું અને સાથોસાથ વિદ્યાર્થીઓમાં વ્યસનમુક્તિ જાગૃતિ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કર્યું. દરેક વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યાં.

● તા.૦૩ના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-સોનગઢના ડૉ. મિલનભાઈ તથા તેમની ટીમે દરેક વિદ્યાર્થી ભાઈઓ-બહેનોના બ્લડ ગ્રુપિંગ અને હીમોગ્લોબિનની તપાસ કરી. ઘરે ભોજન લેતાં અને સંસ્થાના રસોડે ભોજન લેતાં વિદ્યાર્થીઓનો તુલનાત્મક અભ્યાસ કર્યો.

● તા.૦૩ના રોજ શ્રી દિલીપભાઈ દેશમુખના અંગદાન અંગેના સેમિનારમાં શ્રી વાઘજીભાઈ કરમટિયા ગઢુલા મુકામે જઈ આવ્યા.

● તા.૨૧ના રોજ બગસરા મુકામે શ્રી વાઘજીભાઈ, શ્રી ગૌરાંગભાઈ તથા શ્રી મુકેશભાઈ શ્રી સંજય તુલા દ્વારા આયોજિત ગાંધી ગોષ્ઠિ વિચાર સંવાદમાં જઈ આવ્યા.

● તા.૨૨ના રોજ ધોરણ ૦૯ના વિદ્યાર્થીઓને લઈને શિક્ષક શ્રી બિપીનભાઈ પ્રખરતા શોધ કસોટી સ્પર્ધામાં ભાગ લેવા જઈ આવ્યા. તેમજ તા.૨૬ના રોજ ધોરણ-૦૯ના ૮ વિદ્યાર્થીઓ માધ્યમિક શિષ્યવૃત્તિની પરીક્ષા આપવા માટે શ્રી વિક્રમભાઈ દેસાઈની સાથે જઈ આવ્યા.

● તા.૨૨થી ૨૮ દરમિયાન ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓની NSS વાર્ષિક ખાસ શિબિર ઘોઘા તાલુકાના ત્રાંબાક મુકામે યોજાઈ ગઈ. ઉદ્‌ઘાટનમાં ઘોઘા તાલુકા પંચાયતના શ્રી મહાવીરસિંહજી ગોહિલ, દિગ્વિજયસિંહ, સરપંચ શ્રી દિનેશભાઈ, આજુબાજુનાં ગામની શાળાઓના શિક્ષકો અને ગ્રામજનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા. શિબિર દરમિયાન સર્વરોગ નિદાન કેમ્પ, લોકડાયરો, સાંસ્કૃતિક કાર્યક્રમ, ભીંતસૂત્રો, ગામસફાઈ જેવા કાર્યક્રમો કરવામાં આવ્યા. વિશેષમાં વિજ્ઞાન સપ્તાહ નિમિતે "વિજ્ઞાન સર્વત્ર પૂજયતે"ના ભાગરૂપે આજુબાજુનાં ગામમાં વિજ્ઞાનવાહિની સાથે વિજ્ઞાન પ્રદર્શન અને વિજ્ઞાનના પ્રયોગો કરાવવામાં આવ્યા. શિબિરની પૂર્ણાહુતિમાં સરપંચ શ્રી દિનેશભાઈ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા. ત્રાંબાક પ્રાથમિક શાળાના આચાર્યશ્રીએ જણાવ્યું કે આ ગામમાં આવું કાર્ય પ્રથમવાર થયેલ છે. સમાપન કાર્યક્રમમાં શ્રી વાઘજીભાઈ કરમટિયાએ ઓનલાઇન સંબોધન કર્યું.

● આંબલા મોજીલા શિક્ષણ પ્રોજેકટ દ્વારા વિજ્ઞાન સપ્તાહ દરમિયાન "વિજ્ઞાન સર્વત્ર પૂજયતે" અંતર્ગત આજુબાજુની જુદીજુદી ૧૫ શાળાઓમાં જઈને વિજ્ઞાન પ્રદર્શનો અને વિજ્ઞાનના પ્રયોગો કરવાવામાં આવ્યા. તેમ જ ડૉ. સી.વી. રામનની રામન ઈફેક્ટ વિષે સવિસ્તર સમજાવવામાં આવ્યું. આંબલા મુકામે પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને વિજ્ઞાનના પ્રયોગ મારફત જુદા જુદા નિયમો વિષે પ્રોજેક્ટના બંને કાર્યકરો શ્રી મહર્ષિભાઈ તથા શ્રી કેતનભાઈ તરફથી માહિતી આપવામાં

આવી.

● તા.૨૮ના રોજ આનંદશાળા અંતર્ગત ગુજરાતની ૨૦ શાળાઓનાં ૪૩ શિક્ષક ભાઈ-બહેનો શાળાની પરિચય મુલાકાતે પધાર્યાં અને સમગ્ર દિવસ દરમિયાન સંસ્થાની વિવિધ પ્રવૃતિમાં ભાગીદારી કરીને ધન્યતા વ્યક્ત કરી.

● તા.૨૮ના રોજ ગૌશાળાની ખૂબ જ સારી ગાય 'અસ્મિતા' ગૌલોક સીધવતા સમગ્ર સંસ્થાએ દુઃખની લાગણી અનુભવી.

**મણાર સમાચાર**

● આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તા.૩૧-૧-૨૦૨૨ ના રોજ "મહિલાઓની સુરક્ષા" અંગેના સેમિનારમાં ગુજરાત મેરી ટાઈમ બોર્ડ-અલંગ શીપયાર્ડ ખાતે શ્રી કંચનબેન થડોદા, શ્રી જયાબહેન તથા મહિલા મંડળના શ્રી ભાવુબહેન અને તેમની સાથે ૨૦ મહિલાઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો.

● ધો- ૯થી ૧૨ની બીજી/પ્રિલીમીનરી પરીક્ષા તા.૧૦થી ૧૯ સુધી યોજાઈ ગઈ.

● તા.૧૧ના રોજ શ્રી અરૂણભાઈ દવેના અધ્યક્ષસ્થાને તમામ કાર્યકરોની મીટિંગ યોજાઈ ગઈ.

● આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તા.૨૪ના રોજ "વિજ્ઞાન સપ્તાહ"ની ઉજવણી અંતર્ગત બ્રહ્માંડ અંગેની જાણકારીનો કાર્યક્રમ અને રાત્રે આકાશદર્શન શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબહેન જોગરાણા દ્વારા યોજવામાં આવ્યો.

● આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત "વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે" કાર્યક્રમમાં ધોરણ ૯ અને ૧૦નાં ભાઈઓ અને બહેનો વિજ્ઞાન પ્રદર્શન નિહાળવા માટે માઈધાર મુકામે જઈ આવ્યા. શ્રી ડાંગર ડાહ્યાભાઈ સમાપન કાર્યક્રમમાં જોડાયા.

**માઈધાર સમાચાર**

● તા. ૪ના રોજ ડૉ. પરવેઝભાઈ વ્યસનમુક્તિ કાર્યક્રમ માટે આવી ગયા. તેઓએ વિદ્યાર્થીઓને પીપીટી દ્વારા માર્ગદર્શન આપ્યું અને ચિત્રસ્પર્ધા રાખી.

● તા. ૬ના રોજ લોકકલ્યાણ વિદ્યાલયના ટ્રસ્ટી શ્રી નરેશભાઈ માંગુકિયા સાથે શ્રી જતીનભાઈ સહપરિવાર માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા.

● તા.૧૬ ફેબ્રુઆરીથી ૦૨ માર્ચ દરમિયાન અધ્યાપન મંદિરનાં ૧૧ બહેનો ઇન્ટર્નશીપ માટે તેમના અધ્યાપકો સાથે આવી ગયાં.

● તા.૨૩ના રોજ વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે કાર્યક્રમના ઉદઘાટન માટે ડી.ઈ.ઓ. શ્રી વ્યાસસાહેબ તેમ જ શ્રી પાંડે સાહેબ, શ્રી પાર્થેશભાઈ પંડ્યા, શ્રી હસમુખભાઈ દેવમુરારિ હાજર રહ્યા. આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર આવતી ૫૮ શાળાના શિક્ષકો તાલીમ માટે આવી ગયા. શ્રી પાંડે સાહેબ અને શ્રી વ્યાસ સાહેબે પ્રાસંગિક સંબોધન કર્યું.

● વિજ્ઞાન સપ્તાહ અંતર્ગત માઈધાર કેન્દ્રના આજુબાજુનાં ૭ ગામોમાં અધ્યાપન મંદિરના ૧૧ બહેનો અને ધોરણ ૯ના વિદ્યાર્થીઓની ટુકડી શાળામાં જઈને તેમના દ્વારા વિજ્ઞાનના પ્રયોગો, ગીતો, ગણિત-ગમ્મત, કોયડા, અંધશ્રદ્ધાના પ્રયોગો વગેરે જેવી પ્રવૃત્તિઓ માટે જઈ આવી.

● તા.૨૮ના રોજ વિજ્ઞાન મેળામાં આજુબાજુની ૪૭ શાળાનાં બાળકો અને શિક્ષકોએ ભાગ લીધો, જેમાં બાળકોએ મૉડેલની સમજ આપી, લોકકલ્યાણ વિદ્યાલયના ધોરણ-૯ના વિદ્યાર્થીઓએ અલગ અલગ ૬ શાળામાં રહીને કાર્યશાળામાં પ્રવૃત્તિઓ કરાવી. ધો-૧૧ની ટુકડીઓએ વ્યવસ્થામાં ભાગીદારી કરી. વિજ્ઞાન મેળામાં ૨૮૦૦ બાળકો, ૯૧૪ શિક્ષકો, ૧૯ ગ્રામજનો અને મહેમાનોએ મુલાકાત લીધી હતી. સમાપન કાર્યક્રમમાં શ્રી રાજુભાઈ રાણા, શ્રી નલીનભાઈ પંડિત, શ્રી હિરેનભાઈ ભટ્ટ હાજર રહ્યા. વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે કાર્યક્રમ માઈધાર કેન્દ્રમાં શ્રી અરૂણભાઈ દવે, શ્રી ભાવનાબેન પાઠક, શ્રી પાર્થેશભાઈ પંડ્યા, શ્રી પાતુભાઈ આહીરના માર્ગદર્શન નીચે સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી એભલ ભાલિયા દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમ માટે સંસ્થાના દરેક કાર્યકરોએ અલગ અલગ વિભાગોમાં જવાબદારી સંભાળી હતી.

● તા.૨૫ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબેન જોગરાણાએ વિદ્યાર્થીઓને દિવસે પીપીટી દ્વારા બ્રહ્માંડનાં રહસ્યો વિષે પીપીટી દ્વારા માહિતી આપવામાં આવી અને રાત્રે નરી આંખે આકાશ દર્શન કરાવવામાં આવ્યું.

● તા. ૨૫ના રોજ શ્રી પાર્થેશભાઈ પંડ્યાએ વિદ્યાર્થીઓને યુક્રેન દેશની હાલની સમસ્યા વિષે વાતો કરી આપણા દેશ પર થનારી અસર વિષે પણ સમજણ આપી.

## વિજ્ઞાન પ્રચાર-પ્રસાર સપ્તાહની પ્રવૃત્તિઓ



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર : ખેડૂતો સાથે ગોષ્ઠી



લોક વિજ્ઞાન કેન્દ્ર : ખોજયાત્રામાં વિદ્યાર્થીઓ

## વિજ્ઞાન પ્રચાર-પ્રસાર સપ્તાહ : સમાપન સમારોહ



કેન્દ્રીયમંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયા તથા
ઇફકોના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણી



પૂર્વસાંસદશ્રી રાજેન્દ્રસિંહજી રાણા તથા
શિક્ષણવિદ્ શ્રી નલિનભાઈ પંડિત



પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝના સી.એસ.આર. વિભાગના વડા
શ્રી પંકજભાઈ કે. શુક્લ દ્વારા કેન્દ્રીયમંત્રીશ્રીનું અભિવાદન



આ ઉજવણી નિમિત્તે વિજ્ઞાનનગરી ભાવનગર ખાતે
એસ્ટ્રોનોમી કલબની સ્થાપના કરવામાં આવી




TO.

**From :**


**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. १५०/- प्रति अंक रु. १५/-